૪૩૮

# આદિવાસી મહિલા શિક્ષણ પર સ્થળાંતરની અસર

ડૉ. નિરંજના પટેલ

સંપાદન

ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાય

**આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,**

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

૨૦૦૭-૨૦૦૮

૪૩૮

# અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિગત | પાના નં. |
|---|---|---|
| | આભાર દર્શન | |
| ૧ | પૂર્વભૂમિકા - આવશ્યકતા | ૧ |
| ૨ | ગુજરાતમાં આદિવાસી વસતિ અને શિક્ષણ | ૧૧ |
| ૩ | સ્થળાંતરિત આદિવાસી શ્રમિકો : આર્થિક જીવન | ૨૬ |
| ૪ | સ્થળાંતરિત મહિલાઓનું આર્થિક સહભાગીપણું અને શિક્ષણ : યથાસ્થિતિ | ૪૬ |
| ૫ | સ્થળાંતરિત આદિવાસી મહિલાઓ : શિક્ષણનાં પ્રશ્નો, નિષ્કર્ષ અને સૂઝાવો | ૮૧ |
| | સંદર્ભસૂચિ | ૯૮ |

# આભાર દર્શન

૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતની કુલ વસતિ ૫.૦૬ કરોડ છે. જેમાં અનુસૂચિત જનજાતિની વસતિ ૧૪.૮૧ લાખ (૧૪.૭૬ ટકા) છે. ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે અનુસૂચિત જનજાતિમાં સાક્ષરતાનો દર ૪૭.૭ ટકા છે. જેમાં પુરુષોમાં સાક્ષરતા દર ૫૯.૦૨ ટકા અને મહિલાઓમાં ૩૬.૦૦ ટકા છે. સ્ત્રીઓ અને પુરુષોના સાક્ષરતા દરમાં ૨૩.૨ ટકાનો ગાળો જોવા મળે છે.

પ્રસ્તુત અભ્યાસ 'આદિવાસી મહિલા શિક્ષણ પર સ્થળાંતરની અસર' આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રની સલાહકાર સમિતિએ સૂચવેલ આદિવાસીઓને વતનમાં ખેતીમાંથી બે ટંક રોટલો ખાઈ શકે તેટલું અનાજ પાકતું નથી. તેમજ પૂરતી રોજગારી મળતી નથી, જેને કારણે કુટુંબનાં જીવનનિર્વાહ માટે વતન છોડી સ્થળાંતર કરી શહેર તરફ મજૂરી કરવા નિકળવું પડે છે. સ્થળાંતર થતાં કુટુંબો તેમની સાથે શાળામાં અભ્યાસ કરતાં તેમનાં બાળકોને પણ સાથે લઈ જાય છે. જેથી બાળકો શાળામાં અનિયમિત થાય છે. પરિણામે એવા કુટુંબનાં બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે. તેમાં પણ ખાસ કરીને તેમની દીકરીઓનાં શિક્ષણનો પ્રશ્ન વધુ ચિંતાનજક છે. આદિવાસી મહિલાઓમાં શિક્ષણ ઓછું હોવાના ઘણાં કારણો છે. જેમાં ખાસ કરીને તેઓમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિનો અભાવ, નબળી આર્થિક સ્થિતિ, રોજીરોટી માટે સ્થળાંતર, તેમજ તેમનામાં કન્યાને દસ કે બાર વર્ષની થયા પછી ઘરકામ તેમજ તેમનાં નાના બાળકોની સંભાળ માટે રોકે છે. આ ઉપરાંત ગામથી શાળાનું અંતર દૂર હોવાને શાળામાં મોકલતા નથી. તેમજ કન્યાઓને વધારે શિક્ષણ આપવામાં રસ દાખવતા નથી. માળખાગત શિક્ષણ પ્રણાલી પ્રત્યે દુર્લક્ષ સેવે છે. આવા વિવિધ કારણોને લઈને આદિવાસી કુટુંબોની મહિલાઓ શિક્ષણથી વંચિત રહી ગઈ છે. સ્થળાંતર દરમ્યાન તેમને આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સંબંધિત કેવા પ્રશ્નોનો સામનો કરવો પડે છે. સ્થળાંતરને કારણે મહિલા શિક્ષણ પર પડતી માઠી અસરને રોકવા માટે શું કરવું જોઈએ. તે અંગે તપાસ કરવાનું સલાહકાર સમિતિએ સૂચન કર્યું. અભ્યાસનાં સમગ્ર સમયગાળામાં કેન્દ્રનાં નિયામકશ્રી ડૉ. ચંન્દ્રકાન્ત ઉપાધ્યાયે શરૂઆતથી અંત સુધી યોગ્ય માર્ગદર્શન આપી વિષય વસ્તુ અંગેની ઊંડી સમજ આપી તે બદલ હું તેમની આભારી છું.

ક્ષેત્રકાર્યમાં આવરેલ ઉત્તરદાતાઓ તરીકે સ્થળાંતરિત આદિવાસીઓનો તેમજ તેમની સાથે મુલાકાત માટે સમય ફાળવી આપનાર કોન્ટ્રાકટરો પ્રત્યે પણ આભાર વ્યક્ત કરું છું. અહેવાલ લેખન દરમ્યાન પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે મદદરૂપ બનનાર કેન્દ્રમાં અધિકારી શ્રી અરુણભાઈ પટેલ તેમજ સંલગ્ન અધિકારીશ્રીઓનો આભાર માનું છું.

ડૉ. નિરંજના એન. પટેલ

# પ્રકરણ-૧
# પૂર્વભૂમિકા - આવશ્યકતા

**પ્રસ્તાવના :**

કુદરતે વિવિધ પ્રદેશોને એક સરખા પ્રમાણમાં કુદરતી સંપત્તિ આપી નથી. આ સંપત્તિની પ્રાપ્યતાનાં પ્રમાણમાં તફાવત હોવાથી પ્રદેશો પ્રદેશો વચ્ચેની ગીચતામાં પણ ભારે તફાવત જોવા મળે છે. આર્થિક વિકાસનાં પગલે શહેરીકરણની પ્રક્રિયા વેગવાન બને છે. નાના નગરોનું શહેરમાં પરિવર્તન થાય છે. આર્થિક વિકાસનાં પરિણામે ઔદ્યોગિક વિકાસમાં પણ સતત વધારો થતો રહ્યો છે. સાથે સાથે બેકિંગ વિકાસ પણ થતો રહ્યો છે. આથી એનો લાભ લેવા માટે ગામડાંઓમાંથી શહેરો તરફ સ્થળાંતર થાય છે. આને કારણે અનેક પ્રશ્નો ઉભા થાય છે.

આદિવાસી વિસ્તાર કંઈક અંશે દુર્ગમ અને જંગલોથી આચ્છાદિત છે. તેમનાં પ્રશ્નો બૃહદ સમાજનાં પ્રશ્નો કરતાં કંઈક જુદા છે. જેના માટે ઐતિહાસિક અને સાંસ્કૃતિક પરિબળો જવાબદાર છે. આદિવાસી વિસ્તારમાં જમીન, પાણી અને જંગલ એવા ત્રણ પ્રાકૃતિક સંસાધનો છે.

જમીનને લગતાં કામોમાં ચોમાસાનાં થોડા દિવસો કામ હોય અને ત્યાર પછી યુવાવર્ગના પુરુષ અને સ્ત્રીઓ તેમનાં નાના બાળકોને લઈ રોજગારીની તલાશમાં અન્ય ગામોમાં અને શહેરોમાં પહોંચી જાય છે. રોજગાર માટે બે પ્રકારનાં સ્થળાંતર જાણીતાં છે. એક રોજગાર વગર, આવક વગર બેસી રહેલા લોકોનું સ્થળાંતર, જે કામ મળે, જયાં કામ મળે ત્યાં કરવામાં આવતું સ્થળાંતર, બીજુ પોતે જે આર્થિક ઉત્પાદન અને કમાણી કરી રહ્યા છે. તેનાં કરતાં બીજે સારી તક મળે છે તે માટેનું સ્થળાંતર.

**શ્રમ સ્થળાંતરનાં મુખ્યત્વે બે કારણો જોવા મળે છે :**

(૧) Push Migration રોજગાર વગર, આવક વગર બેસી રહેલા લોકો દ્વારા જે કામ માટે જયાં કામ મળે ત્યાં કરવામાં આવતું સ્થળાંતર. આ સ્થળાંતર વિવશતાનાં સંજોગોમાં થાય છે. આજીવિકા માટેનો કોઈ વિકલ્પ જ ન હોય ત્યારે કુટુંબનાં ભરણ-પોષણ માટે ફરજિયાત સ્થળાંતર કરવું પડે છે. આ પ્રકારનાં સ્થળાંતરને Push Migration કહે છે.

(૨) Pull Migration પોતે જે વતનમાં આર્થિક ઉત્પાદન અને કમાણી કરી રહ્યા છે તેના કરતાં બીજે સારી તક મળે તે માટે થતું સ્થળાંતર. આ પ્રકારનું સ્થળાંતર તેમનાં જીવનધોરણમાં સુધારા માટે કરવામાં આવે છે. વધુ સારી વિકાસની તક મેળવવા માટે આવું સ્થળાંતર થતું હોય છે. અંગ્રેજીમાં તેને Pull Migration કહે છે.

પ્રસ્તુત અભ્યાસનાં વિસ્તારોમાં મહદ્અંશે ''પુશ'' પરિબળ જવાબદાર છે.

સ્થળાંતર એટલે કોઈ એક ભૌગોલિક અથવા રાષ્ટ્રીય ક્ષેત્રમાંથી બીજા રાષ્ટ્રીય ક્ષેત્રમાં હંગામી અથવા સ્થાયી ગમનની પ્રક્રિયા સ્થળાંતર સાથે સંકળાયેલ છે.

મોટાભાગનાં આદિવાસીઓ સીમાંત અને નાના ખેડૂતો છે. આ લોકો માત્ર ખેતી ઉપર અને જંગલ પેદાશ ઉપર જીવન નિભાવતી પ્રજા હોઈ વ્યક્તિદીઠ આવકનું સ્તર ખૂબ જ નીચું છે. તેઓની પાસે આવક સ્રોતો માટે બીજા કોઈ જ સાધનો ઉપલબ્ધ નથી. તેથી તેઓ મોટેભાગે ખેતમજૂરો તરીકે, બાંધકામનાં કામો, કડિયાકામો, રોડ / રસ્તાઓ બનાવવાની કામગીરી ઉપર જ જીવનનિર્વાહ કરતા જોવા મળે છે. જેથી તેમને જમીનદારો, જાગીરદારો તેમજ ઉંચી ઉંચી ઈમારતો તૈયાર કરતા અને વિશાળ રાજમાર્ગો બનાવતા ઠેકેદારોનાં નેજા હેઠળ મજબૂરીથી કામ કરવું પડતુ હોય છે. જેમાં તેઓનું મોટેભાગે શોષણ થતુ હોય છે. તેમજ ગરીબી રેખાથી નીચુ જીવન ધોરણ હોવાથી આ લોકો પોતાની ખેતીનો, પશુપાલનનો કે અન્ય વ્યવસાયનો વિકાસ કરી શકતા નથી. આ સાથે શહેરી જીવનથી આ લોકો બીલકુલ ટેવાયેલા નથી.

**સ્થળાંતરનો અર્થ :**

સ્થળાંતર એ વર્ષોથી ચાલી આવતી પ્રક્રિયા છે. સ્થળાંતર શબ્દને સાદી અને સરળ ભાષામાં રજૂ કરવો હોય તો એવું કહી શકાય કે જે ‘‘એક સ્થળેથી બીજે સ્થળે જવું’’ તથા પોતાનો વસવાટ ત્યાં શરૂ કરવો. યુધ્ધ કે રાજકીય અસ્થિરતાની પરિસ્થિતિમાં મોટી સંખ્યામાં કરવી પડતી હિજરત એ પણ એક સ્થળાંતરની પ્રક્રિયા છે. સ્થળાંતરનો અર્થ એ પણ થાય કે ‘‘એક જગ્યા છોડી બીજી જગ્યાએ જઈ જીવનધોરણ ગુજારવું. બીજા શબ્દોમાં કહીએ તો માનવી પોતાની આર્થિક, સામાજિક સ્થિતિ નબળી હોવાને કારણે તેમજ રોજગારી અર્થે મૂળવતનમાંથી નીકળીને અથવા છોડીને બીજે સ્થળે જઈ મજૂરી કરી રોજગારી મેળવે અને પોતાનું જીવન નિભાવે તેને પણ સ્થળાંતર કહે છે. શ્રી આઈ.પી. દેસાઈનાં મત મુજબ સ્થળાંતર એટલે માનવી રોજગારી પ્રાપ્ત કરવા માટે ગામડાંમાંથી સ્થળાંતર કરે છે. જેમાં કોઈ પણ વ્યક્તિ પછી તે આદિવાસી હોય તે પણ પોતાનું મૂળવતન છોડી દઈ કોઈ નવા સ્થળે રોજગારી અર્થે જાય તે પ્રક્રિયાને શ્રમ સ્થળાંતર કહે છે.

શ્રમ સ્થળાંતર એ ઔદ્યોગિકરણ પછીની ઘટના છે. આ ઘટનામાં બે તરાહ પડે છે. પહેલી તરાહમાં..

(૧) મજૂરોની મોટી સંખ્યા વર્ષનાં ચોક્કસ સમય માટે સ્થળાંતર કરે છે. પછીથી મૂળવતન પાછા ફરે છે. પ્રતિવર્ષ આ ઘટના બને છે.

(૨) સ્થળાંતરિત મજૂરો માદરેવતન પાછા જતાં નથી, પરંતુ રોજગારીના સ્થળે જ સ્થાયી થાય છે. સ્થળાંતર પાછળ અનેક કારણો જવાબદાર છે. કુદરતી પ્રકોપને લીધે ભૂકંપ, રાજકીય, ધાર્મિક અને આર્થિક કારણોસર સ્થળાંતર કરવુ પડતુ હોય છે.

આજે મુખ્યત્વે આર્થિક કારણોસર સ્થળાંતર કરવું પડતુ હોય છે. મોટાભાગનાં આદિવાસીઓ સ્થળાંતર

કરતાં જોવા મળે છે. કારણ કે ગામડાંમાં ખેતીક્ષેત્રમાં અને અન્ય ધંધાઓમાં રોજગારીની તકોનાં અભાવે લોકો કામની શોધમાં પોતાનું મૂળવતન છોડી શહેરો તરફ જતાં હોય છે.

ગુજરાતમાં આદિવાસી વસ્તીનો મોટાભાગનો વર્ગ ખેતી અને ખેતમજૂરીમાં જોડાયેલો છે. આ ખેતી કરનાર વર્ગ પોતાનો વર્ષભરનો રોટલો તેમાંથી મેળવી શકતોનથી. તેનું કારણ તેમની પાસે પૂરતા પ્રમાણમાં જમીન નથી અને જે જમીન છે તે પણ ખડકાળ, ઢોળાવવાળી, કોતરોવાળી, જંગલથી ઘેરાયેલી અને અપૂરતા કસવાળી છે. તેથી તેઓ ખેતમજૂરી અને પશુપાલન કરી અત્યંત સરળ રીતે જીવનનિર્વાહ કરે છે. આ સમાજમાં ગરીબીનું પ્રમાણ વધુ છે. તેઓને કેટલીક વખત તો દિવસોનાં દિવસ સુધી બે ટંકનું ભોજન મળવું પણ અશક્ય છે. આવી પરિસ્થિતિમાં માત્ર ખેતી ઉપર નભવું મુશ્કેલ હોઈ તેમનાં મૂળવતનમાંથી સ્થળાંતર કરીને બીજા ગ્રામીણ વિસ્તાર કે શહેરી વિસ્તારો તરફ રોજગારીની વધુ સારી તકો હોઈ સ્થળાંતર કરે છે. તેઓ વિકસીત પ્રદેશોમાં કૃષિમાં ડાંગર, તમાકુ, શેરડી અને કપાસની ખેતીનાં કાર્યોમાં ઈંટની ભઠ્ઠીઓ તમાકુની ખળીઓ, રસ્તા અને મકાન બાંધકામાં રોજગારી મેળવતા હોય છે.

**સ્થળાંતરિક શ્રમિકોનાં પ્રકાર :**

કૃષિ અને બિનકૃષિ એમ બંને ક્ષેત્રોમાં સ્થળાંતરિત શ્રમિકોની મોટી સંખ્યા જોવા મળે છે. દક્ષિણ ગુજરાતમાં ખાંડ ઉદ્યોગમાં શેરડી કાપણી કામ કાપનારાઓ સૌથી વધુ સંખ્યામાં જોવા મળે છે. ડાંગ જિલ્લામાં કાપનીના કામમાં પણ આદિવાસી જોવા મળે છે. દાહોદ જિલ્લાના મોટાભાગનાં કુટુંબો મજૂરી કાર્ય માટે સ્થળાંતર કરે છે.

સ્થળાંતરનાં મુખ્યત્વે પાંચ કારણો જોવા મળે છે. રોજગારી, શિક્ષણ, કુટુંબ-સ્થળાંતર, લગ્ન અને અન્ય કેટલાંક એવા કારણોસર સ્થળાંતર થતું હોય છે. પ્રસ્તુત અભ્યાસમાં મુખ્યત્વે રોજગારી અર્થે સ્થળાંતર થતું હોય તેમ જોવા મળે છે. એટલે કે આર્થિક કારણસર થતાં સ્થળાંતરનું પ્રમાણ મોટું જણાય છે. જેમાં મોટે ભાગે ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તાર તરફનું સ્થળાંતર વધુ જોવા મળે છે. અભ્યાસમાં રોજગારીની શોધ એ સ્થળાંતર માટેનું મુખ્ય કારણ હોય તેમ જોવા મળે છે.

ગુજરાતમાં સ્થળાંતરિક શ્રમિકોનું કૃષિ અને બિનકૃષિ અને ઉત્પાદનનાં બંને ક્ષેત્રોમાં અસ્તિત્વ જોવા મળે છે. બિનકૃષિ ક્ષેત્રમાં પણ ખાનગી અને જાહેર એવા બે વિભાગો પડે છે. ગુજરાત ખાતે કૃષિક્ષેત્રમાં શેરડી, તમાકુ, ડાંગર વગેરે રોકડીયા પાકોનાં ઉત્પાદનમાં સ્થળાંતરિત શ્રમિકો મોટી સંખયામાં રોકાયેલા જોવા મળે છે. બિનકૃષિક્ષેત્રમાં ખાનગી માલિકીનાં તમાકુની ખળીમાં, મત્સ્ય પ્રક્રિયામાં ઈંટોનાં ભઠ્ઠા, મીઠાનાં અગરો અને ખનિજ ઉદ્યોગની ખાણોમાં તેમજ નર્મદા બંધ યોજનાના બાંધકામોમાં આદિવાસી પુરુષ અને સ્ત્રી શ્રમિકો કામ કરતાં જોવા મળે છે. અપવાદરૂપે વેરાવળમાં મત્સ્ય તેમજ ખેડા જિલ્લામાં તમાકુની ખળીનાં કામોમાં સ્ત્રીઓ આગળ પડતી હોય તેવું જોવા મળે છે.

**સ્થળાંતરનો પ્રવાહ :**

સ્થળાંતર શબ્દ સ્થાનાંતર સાથે સબંધિત છે. સ્થળાંતર એટલે એક સ્થાનેથી બીજા સ્થાને જવું તે. સમાજશાસ્ત્રીઓ અને અર્થશાસ્ત્રીઓની પરિભાષામાં સ્થળાંતર એટલે માનવીનું અવિકસિત પ્રદેશમાંથી વિકસિત પ્રદેશમાં કમાણીનાં હેતુ માટે જવું. સામાન્ય રીતે ગ્રામીણ વિસ્તારમાં પૂરતાં પ્રમાણમાં જીવન ઉપયોગી ચીજવસ્તુઓ મળી રહેતી નથી. તેમજ પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ હોતી નથી. જે શહેરમાં સર્વત્ર ઉપલબ્ધ હોય છે. ગ્રામીણ વિસ્તારમાં ખેડૂતો, ખેતમજૂરો અને મજૂરો ઘરમાં અને બહાર કાર્યરત હોય છે. તેમાં ઘરનાં કામ કરી શકે તેવા બાળકો પણ જોડાય છે. પહેલાંની જેમ આજે પણ આદિવાસી વિસ્તારોમાં માતા-પિતા અને તેમનાં બાળકો પણ વ્યવસાયિક પ્રવૃત્તિ કરે છે.

સામાન્ય રીતે ગ્રામીણ વિસ્તારો તરફથી, આદિવાસી વિસ્તારો તરફથી શહેરી વિસ્તાર તરફનો સ્થળાંતર પ્રવાહ રહે છે. આ લોકો મોટે ભાગે રસ્તાકામ, બાંધકામ, મજૂરીકામ કરે છે. પોતાના વતનમાં રોજગારી માટે પૂરતી તકો નથી હોતી જેને કારણે તેઓ આર્થિક તંગી અનુભવે છે. એટલે લોકો ગામડામાંથી શહેર તરફ ધકેલાય છે. શહેરમાં રોજગારી મળવાની તક વધુ પ્રમાણમાં હોય છે. એટલે ગ્રામીણ તેમજ આદિવાસી વિસ્તારનાં લોકો સ્થળાંતર કરે છે.

દેશનાં અન્ય આદિવાસીઓની જેમ ગુજરાતના આદિવાસીઓ પણ સ્વભાવે તદ્દન સાદુ જીવન જીવનારા, સખત મહેનત કરનારા તેમજ જૂજ જરૂરિયાતોથી સંતુષ્ટપણે રહેનારા લોકો છે. આદિવાસીઓની મોટાભાગની વસ્તી રાજયની પૂર્વપટ્ટીમાં આવેલા જંગલો અને ડુંગરાળ પ્રદેશમાં વસવાટ કરે છે. જંગલમાં લાકડાં કાપવાની મજૂરી કરે છે. તો કેટલાક લોકો કિંમતી પત્થરો તોડીને બહાર કાઢવાનું કામ કરે છે. તો કેટલાંક લોકો વિવિધ પ્રકારનાં ખનિજ ખોદવાનું કામ કરે છે.

ગુજરાતનાં આદિવાસીઓ મુખ્યત્વે ખેતી કામમાં રોકાયેલા છે. એટલે તેમની અર્થવ્યવસ્થા ખેતી આધારિત છે, પરંતુ કેટલાંક વિસ્તારોમાં ઘણા ખેડૂતો માટે ખેતી બિનઉપજાઉ છે. તેમાંથી વર્ષ દરમ્યાન ખાઈ શકાય એટલું અનાજ પણ ઉત્પન્ન કરી શકાતું નથી. આ માટે ઘણા કારણો જવાબદાર છે. ખાસ કરીને આ વિસ્તારમાં આવેલી જમીન ડુંગરાળ હોવાથી જંગલો માટે ઉપયોગી છે. પરંતુ ખેતી માટે અન્ય વિસ્તારની જમીનની સરખામણીમાં ઉતરતી કક્ષાની હોય છે. તેમજ આ વિસ્તારમાં સિંચાઈ વ્યવસ્થા અપૂરતી કે નહિવત છે. કેટલાંક આદિવાસી ખેડૂતો કૂવા દ્વારા સિંચાઈ કરે છે, પરંતુ આ કુવાઓ ઉનાળામાં સૂકાઈ જાય છે અથવા પાણીનું તળ નીચે ઉતરી જાય છે. તેઓની ખેતી પધ્ધતિ જૂની તથા અપૂરતા ખાતરને પરિણામે આ વિસ્તારમાં વસતા આદિવાસીઓનું ખેતઉત્પાદન અન્ય સમુદાયોનીસરખામણીમાં ઘણું જ ઓછું હોય છે. આવી પરિસ્થિતિમાં આદિવાસીને માત્ર ખેતી ઉપર નભવું મુશ્કેલ હોવાથી તેમને ગૌણ વ્યવસાયો અપનાવવા પડે છે. તેઓ ગૌણ વ્યવસાયોમાં જંગલ અને ખેતમજૂરી ઉપરાંત છૂટકમજૂરી, સુથારીકામ, લુહારીકામ, માટીકામ, દોરડા-દોરડી બનાવવી વગેરે અનેક પ્રવૃત્તિઓ કરે છે. પરંતુ આવા ગૌણ વ્યવસાય કરવા છતાં પણ તેમનાં કુટુંબનું ભરણપોષણ થઈ શકતું નથી. આથી તેઓ તેમનાં વિસ્તારમાંથી સ્થળાંતર કરીને મજૂરી અને વ્યવસાયમાં જોડાય છે. ખાસ કરીને છૂટક મજૂરી, ખેતમજૂરી, કારખાના તેમજ મકાન બાંધકામ, રોડકામ વગેરેમાં મજૂરી કરવા જાય છે.

**સ્થળાંતરનો સમયગાળો :**

(૧) **કામચલાઉ સ્થળાંતર :** જ્યારે પોતાનાં વતનમાં કશું કામ નથી અને રોકડ રકમની જરૂરિયાત ઊભી થાય છે ત્યારે એકાદ મહિના માટે શહેરમાં આવે છે. જરૂરિયાત મુજબ રકમ મળતા વતન પાછા ફરે છે. આ પ્રકારનું સ્થળાંતર કરનારાઓ દેવગઢબારિયા, ફતેપુરા, સંતરામપુર વિસ્તારનાં આદિવાસીઓ વધુ જોવા મળે છે. આ કામદારો એકલા આવે છે. તેઓ લગભગ સેન્ટીંગ સળીયાનું કામ કરે છે.

(૨) **ૠતુગત સ્થળાંતર :** સામાન્ય રીતે વર્ષમાં બે વખત સ્થળાંતર કરે છે. હોળી પછી એટલે કે એપ્રિલથી આવવાનું શરૂ કરે છે અને જૂનનાં મધ્યભાગ સુધી રહે છે. ત્યારબાદ ચોમાસુ બેસતા વતન પાછા ફરે છે. ચોમાસામાં ખેતીનું કામ કરી જુલાઈ-ઓગષ્ટમાં ફરી શહેરમાં આવે છે અને દિવાળી સુધી રોકાય છે. આમ વર્ષમાં છ થી સાત મહિના સ્થળાંતર કરે છે.

(૩) **કાયમી ધોરણે સ્થળાંતર :** આ પ્રકારનાં સ્થળાંતરમાં શ્રમિકો કાયમી રીતે કોઈ એક જગ્યાએ સ્થાઈ થઈ જાય છે. વર્ષમાં દિવાળી, હોળી જેવા તહેવારોમાં, લગ્ન પ્રસંગે અને ચોમાસામાં ખેતીના કામ પૂરતા જ વતનમાં જાય છે.

સૌથી વધુ નીચે દર્શાવેલ ૧૦ જિલ્લાઓમાં અને ત્રણ મ્યુનિસિપલ કોર્પોરેશન સિઝનલ (ૠતુગત) સ્થળાંતર જોઈ શકાય છે.

| ક્રમ | જિલ્લા અને કોર્પોરેશન | કુલ સ્થળાંતરિતો | વ્યક્તિગત સ્થળાંતર | કુટુંબ સાથે કરેલ સ્થળાંતર |
|---|---|---|---|---|
| ૧. | વડોદરા | ૧૩,૨૨૨ | ૧૧,૩૫૨ | ૧,૮૭૦ |
| ૨. | આણંદ | ૧૨,૪૩૫ | ૮,૪૭૮ | ૩,૯૫૭ |
| ૩. | ભરૂચ | ૧૧,૪૬૧ | ૯,૩૫૧ | ૨,૧૧૦ |
| ૪. | સુરત | ૯,૨૩૬ | ૨,૫૩૧ | ૬,૭૦૫ |
| ૫. | નવસારી | ૯,૧૭૬ | ૪,૧૪૨ | ૫,૦૩૨ |
| ૬. | નર્મદા | ૯,૦૨૭ | ૮,૬૨૪ | ૪૦૧ |
| ૭. | વલસાડ | ૭,૬૮૬ | ૪,૬૬૮ | ૩,૦૧૯ |
| ૮. | ખેડા | ૫,૦૬૧ | ૧,૭૬૮ | ૩,૨૯૩ |
| ૯. | દાહોદ | ૪,૫૫૫ | ૨,૦૫૧ | ૨,૫૦૪ |
| ૧૦. | સાબરકાંઠા | ૪,૫૩૮ | ૨,૩૯૭ | ૨,૧૪૧ |
| ૧૧. | વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન | ૭,૬૧૬ | ૭,૫૬૮ | ૪૮ |
| ૧૨. | અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન | ૩,૭૬૩ | ૩૫૧ | ૩,૫૧૨ |
| ૧૩. | સુરત મ્યુનિ. કોર્પોરેશન | ૨,૨૧૧ | - | ૨,૨૧૧ |

**સ્રોત :** રાજીવ શાહ, ધી ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ૩૦-૪-૨૦૦૮, અમદાવાદ

ભૂતકાળમાં આદિવાસીઓ પણ પરંપરાગત મૂલ્યો પ્રમાણે જીવતા હતા. તેની સાથે સ્ત્રીઓની પણ કેટલીક જરૂરિયાતો સંકળાયેલી જોવા મળે છે. સ્ત્રીઓ બળતણ, પાણી, ખોરાક વગેરે માટે બહાર નીકળતી સામાન્ય રીતે આદિવાસી સમાજ આર્થિક અને સામાજિક રીતે સતત ભીંસમાં રહેતો હોય છે. પછાત વિસ્તારમાં લોકોને પોતાના ગામમાં કે બાજુનાં ગામમાં પૂરતી મજૂરી મળી શકતી નથી.જેથી ખાસ કરીને મોટે ભાગે યુવા વર્ગના પુરુષ અને સ્ત્રીઓ બિનઆદિવાસી વિસ્તારોમાં તેમનાં નાના બાળકોને લઈ રોજગારી માટે અન્ય ગામો તેમજ શહેરમાં પહોંચી જાય છે. આ વિસ્તારોમાં ખેતમજૂરી, બાંધકામ મજૂરી, અન્ય મજૂરી કે કારખાનાઓમાં મજૂરી કરવા ચાલ્યા જાય છે.

વરસોવરસ મજૂરી માટે સ્થળાંતરિત આદિવાસીઓનું પ્રમાણ વધતુ જાય છે. સ્થળાંતર એ કદાચ નાનો પ્રશ્ન લાગે, પણ તેની સાથે ગંભીરતાથી નોંધાય એવા અનેક પ્રશ્નો ગૂંથાએલ છે. જેમ કે કુટુંબને વિભાજન, બાળકોનું શિક્ષણ, આરોગ્ય, રહેઠાણ, ખોરાક, પાયાની સુવિધાઓ, વાતાનુકુલન, શારીરિક-માનસિક તેમજ આર્થિક શોષણ, બાળમજૂરી વગેરે પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

**સ્થળાંતરનાં પરિબળો :**

સામાન્ય રીતે સ્થળાંતર માટે કેટલાંક પરિબળો ભાગ ભજવે છે.

(૧) **વસતિનું દબાણ : (વર્ષાતવિષયક સ્થળાંતરનાં પરિબળો :**

- અસ્થાયી લોકો એક જગ્યાએથી બીજી જગ્યોએ જાય છે.
- જીવનનિર્વાહનાં ચોક્કસ સ્થિર, સાધનોની ઊણપ હોય તેવા આદિવાસીઓ સ્થળાંતર કરે છે.
- જમીન પરનું ભારણ વધતાં વધારાની વસ્તી સ્થળાંતર કરવા પ્રેરાય છે.

(૨) **રોજગારીની તકો : લાભકારક વ્યવસાયો :**

- સ્થાનિક રોજગારી કરતાં વધુ સારી રોજગારીની તકો પ્રાપ્ત થતાં અથવા અછત કે દુષ્કાળની પરિસ્થિતિમાં સ્થાનિક બેકારી ઓછી કરવા અન્યત્ર રોજી-રોટી માટે સ્થળાંતર કરતા હોય છે.

(૩) **કુદરતી અને ભૌતિક સંજોગો :**

- દુષ્કાળ કે અનાવૃષ્ટિ, અછતની પરિસ્થિતિ માણસ કે ઢોરનો રોગચાળો, ધરતીકંપ કે કુદરતી કોપ કે આફતો જેવા પ્રસંગો ઊભા થતાં સ્થળાંતર કરવાની ફરજ પડે છે.

(૪) **ધાર્મિક પરિબળો :**

- ધાર્મિક માન્યતાની જાળવણી કે નવી માન્યતાનો આગ્રહ, માનસિક હાની પહોંચવી, અંધશ્રધ્ધા અને વહેમ જેવી કેટલીક બાબતોને કારણે પણ વ્યક્તિઓને સ્થળાંતર તરફ દોરે છે.

(૫) **સામાજિક, સાંસ્કૃતિક તેમજ મનોવૈજ્ઞાનિક પરિબળો :**

- સામાજિક સ્થળાંતરો અગાઉ સ્થળાંતર કરી ગયેલાં જેવા વર્ષોથી શહેરમાં સ્થાયી થયા હોય તેવા સગાં-સંબંધીઓ તેમની સાથે વસવા બોલાવે તથા પોતાના અંગત સગાં, મિત્રો તેમજ સ્નેહીસંબંધીઓ

સ્થળાંતર કરી ગયા પછી એકલતા અને સંતાપની લાગણી અનુભવવાથી ગ્રામ્ય વિસ્તારમાંથી નજીકનાં સંબંધીઓને ખેંચતા હોય છે.

(૬) **રાજકીય પરિબળો :**

- સત્તાપલટો, અન્ય તરફનું આક્રમણ કે જુલમથી બચવા કરતું સ્થળાંતર.

ઉપરોક્ત જણાવેલ પરિબળોમાં આદિવાસીઓનાં સ્થળાંતર માટે કુદરતી અને ભૌતિક પરિબળો વધુ અસરકારક ભાગ ભજવે છે.

**સ્થળાંતર માટે જવાબદાર પરિબળો :**

(૧) મૂળવતનમાં જમીન ઓછી હોવાને કારણે વારસાઈ ભાગલા પડતા, જમીન ખૂબ જ ઓછી ભાગે આવે, તેમજ જમીન બિનપિયત હોઈ, ખેતી માટે વરસાદ પર આધાર રાખવો પડે, ચોમાસાનાં ૩-૪ મહિના ખેતીનું કામ કરી થોડું અનાજ પકવે. બાકીનાં મહિનાઓનાં જીવનનિર્વાહ માટે મજૂરી પર આધાર રાખવો પડે. તે કારણોસર મૂળવતન છોડી બીજા ગામો કે શહેરો તરફ રોજીરોટી અર્થે જાય છે.

(૨) આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે સામાજિક પ્રસંગોમાં ખાસ કરીને લગ્ન વખતે, મૃત્યુ વખતે તેમજ નાના-મોટા અનય પ્રસંગોમાં વેપારી કે શાહુકારો પાસેથી કરજ લે છે. જેનાં વ્યાજ સાથે બહુ મોટી રકમ થઈ જાય છે. આ દેવું ભરપાઈ કરવા માટે.

(૩) ઘર બાંધવા, ખેતી માટે બળદ ખરીદવા કે અન્ય ખેતી ખર્ચ કરવા સહકારી મંડળીનું દેવું કરે છે. જે ભરપાઈ ન થતાં દર વર્ષે વધતું જાય છે. અંતે મજૂરી કરી ભરપાઈ કરવા માટે.

(૪) સ્થાનિક રોજગારી ખૂબ ઓછા દિવસ મળે અને મળે તો પણ શહેરની સરખામણીમાં દૈનિક વેતન ખૂબ ઓછુ મળે. તેમનાં વતનમાં ખેતી સિવાય બીજી કોઈ મજૂરી ઉપલબ્ધ નથી. ઉપરાંત કુટુંબનાં દરેક સભ્યોને કામ મળતું નથી. જેથી કુટુંબનું ભરણ-પોષણ થતુ નથી. જેથી બીજા શહેરોમાં સ્થળાંતર કરવું પડે છે.

(૫) આદિવાસી મજૂર કુટુંબોમાં શિક્ષણ પ્રમાણ ઓછું હોવાને કારણે અન્ય કોઈ રોજગારી કે ધંધો કરી શકતા નથી. જે કારણોસર અન્ય સ્થળે રોજગારી માટે સ્થળાંતર કરવું પડે છે.

(૬) છેલ્લા કેટલાંક વર્ષોથી પંચમહાલ જિલ્લામાંથી આદિવાસીઓ શહેર તરફ મજૂરી માટે આવતા તેમની આર્થિક સ્થિતિમાં થોડો-ઘણો સુધારો જણાતા બીજા પણ આદિવાસીઓ સ્થળાંતર માટે આકર્ષાય છે.

(૭) આદિવાસી યુવાનો કે જેઓ થોડુઘણુ ભણેલા છે. તેઓ રજાઓમાં કે સમય મળે ત્યારે શહેર તરફ જવા આકર્ષાય છે. તેઓ પણ ત્યાં મજૂરી કરી પોતાને મનગમતી ચીજ-વસ્તુઓ કે કપડાં ખરીદવા માટે આવતા હોય છે.

(૮) પોતાના વતનમાં કાયમી કામ અને રોજગારીનાં દર ઓછા મળવાને કારણે સ્થળાંતર કરે છે.

કેટલાક વિસ્તારના આદિવાસી કુટુંબો એમનું ખેતીનું કામ પતાવી, મૂળવતન છોડી બહારનાં શહેરોમાં જયાં બાંધકામો ચાલતા હોય ત્યાં બાંધકામ મજૂરી કરવા ચાલ્યા જાય છે. તેમની સાથે તેમનાં નાના બાળકો પણ (૧૪ વર્ષથી નાની વયનાં બાળકો, બાલિકાઓ પણ પોતાનો અભ્યાસ છોડીને મજૂરી કરવાની ગણતરીમાં) સ્થળાંતર કરે છે અને તેમનો અભ્યાસ અટકી પડે છે. બાળકોનાં સ્થળાંતરને રોકવું મુશ્કેલ જણાતાં તેમનાં શિક્ષણ વિષયક અનેક પ્રશ્નો ઉભા થાય છે. જેવાં કે આદિવાસી બાળકોએ પોતાનાં શિક્ષણનાં ભોગે શા માટે મજૂરી કરવા બહાર જવું પડતું હશે ? આ બાબતે તેમની સમસ્યાઓ જાણી તેમની શૈક્ષણિક પરિસ્થિતિ સુધારવા શું કરવું જોઈએ. તેને ધ્યાનમાં રાખી દિશાસૂઝ આયોજન કરવું પડશે.

પ્રસ્તુત અભ્યાસમાં આદિવાસી મહિલાઓને સ્થળાંતરને કારણે શિક્ષણથી વંચિત રહેવું પડે છે. તેને કેન્દ્રમાં રાખીને આ અભ્યાસ કરવાનો છે. જેમાં ખાસ કરીને તેમનાં બાળકો, બાલિકાઓનો અભ્યાસ બગાડીને સ્થળાંતર થતુ હોય છે. તે વિષયક કેટલીક મહત્વની બાબતોને ધ્યાનમાં રાખી તેમની કેળવણી તરફ લક્ષ અપાય તે હેતુસર આ અભ્યાસ કરવો જરૂરી જણાય છે. આમ આદિવાસી મહિલાઓનાં શિક્ષણને ખ્યાલમાં રાખી તેમનાં સમાજની વિભિન્ન બાબતોને ખ્યાલમાં રાખી આ અભ્યાસ કરવો જરૂરી છે. સ્થળાંતરિત આદિવાસી મહિલાઓની શિક્ષણ સંદર્ભે શું સમસ્યા હોઈ શકે ? અને તેને હલ કરવા માટે શું કરવું જોઈએ ? તે માટે ખાસ ઉદ્દેશો ધ્યાનમાં રાખી આ અભ્યાસ હાથ ધરવાનું વિચાર્યુ છે.

**અભ્યાસના હેતુ :**

(૧) આદિવાસી મહિલાઓનાં સ્થળાંતરનાં કારણો જાણવા.

(૨) સ્થળાંતરિત આદિવાસી મહિલાઓ ગામ છોડી મજૂરી અર્થે શહેરમાં આવે છે ત્યારે તેમની પ્રાથમિક જરૂરિયાતો પોષાય છે ? તે જાણવું.

(૩) સ્થળાંતરિત આદિવાસી કન્યાઓને કેળવણી પ્રાપ્તી માટેનું વાતાવરણ મળી રહે છે કે કેમ ? તે તપાસવું.

(૪) સ્થળાંતરિત આદિવાસીનાં પોતાનાં વિસ્તારમાં સ્થાનિક રીતે શિક્ષણ સવલતોની ઉપલબ્ધતા છે કે કેમ ? તે જોવું.

(૫) સ્થળાંતરિત આદિવાસી મહિલાઓ અધવચ્ચેથી અભ્યાસ છોડી દે છે તેની પાછળનાં મુખ્ય કારણો જણાવા.

(૬) સ્થળાંતર સ્થાને બાળકો માટે શિક્ષણની સવલતો ચકાસવી.

(૭) સ્થળાંતરિત વાલીઓ જયારે મજૂરીએ જાય ત્યારે તેમનાં મોટા બાળકોને અભ્યાસ છોડાવી દેવાના કારણો તપાસવા.

(૮) સ્થળાંતરને કારણે ભવિષ્યમાં આદિવાસી કન્યાઓ શિક્ષણથી વંચિત રહી ન જાય તે જોવું, અને તેના ઉકેલો સૂચવવા.

(૯) વતનમાંથી સ્થળાંતર કરતાં વાલીઓ સાથે જતાં બાળકો માટે ભણાવવાની વ્યવસ્થા થઈ શકે છે કે કેમ ? તે તપાસવું.

(૧૦) સ્થળાંતરિત વાલીઓનાં બાળકોને ગામમાં છાત્રાલયમાં અથવા આશ્રમશાળામાં રહી અભ્યાસની વ્યવસ્થા થઈ શકે તેમ છે ?તે જાણવું.

(૧૧) સ્થળાંતરિત આદિવાસીઓની સમસ્યાઓ, પ્રશ્નો, સ્થળાંતરનાં પ્રકારો, રહેઠાણ વગેરે વિષયક બાબતો તપાસવી.

**અભ્યાસક્ષેત્રની પસંદગી :**

આ અભ્યાસ શહેરી વિસ્તારમાં રોજી-રોટી મેળવવા માટે સ્થળાંતર કરતાં આદિવાસી શ્રમિકોનો હોવાથી શહેરોની પસંદગી કરવાની હોઈ અભ્યાસ માટે જયાંથી સ્થળાંતર થાય છે તેવા વિસ્તારોમાં દાહોદ અને પંચમહાલ વિસ્તારમાંથી જયાં સ્થળાંતરિત થઈને આવે છે. તેવા અમદાવાદ, વડોદરા, તેમજ સુરત શહેરને પસંદ કર્યા છે.

ઉપરોક્ત શહેરોમાં સ્થળાંતર કરી આવતા આદિવાસી કુટુંબોનાં અભ્યાસ માટે જુદા જુદા વિસ્તારમાંથી પસંદગી કરી હતી. અભ્યાસમાં દર્શાવેલ હેતુઓને ધ્યાનમાં રાખી આદિવાસી સ્થળાંતરિત મહિલાઓનાં શિક્ષણને સ્પર્શતી તમામ વિગતો એકત્રીત કરવાનો પ્રયત્ન કર્યો. આમ અમદાવાદ શહેરમાં ૩૫ સ્થળાંતરિત આદિવાસી શ્રમિકો અને વડોદરા શહેરમાં ૩૫ તેમજ સુરત શહેરમાંથી ૩૫ મળી કુલ ૧૦૫ શ્રમિકોની પસંદગી કરી હતી.

**સંશોધન પ્રવિધિ :**

(૧) પ્રસ્તુત અભ્યાસ માટે વિષય સંલગ્નિત હેતુઓને ધ્યાનમાં લઈ અભ્યાસ યોગ્ય રીતે કરી શકાય. તે માટે સ્થળાંતરિત આદિવાસી સમાજનું કેટલુંક સાહિત્ય જોવા માટે ગ્રંથાલયકાર્ય આવશ્યક બન્યું હતું.

(૨) અભ્યાસમાં પસંદ કરેલ સ્થળાંતરિત મજૂરોની પ્રત્યક્ષ કાર્ય દ્વારા મુલાકાત અને અનુસૂચિના ઉપયોગથી તેમની સ્થળાંતર વિષયક માહિતી જેવી કે મૂળવતન અને સ્થળાંતર વિસ્તારની રહેઠાણ પરિસ્થિતિ, આર્થિક જીવન, રોજગારી વિષે તેમજ સ્થળાંતર સમય દરમિયાન તેમનાં બાળકોની શિક્ષણ વ્યવસ્થાને સ્પર્શતી માહિતી એકત્રિત કરી હતી.

(૩) અભ્યાસનાં હેતુઓને ધ્યાનમાં રાખી, જરૂરી પ્રશ્નોને તાર્કિક રીતે ગોઠવી. અનુસૂચિની મદદથી અને સ્થળાંતરિત મજૂરોનાં રોજગારીનાં સ્થળની નિરીક્ષણ દ્વારા માહિતી મેળવી હતી. ઉત્તરદાતાઓની

રૂબરૂ મુલાકાત દ્વારા તેઓનું સ્થળાંતર કરવાનું કારણ તેમજ તે દરમ્યાન તેમનાં બાળકોને શિક્ષણ મેળવવામાં પડતી મુશ્કેલીઓ અંગે વિગતો પ્રાપ્ત કરી હતી.

(૪) અભ્યાસમાં પસંદ કરેલ વિસ્તારની મુલાકાત દ્વારા સ્થળાંતરિત આદિવાસી મહિલાઓ, મહિલા કાર્યકરો, આદિવાસી ક્ષેત્રમાં કામ કરતાં સ્વૈચ્છિક સંસ્થાનાં સંચાલકો તેમજ શિક્ષણ સાથે સંકળાયેલ અધિકારીઓને મળી સ્થળાંતરને કારણે મહિલા શિક્ષણ ઉપર પડતી અસર વિષે ચર્ચા કરી માહિતી મેળવી હતી.

સ્થળાંતરને કારણે આદિવાસીઓને ઘણું સહન કરવું પડે છે. વર્ષનાં છ થી નવ માસ એકલી મજૂરી પર નિર્ભર રહેવું પડે છે. પ્રસ્તુત અભ્યાસમાં સ્થળાંતરિત આદિવાસીઓ (મહિલાઓ)નાં મુખ્યત્વે શિક્ષણ સંદર્ભિત પ્રશ્નોને ધ્યાનમાં રાખી તેમની સમસ્યાનું નિરૂપણ કર્યું છે.

અભ્યાસનાં સ્થળાંતરિતો પૈકીનાં મોટાભાગનાં પાસે બિનફળદ્રુપ જમીન છે. જેમાંથી પુરું વર્ષ નભી શકાય એટલું ખેત-ઉત્પાદન થતુ હોતુ નથી. વધુમાં તેમનાં વિસ્તારમાં વૈકલ્પિક રોજગારીનાં સાધનોનો લગભગ અભાવ જોવા મળે છે.

પ્રસ્તુત અહેવાલ સમયની મર્યાદાને લીધે આ સંશોધન કાર્યમાં મુખ્ય માહિતી સ્રોત માટે સ્થળાંતરિત આદિવાસીઓનું સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં સ્થળાંતરિત શ્રમિકોની કૌટુંબિક તેમજ અર્થવ્યવસ્થા સાથે સંકળાયેલા મહિલાઓનાં શિક્ષણનાં પ્રશ્નોનો સમાવેશ કરી આ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

# પ્રકરણ-૨
# ગુજરાતમાં આદિવાસી વસતિ અને શિક્ષણ

**પ્રસ્તાવના :**

૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાત રાજયની કુલ વસતિ ૫,૦૬,૭૧,૦૧૭ની હતી. જે ૧૯૯૧ની વસતિ ગણતરી કરતાં ૨૨.૬૬ ટકા વધી છે. રાજયમાં આદિવાસી વસતિ ૨૦૦૧ પ્રમાણે ૭૪,૮૧,૧૬૦ની હતી. એટલે કે કુલ વસતિમાં આદિવાસી વસતિનું પ્રમાણ ૧૪.૭૬ ટકા થાય છે. જે ૧૯૯૧ની વસતિની તુલનાએ ૨૦૦૧માં વૃધ્ધિ દરની રીતે થોડી ઘટવા પામી છે. ૨૦૦૩માં રાજયમાં જુદા જુદા ૨૫ જૂથોનો અનુ.જનજાતિ સૂચિમાં સમાવેશ થાય છે.

ગુજરાત માટે આદિવાસી વસતિ અને વિસ્તાર બંને મહત્તા ધરાવે છે. રાજયમાં ૭૪.૮૧ લાખ આદિવાસી વસતિ છે. જે કુલ વસતિનાં ૧૪.૭૬ ટકા છે. દેશ અને રાજયની વસતિની દ્રષ્ટિએ આદિવાસી સમુદાય અગત્યનો છે. ભારતની સરખામણીએ કુલ આદિવાસી વસતિમાં ૮.૮૭ ટકા વસતિ છે. જેઓનો રાજયનાં ૧૨ જિલ્લાઓ અને ૪૩ તાલુકાઓમાં સઘન વસવાટ છે.

ગુજરાતની ૨૦૦૧ મુજબ કુલ વસતિ અને આદિવાસી વસતિની જિલ્લાવાર આંકડાકીય માહિતી નીચે દર્શાવેલ કોઠામાં જણાવેલ છે.

**ગુજરાત રાજયની આદિવાસી વસતિ :**

ગુજરાત રાજયમાં કુલ વસતિમાં ૧૯૭૧ થી ૧૯૮૧ દરમ્યાન ૨૭.૬૭ ટકા, ૧૯૮૧ થી ૧૯૯૧ દરમ્યાન ૨૧.૧૯ ટકા અને ૧૯૯૧ થી ૨૦૦૧માં કુલ વસતિમાં વૃધ્ધિદર ૨૨.૪૮ ટકા રહ્યો છે. એટલે કે ૧૯૮૧ થી ૧૯૯૧ના દાયકા કરતાં ૧૯૯૧ થી ૨૦૦૧માં ૧.૨૯ ટકા જેટલો વધારો થયો હતો. જયારે આદિવાસી વસતિ ૧૯૭૧ થી ૧૯૮૧ના સમયગાળામાં ૨૯.૮૩ ટકા જેટલી વધી હતી અને ૧૯૮૧ થી ૧૯૯૧ના દાયકામાં આ વૃધ્ધિદર ૨૭.૦૮ ટકા રહ્યો હતો. જયારે ૧૯૯૧ થી ૨૦૦૧ના સમયગાળામાં આ વૃધ્ધિ દર ૨૧.૪૧ ટકાનો હતો.

# કોઠા નં.૨.૧

## જિલ્લાવાર કુલ વસતિ / કુલ આદિવાસી વસતિ

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ વસતિ | કુલ આદિવાસી વસતિ | | | ટકા (કુલ વસતિના) |
|---|---|---|---|---|---|---|
| | | | કુલ | પુરુષ | સ્ત્રી | |
| | ગુજરાત | ૫૦૬૭૧૦૧૭ | ૭૪૮૧૧૬૦ (૧૦૦.૦) | ૩૭૯૦૧૧૭ (૫૦.૬૬) | ૩૬૯૧૦૪૩ (૪૯.૩૪) | ૧૪.૭૬ |
| ૧. | ડાંગ/આહવા | ૧૮૬૭૨૯ | ૧૭૫૦૭૯ | ૮૭૭૬૩ | ૭૭૩૧૬ | ૯૩.૭૬ |
| ૨. | વલસાડ | ૧૪૧૦૫૫૩ | ૭૭૨૪૦૫ | ૩૮૬૩૯૫ | ૩૮૬૦૧૦ | ૫૪.૭૬ |
| ૩. | નવસારી | ૧૨૨૯૪૬૩ | ૫૯૧૧૬૪ | ૨૯૭૧૦૩ | ૨૯૪૦૬૧ | ૪૮.૦૮ |
| ૪. | સુરત | ૪૯૯૫૧૭૪ | ૧૪૦૮૨૭૦ | ૭૦૮૦૨૨ | ૭૦૦૨૪૮ | ૨૮.૧૯ |
| ૫. | ભરૂચ | ૧૩૭૦૬૫૬ | ૪૪૪૦૪૩ | ૨૨૮૦૧૭ | ૨૧૬૦૨૬ | ૩૨.૪૦ |
| ૬. | નર્મદા | ૫૧૪૪૦૪ | ૪૦૧૬૫૪ | ૨૦૪૩૪૪ | ૧૯૭૩૧૦ | ૭૮.૦૮ |
| ૭. | વડોદરા | ૩૬૪૧૮૦૨ | ૯૬૭૩૯૩ | ૪૯૬૦૫૮ | ૪૭૧૩૩૫ | ૨૬.૫૬ |
| ૮. | દાહોદ | ૧૬૩૬૪૩૩ | ૧૧૮૨૫૦૯ | ૫૯૩૭૬૬ | ૫૮૮૭૪૩ | ૭૨.૨૬ |
| ૯. | પંચમહાલ | ૨૦૨૫૨૭૭ | ૫૫૬૦૦૦ | ૨૮૪૩૩૪ | ૨૭૧૬૬૬ | ૨૭.૪૫ |
| ૧૦. | જૂનાગઢ | ૨૪૪૮૧૭૩ | ૧૮૮૩૨ | ૯૭૬૬ | ૯૦૬૬ | ૦.૭૭ |
| ૧૧. | સાબરકાંઠા | ૨૦૮૨૫૩૧ | ૪૨૦૨૪૨ | ૨૧૦૮૬૦ | ૨૦૯૩૮૨ | ૨૦.૧૮ |
| ૧૨. | બનાસકાંઠા | ૨૫૦૪૨૪૪ | ૨૦૫૯૦૪ | ૧૦૫૮૧૮ | ૧૦૦૦૮૬ | ૮.૨૨ |
| ૧૩. | કચ્છ | ૧૫૮૩૨૨૫ | ૧૩૦૧૩૮ | ૬૭૮૬૮ | ૬૨૨૭૦ | ૮.૨૨ |
| ૧૪. | ખેડા | ૨૦૨૪૨૧૬ | ૩૨૩૯૪ | ૧૬૯૪૨ | ૧૫૪૫૨ | ૧.૬૦ |
| ૧૫. | આણંદ | ૧૮૫૬૮૭૨ | ૨૨૮૩૫ | ૧૨૦૧૯ | ૧૦૮૧૬ | ૧.૨૩ |
| ૧૬. | ભાવનગર | ૨૪૬૯૬૩૦ | ૭૨૯૮ | ૩૯૦૯ | ૩૩૮૯ | ૦.૩૦ |
| ૧૭. | અમરેલી | ૧૩૯૩૯૧૮ | ૩૨૫૬ | ૧૭૪૬ | ૧૫૧૦ | ૦.૨૩ |
| ૧૮. | પોરબંદર | ૫૩૬૮૩૫ | ૬૪૫૬ | ૩૩૮૦ | ૩૦૭૬ | ૧.૨૦ |
| ૧૯. | જામનગર | ૧૯૦૪૨૭૮ | ૧૦૪૫૯ | ૫૫૨૩ | ૪૯૩૬ | ૦.૫૫ |
| ૨૦. | રાજકોટ | ૩૧૬૯૮૮૧ | ૧૩૧૬૩ | ૭૦૩૪ | ૬૧૨૯ | ૦.૪૨ |
| ૨૧. | સુરેન્દ્રનગર | ૧૫૧૫૧૪૮ | ૧૪૩૩૮ | ૭૪૫૦ | ૬૮૮૮ | ૦.૯૫ |
| ૨૨. | અમદાવાદ | ૫૮૧૬૫૧૯ | ૫૮૦૩૫ | ૩૦૮૧૯ | ૨૭૨૧૬ | ૧.૦૦ |
| ૨૩. | ગાંધીનગર | ૧૩૩૪૪૫૫ | ૧૭૬૮૧ | ૯૫૭૫ | ૮૧૦૬ | ૧.૩૨ |
| ૨૪. | મહેસાણા | ૧૮૩૭૮૯૨ | ૮૯૭૫ | ૪૮૮૪ | ૪૦૯૧ | ૦.૪૯ |
| ૨૫. | પાટણ | ૧૧૮૨૭૦૯ | ૧૨૬૩૭ | ૬૭૨૨ | ૫૯૧૫ | ૧.૦૭ |

ગુજરાતમાં કુલ વસતિમાં ૧૪.૭૬% આદિવાસી વસતિ છે. જેમાં ૨૦૦૧ સુધી ૨૮ જુદી જુદી જાતિઓ હતી. જે ૨૦૦૩ના જાહેરનામાથી ૨૫ જાતિઓ રહી છે. જેમાં ૫ આદિમજૂથો છે. કચ્છની આદિવાસી જાતિઓને ૨૦૦૩થી બાકાત રાખી છે.

ભૌગોલિક રીતે જોઈએ તો ગુજરાતમાં અંબાજીથી દાંતા તાલુકામાં પથરાયેલા ડુંગરોની હારમાળાથી શરૂ થઈ પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગર તરફ વળીને ભીલોડા અને મેઘરજની પૂર્વપટ્ટીથી દક્ષિણ તરફ નીચે ઊતરી પંચમહાલ, ઝાલોદ, દાહોદની પૂર્વ સીમાને આવરી લઈ દક્ષિણ ગુજરાતમાં આવેલ નાનછલ વિભાગમાંથી પસાર થઈ નીચે સુરત જિલ્લાના માંડવી-સોનગઢ, વાંસદા, ધરમપુર અને ડાંગ, ઉંમરગામના દરિયા કિનારા સુધીની પૂર્વપટ્ટી એ આદિવાસીઓનું મુખ્ય રહેઠાણ છે. આ આખોય વિસ્તાર ઉત્તરે અરવલ્લી, પૂર્વે સાતપુડા અને વિંધ્યાચલ તેમજ દક્ષિણે સહ્યાદ્રિ પર્વતમાળામાં આવેલા ૧૧ જિલ્લાઓ અને ૪૩ તાલુકાઓ સઘન વસતિ ધરાવતા અનુસૂચિત જનજાતિનાં ક્ષેત્રો છે. જે કુલ ૨૦ હજાર ચો.મી.નો આખો વિસ્તાર પહાડો અને જંગલોથી આચ્છાદિત છે. રાજ્યની કુલ વસતિમાં અનુસૂચિત જનજાતિનું સંખ્યાબળ ૭૪,૮૧,૧૬૦નું છે જે ૧૪.૭૬ ટકા થાય છે.

રાજ્યની ઉત્તર પૂર્વ અને દક્ષિણના ૧૧ જિલ્લા અને ૪૩ તાલુકાઓમાં આદિવાસીઓની વસતિ પણ વિશેષ જોવા મળે છે. રાજ્યની જાતિવાર કુલ આદિવાસી વસતિ ૨૦૦૧ કોઠા નં.૨.૨માં દર્શાવી છે. રાજ્યની આદિવાસી વસતિના ૯૧.૭૯ ટકા લોકો આજે ગ્રામ્ય વિસ્તારમાં ઊંડાણના દુર્ગમ વિસ્તારોમાં વસવાટ કરે છે અને ૮.૨૧ ટકા વસતિ શહેરી વિસ્તારમાં વસવાટ કરે છે, જ્યારે કુલ વસતિમાં આ પ્રમાણ ૬૨.૬૪ ટકા છે અને શહેરી વસતિનું પ્રમાણ ૩૭.૩૬ ટકા છે. હાલ આ પ્રમાણ ૪૩ ટકા ઉપરાંતનું થવા જાય છે. એટલે કે કુલ વસતિમાં આદિવાસી વસતિનું સ્થાનાંતર થાય છે પણ શહેરી વિસ્તારમાં સર્વિસ સેક્ટર સિવાય સ્થાઈ થયેલા જોઈ શકાતા નથી.

૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે રાજ્યમાં શહેરોની સંખ્યા ૨૪૨ની હતી અને ગામડાંની સંખ્યા ૧૮,૫૩૯ની હતી. ગુજરાતમાં કુલ વસતિમાં ૬૨.૬૪ ટકા લોકો ગામડામાં વસે છે. રાજ્યની કુલ વસતિમાં આદિવાસી શહેરી વસતિ ૮.૨૧ ટકા છે, રાજ્યની શહેરી અને ગ્રામ વસતિ ૨૦૦૧ કોઠા નં.૨.૨માં દર્શાવી છે. રાજ્યની કુલ વસતિમાં અનુસૂચિત જનજાતિની વસતિ શહેરો તરફ આકર્ષાઈ રહી છે. છેલ્લા બે દાયકામાં સામાન્ય શહેરી વસતિ કરતાં આદિવાસી શહેરી વસતિનો વધારો વિશેષ જણાતો હતો. આદિવાસીઓની શહેરી વસતિ વધવાનું એક કારણ મજૂરી માટેનું શહેરો તરફનું આકર્ષણ-સ્થળાંતર મુખ્ય છે.

કોઠા નં.૨.૨ પરથી કયા જિલ્લામાં સૌથી વધુ આદિવાસી શહેરી વસતિ છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે. આદિવાસી વસતિ ધરાવતા ૧૧ જિલ્લાઓની પરિસ્થિતિ જોઈએ તો આ જિલ્લાઓમાં શહેરી આદિવાસી વસતિનું પ્રમાણ ૧૦ ટકા જેટલું જ છે.

કોઠા નં.૨.૨

જિલ્લાવાર ગ્રામ્ય અને શહેરી આદિવાસી વસતિ

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ આદિવાસી વસતિ | | | કુલ ગ્રામ્ય વસતિ | | | કુલ શહેરી વસતિ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી |
| | ગુજરાત | ૭૪૮૧૧૬૦ | ૩૭૯૦૧૧૭ | ૩૬૯૧૦૪૩ | ૬૮૬૬૬૩૭ (૯૧.૭૯) | ૩૪૭૧૦૦૨ | ૩૩૯૫૬૩૫ | ૬૧૪૫૨૩ | ૩૧૯૧૧૫ | ૨૯૫૪૦૮ |
| ૧. | ડાંગ | ૧૭૫૦૭૯ | ૮૭૭૬૩ | ૮૭૩૧૬ | ૧૭૫૦૭૯ (૧૦૦.૦) | ૮૭૭૬૩ | ૮૭૩૧૬ | - | - | - |
| ૨. | વલસાડ | ૭૭૨૪૦૫ | ૩૮૬૩૯૫ | ૩૮૬૦૧૦ | ૭૦૨૪૯૫ (૯૦.૯૫) | ૩૫૧૧૮૦ | ૩૫૧૩૧૫ | ૬૯૯૧૦ | ૩૫૨૧૫ | ૩૪૬૯૫ |
| ૩. | નવસારી | ૫૯૧૧૬૪ | ૨૯૭૧૦૩ | ૨૯૪૦૬૧ | ૫૩૪૯૩૯ (૯૦.૪૯) | ૨૬૯૦૦૯ | ૨૬૫૯૩૦ | ૫૬૨૨૫ | ૨૮૦૯૪ | ૨૮૧૩૧ |
| ૪. | સુરત | ૧૪૦૮૨૭૦ | ૭૦૮૦૨૨ | ૭૦૦૨૪૮ | ૧૨૬૫૫૧૨ (૮૯.૮૬) | ૬૩૩૭૪૩ | ૬૩૧૭૬૯ | ૧૪૨૭૫૮ | ૭૪૨૭૯ | ૬૮૪૭૯ |
| ૫. | ભરૂચ | ૪૪૪૦૪૩ | ૨૨૮૦૧૭ | ૨૧૬૦૨૬ | ૪૦૬૪૪૨ (૯૧.૫૩) | ૨૦૮૬૬૪ | ૧૯૭૭૭૮ | ૩૭૬૦૧ | ૧૯૩૫૩ | ૧૮૨૪૮ |
| ૬. | નર્મદા | ૪૦૧૬૫૪ | ૨૦૪૩૪૪ | ૧૯૭૩૧૦ | ૩૮૬૪૬૫ (૯૬.૨૨) | ૧૯૬૩૯૬ | ૧૯૦૦૬૯ | ૧૫૧૮૯ | ૭૯૪૮ | ૭૨૪૧ |
| ૭. | વડોદરા | ૯૬૭૩૯૩ | ૪૯૬૦૫૮ | ૪૭૧૩૩૫ | ૮૮૮૨૮૫ (૯૧.૮૨) | ૪૫૪૧૭૫ | ૪૩૪૧૧૦ | ૭૯૧૦૮ | ૪૧૮૮૩ | ૩૭૨૨૫ |
| ૮. | દાહોદ | ૧૧૮૨૫૦૯ | ૫૯૩૭૬૬ | ૫૮૮૭૪૩ | ૧૧૩૬૮૫૯ (૯૬.૧૪) | ૫૭૦૭૩૫ | ૫૬૬૧૨૪ | ૪૫૬૫૦ | ૨૩૦૩૧ | ૨૨૬૧૯ |

## કોઠા નં.૨.૨ (ચાલુ)
## જિલ્લાવાર ગ્રામ્ય અને શહેરી આદિવાસી વસતિ

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ આદિવાસી વસતિ | | | કુલ ગ્રામ્ય વસતિ | | | કુલ શહેરી વસતિ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી |
| ૯. | પંચમહાલ | ૫૫૬૦૦૦ | ૨૮૪૩૩૪ | ૨૭૧૬૬૬ | ૫૪૧૪૦૬ (૯૭.૩૮) | ૨૭૬૮૦૧ | ૨૬૪૬૦૫ | ૧૪૫૯૪ | ૭૫૩૩ | ૭૦૬૧ |
| ૧૦. | સાબરકાંઠા | ૪૨૦૨૪૨ | ૨૧૦૮૬૦ | ૨૦૯૩૮૨ | ૪૧૦૬૧૧ (૯૭.૭૧) | ૨૦૫૬૬૭ | ૨૦૪૯૪૪ | ૯૬૩૧ | ૫૧૯૩ | ૪૪૩૮ |
| ૧૧. | બનાસકાંઠા | ૨૦૫૯૦૪ | ૧૦૫૮૧૮ | ૧૦૦૦૮૬ | ૧૯૬૮૬૦ (૯૫.૬૧) | ૧૦૦૯૮૭ | ૯૫૮૭૩ | ૯૦૪૪ | ૪૮૩૧ | ૪૨૧૩ |
| ૧૨. | કચ્છ | ૧૩૦૧૩૮ | ૬૭૮૬૮ | ૬૨૨૭૦ | ૧૦૬૨૮૪ (૮૧.૬૭) | ૫૫૩૦૭ | ૫૦૯૭૭ | ૨૩૮૫૪ | ૧૨૫૬૧ | ૧૧૨૯૩ |
| ૧૩. | જૂનાગઢ | ૧૮૮૩૨ | ૯૭૬૬ | ૯૦૬૬ | ૧૩૬૭૩ (૭૨.૬૧) | ૭૦૫૬ | ૬૬૧૭ | ૫૧૫૯ | ૨૭૧૦ | ૨૪૪૯ |
| ૧૪. | ખેડા | ૩૨૩૯૪ | ૧૬૯૪૨ | ૧૫૪૫૨ | ૨૪૮૩૧ (૭૬.૬૫) | ૧૨૯૯૧ | ૧૧૮૪૦ | ૭૫૬૩ | ૩૯૫૧ | ૩૬૧૨ |
| ૧૫. | આણંદ | ૨૨૮૩૫ | ૧૨૦૧૯ | ૧૦૮૧૬ | ૧૨૮૨૫ (૫૮.૧૬) | ૬૭૪૭ | ૬૦૭૮ | ૧૦૦૧૦ | ૫૨૭૨ | ૪૭૩૮ |
| ૧૬. | ભાવનગર | ૭૨૯૮ | ૩૯૦૯ | ૩૩૮૯ | ૨૩૭૭ (૩૨.૫૭) | ૧૨૯૩ | ૧૦૮૪ | ૪૯૨૧ | ૨૬૧૬ | ૨૩૦૫ |
| ૧૭. | અમરેલી | ૩૨૫૬ | ૧૭૪૬ | ૧૫૧૦ | ૧૬૨૬ (૪૯.૯૪) | ૮૪૫ | ૭૮૧ | ૧૬૩૦ | ૯૦૧ | ૭૨૯ |

## કોઠા નં.૨.૨ (ચાલુ)
## જિલ્લાવાર ગ્રામ્ય અને શહેરી આદિવાસી વસતિ

| ક્રમ | જિલ્લાનું નામ | કુલ આદિવાસી વસતિ | | | કુલ ગ્રામ્ય વસતિ | | | કુલ શહેરી વસતિ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી |
| ૧૮. | પોરબંદર | ૬૪૫૬ | ૩૩૮૦ | ૩૦૭૬ | ૫૧૩૩ (૭૯.૫૦) | ૨૬૮૪ | ૨૪૪૯ | ૧૩૨૩ | ૬૯૬ | ૬૨૭ |
| ૧૯. | જામનગર | ૧૦૪૫૯ | ૫૫૨૩ | ૪૯૩૬ | ૬૧૯૫ (૫૯.૨૩) | ૩૨૪૬ | ૨૯૪૯ | ૪૨૬૪ | ૨૨૭૭ | ૧૯૮૭ |
| ૨૦. | રાજકોટ | ૧૩૧૬૩ | ૭૦૩૪ | ૬૧૨૯ | ૪૨૬૨ (૩૨.૩૮) | ૨૩૧૩ | ૧૯૪૯ | ૮૯૦૧ | ૪૭૨૧ | ૪૧૮૦ |
| ૨૧. | સુરેન્દ્રનગર | ૧૪૩૩૮ | ૭૪૫૦ | ૬૮૮૮ | ૧૩૩૨૪ (૯૨.૯૩) | ૬૯૨૦ | ૬૪૦૪ | ૧૦૧૪ | ૫૩૦ | ૪૮૪ |
| ૨૨. | અમદાવાદ | ૫૮૦૩૫ | ૩૦૮૧૯ | ૨૭૨૧૬ | ૧૫૩૩૪ (૨૬.૪૨) | ૭૯૮૮ | ૭૩૪૬ | ૪૨૭૦૧ | ૨૨૮૩૧ | ૧૯૮૭૦ |
| ૨૩. | ગાંધીનગર | ૧૭૬૮૧ | ૯૫૭૫ | ૮૧૦૬ | ૪૬૯૬ (૨૬.૫૬) | ૨૫૨૮ | ૨૧૬૮ | ૧૨૯૮૫ | ૭૦૪૭ | ૫૯૩૮ |
| ૨૪. | મહેસાણા | ૮૯૭૫ | ૪૮૮૪ | ૪૦૯૧ | ૪૪૪૫ (૪૯.૫૩) | ૨૪૩૬ | ૨૦૦૯ | ૪૫૩૦ | ૨૪૪૮ | ૨૦૮૨ |
| ૨૫. | પાટણ | ૧૨૬૩૭ | ૬૭૨૨ | ૫૯૧૫ | ૬૬૭૯ (૪૭.૧૫) | ૩૫૨૮ | ૩૧૫૧ | ૫૯૫૮ | ૩૧૯૪ | ૨૭૬૪ |

**જાતિવાર આદિવાસી વસતિ :**

૨૦૦૧ની વસતિ પ્રમાણે ગુજરાત રાજયમાં જુદી જુદી જાતિઓની સંખ્યા કોઠા નં.૨.૩માં દર્શાવી છે. રાજયમાં કુલ ૨૯ જાતિઓમાં મુખ્યત્વે વસતિ ભીલોની (૪૬.૦૦ ટકા) છે. જેમની કુલ વસતિ આદિવાસી વસતિમાં ૩૪,૪૧,૯૪૫ની છે. બીજા ક્રમે હળપતિ ૭.૯૮ ટકા ત્રીજા ક્રમે ઢોડિયા ૭.૮૭ ટકા, ચોથા ક્રમે રાઠવા ૭.૫૬ ટકા, પાંચમા ક્રમે નાયક-નાયકડા ૫.૨૫ ટકા, છઠ્ઠા ક્રમે ગામીત-ગાવીત ૪.૭૪ ટકા, સાતમા ક્રમે કોંકણા-કોંકણી ૪.૪૦ ટકા, આઠમા ક્રમે ચૌધરી ૩.૭૭ ટકા, નવમા ક્રમે વારલી ૩.૪૧ ટકા, દસમા ક્રમે ધાનકા-તડવી-તેતરિયા ૩.૩૮ ટકા અને છેલ્લે અગિયારમા ક્રમે પટેલિયા ૧.૪૬ ટકા એટલે કે ૧ લાખ ઉપરાંતની વસતિ ધરાવતી અગિયાર જાતિઓ છે. જેની જાતિવાર વિગતો કોઠા નં. ૨.૩માં દર્શાવી છે.

**કોઠા નં.૨.૩**

**જાતિવાર આદિવાસી વસતિ - ૨૦૦૧**

| ક્રમ | જાતિનું નામ | કુલ | પુરુષ | સ્ત્રી |
|---|---|---|---|---|
| | **આદિવાસી બધી જાતિઓની વસતિ :** ગુજરાત | ૭૪૮૧૧૬૦ | ૩૭૯૦૧૧૭ | ૩૬૯૧૦૪૩ |
| ૧. | બરડા | ૭૭૫ (૦.૦૧) | ૪૩૨ | ૩૪૩ |
| ૨. | બાવચા, બામચા | ૪૧૨૫ (૦.૦૬) | ૨૧૪૮ | ૧૯૭૭ |
| ૩. | ભરવાડ | ૧૬૧૯ (૦.૦૨) | ૮૫૬ | ૭૬૩ |
| ૪. | ભીલ, ભીલગરાસિયા, ઢોલી ભીલ | ૩૪૪૧૯૪૫ (૪૬.૦૦) | ૧૭૪૬૮૧૩ | ૧૬૯૫૧૩૨ |
| ૫. | ચારણ | ૨૪૮૧ (૦.૦૩) | ૧૨૯૯ | ૧૧૮૨ |
| ૬. | ચૌધરી | ૨૮૨૩૯૨ (૩.૭૭) | ૧૪૧૫૧૨ | ૧૪૦૮૮૦ |
| ૭. | ચૌધરા | ૬૭૮૬ (૦.૦૯) | ૩૪૨૫ | ૩૩૬૧ |
| ૮. | ધાનકા, તડવી, તેતરિયા | ૨૫૨૬૩૭ (૩.૩૮) | ૧૩૦૪૦૩ | ૧૨૨૨૩૪ |
| ૯. | ઢોડિયા | ૫૮૯૧૦૮ (૭.૮૭) | ૨૯૬૧૧૫ | ૨૯૨૯૯૩ |
| ૧૦. | તલાવિયા, હળપતિ | ૫૯૬૮૬૫ (૭.૯૮) | ૩૦૧૦૫૧ | ૨૯૫૮૧૪ |
| ૧૧. | ગામીત, ગામટા, ગાવીત | ૩૫૪૩૬૨ (૪.૭૪) | ૧૭૬૭૮૦ | ૧૭૭૫૮૨ |

| ક્રમ | જાતિનું નામ | કુલ | પુરુષ | સ્ત્રી |
|---|---|---|---|---|
| ૧૨. | ગોંડ, રાજગોડ | ૨૧૫૨ (૦.૦૩) | ૧૧૭૦ | ૯૮૨ |
| ૧૩. | કાથોડી, કાતકરી, ઢોરકાથોડી | ૫૮૨૦ (૦.૦૮) | ૨૯૫૧ | ૨૮૬૯ |
| ૧૪. | કોંકણા, કોકણી, કુકણા | ૩૨૯૪૯૬ (૪.૪૦) | ૧૬૫૫૩૭ | ૧૬૩૯૫૯ |
| ૧૫. | કોળી | ૯૫૬૫૫ (૧.૨૮) | ૪૯૭૯૦ | ૪૫૮૬૫ |
| ૧૬. | કોલચા, કોળીઢોર, ટોકરે કોળી | ૪૮૪૧૯ (૦.૬૫) | ૨૪૫૪૪ | ૨૩૮૭૫ |
| ૧૭. | કુનબી | ૪૩૨૯૨ (૦.૫૮) | ૨૧૮૦૬ | ૨૧૪૮૬ |
| ૧૮. | નાયકા-નાયકડા, ચોલવીયા નાયકા | ૩૯૩૦૨૪ (૫.૨૫) | ૧૯૯૬૫૨ | ૧૯૩૩૭૨ |
| ૧૯. | પઢાર | ૨૨૪૨૧ (૦.૩૦) | ૧૧૫૫૦ | ૧૦૮૭૧ |
| ૨૦. | પારાધી | ૭૧૮૯ (૦.૦૯) | ૩૭૧૫ | ૩૪૭૪ |
| ૨૧. | પારધી, અડવીચિંચર ફનસે પારધી | ૨૮૭૨ (૦.૦૩) | ૧૫૨૧ | ૧૩૫૧ |
| ૨૨. | પટેલિયા | ૧૦૯૩૯૦ (૧.૪૬) | ૫૫૯૬૫ | ૫૩૪૨૫ |
| ૨૩. | પોમલા | ૮૧૯ (૦.૦૧) | ૪૦૯ | ૪૧૦ |
| ૨૪. | રબારી | ૧૫૪૧૭ (૦.૨૦) | ૮૦૨૭ | ૭૩૯૦ |
| ૨૫. | રાઠવા | ૫૩૫૨૮૪ (૭.૧૬) | ૨૭૩૨૯૬ | ૨૬૧૯૮૮ |
| ૨૬. | સીદી | ૮૬૬૨ (૦.૧૨) | ૪૪૧૭ | ૪૨૪૫ |
| ૨૭. | વાઘરી | ૧૬૯૭૪ (૦.૨૩) | ૮૭૬૪ | ૮૨૧૦ |
| ૨૮. | વારલી | ૨૫૫૨૭૧ (૩.૪૧) | ૧૨૬૮૧૯ | ૧૨૮૪૫૨ |
| ૨૯. | વીટોલિયા, કોટવાળિયા બરોડિયા | ૨૧૪૫૩ (૦.૨૯) | ૧૦૭૯૪ | ૧૦૬૫૯ |

## કોઠા નં.૨.૪
## ગુજરાતની કુલ વસતિમાં અને કુલ આદિવાસી વસતિમાં શિક્ષણ

| ક્રમ | રાજયનું નામ | ગુજરાત<br>કુલ | પુરુષ | સ્ત્રી |
|---|---|---|---|---|
| ૧. | કુલ વસતિ | ૫૦૬૭૧૦૧૭<br>૧૦૦% | ૨૬૩૮૫૫૭૭ | ૨૪૨૮૫૪૪૦ |
| ૨. | ૦ થી ૬ વર્ષ | ૭૫૩૨૪૦૪<br>(૧૪.૮૭%) | ૪૦૦૦૧૪૮ | ૩૫૩૨૨૫૬ |
| ૩. | કુલ ભણેલા | ૨૯૮૨૭૭૫૦<br>(૫૮.૮૭%)<br>૧૦૦% | ૧૭૮૩૩૨૭૩ | ૧૧૯૯૪૪૭૭ |
| ૪. | અભણ | ૨૦૮૪૩૨૬૭<br>(૪૧.૧૩%)<br>૧૦૦% | ૮૫૫૨૩૦૪ | ૧૨૨૯૦૯૬૩ |
| ૫. | કુલ આદિવાસી વસતિ | ૭૪૮૧૧૬૦<br>(૧૪.૭૬%) | ૩૭૯૦૧૧૭ | ૩૬૯૧૦૪૩ |
| ૬. | ૦ થી ૬ વર્ષ | ૧૩૧૫૨૫૩<br>(૧૭.૫૮%) | ૬૬૯૦૬૭ | ૬૪૬૧૮૬ |
| ૭. | કુલ ભણેલા | ૨૯૪૩૮૯૮<br>(૩૯.૩૫%)<br>૧૦૦% | ૧૮૪૭૦૯૪ | ૧૦૯૬૮૦૪ |
| ૮. | અભણ | ૪૫૩૭૨૬૨<br>(૬૦.૩૫%)<br>૧૦૦% | ૧૯૪૩૦૨૩ | ૨૫૯૪૨૩૯ |

**શિક્ષણ :**

ગુજરાત રાજયની આદિવાસી વસતિમાં શિક્ષણ પ્રમાણ જોઈએ તો કુલ ભણેલા આદિવાસી વસતિમાં ૬૨.૭૪ ટકા પુરુષો અને ભણેલી સ્ત્રીઓના સંદર્ભમાં ૩૭.૨૬ ટકા સ્ત્રીઓ સાક્ષર હતી, જયારે કુલ આદિવાસી વસતિમાં ૩૯.૩૫ ટકા શિક્ષિત હતા. અભણ આદિવાસીઓની સંખ્યા જોઈએ તો કુલ આદિવાસી વસતિમાં ૬૦.૬૫ ટકા આદિવાસીઓ અભણ હતા, જયારે પુરુષ અને સ્ત્રીઓમાં અનુક્રમે ૪૨.૮૨ ટકા, ૫૭.૧૮ ટકા અશિક્ષિત હતાં. ગુજરાતમાં આદિવાસીની કુલ વસતિમાંથી ૦.૬ની વયના બાળકો બાદ કરતાં અસરકારક સાક્ષરતા દર ૪૭.૭૪ ટકા છે. જે પાછળના પરિશિષ્ટમાં જોઈ શકાય છે. ગુજરાતની કુલ વસતિમાં અને આદિવાસી વસતિમાં શિક્ષણની સ્થિતિ કોઠા નં.૨.૪માં દર્શાવી છે. જયારે કોઠા નં.૨.૫માં કુલ ગ્રામીણ અને શહેરી વસતિમાં શિક્ષણની ટકાવારી દર્શાવી છે. કોઠા નં.૨.૫માં દર્શાવ્યા મુજબ ગુજરાતમાં કુલ આદિવાસી ગ્રામ્ય વસતિમાં અસરકારક શિક્ષણનું પ્રમાણ ૩૮.૦૬ ટકા અને શહેરી વિસ્તારમાં ૫૨.૫૧ ટકા જોવા મળ્યું હતું. આમ શહેરમાં વસતી આદિવાસીઓમાં ગ્રામ્યકક્ષા કરતાં શિક્ષણનું પ્રમાણ લગભગ દોઢું હતું તે નીચે દર્શાવેલ કોઠા પરથી જોઈ શકાય છે. કોઠાના અભ્યાસ પરથી આદિવાસી સ્ત્રી-પુરુષોમાં શિક્ષણનું પ્રમાણ ગ્રામ્ય કરતાં દોઢું હતું જે સ્પષ્ટ જોઈ શકાય છે.

**કોઠા નં.૨.૫**

**ગુજરાતની કુલ વસતિ અને આદિવાસી વસતિમાં શિક્ષણ (ટકામાં)**

| ક્રમ | વિગત | | ગુજરાત | | |
|---|---|---|---|---|---|
| | | | કુલ | પુરુષ | સ્ત્રી |
| ૧. | કુલ વસતિ માં શિક્ષણ | કુલ | ૫૮.૫૭ | ૬૭.૫૯ | ૪૯.૩૯ |
| | | ગ્રામ્ય | ૫૧.૪૭ | ૬૧.૯૯ | ૪૦.૩૫ |
| | | શહેરી | ૭૧.૨૬ | ૭૬.૬૬ | ૬૫.૧૩ |
| ૨. | આદિવાસી વસતિમાં શિક્ષણ | કુલ | ૩૯.૩૫ | ૪૮.૭૩ | ૨૯.૭૨ |
| | | ગ્રામ્ય | ૩૮.૦૬ | ૪૭.૬૭ | ૨૮.૪૭ |
| | | શહેરી | ૫૨.૫૧ | ૬૦.૩૪ | ૪૪.૦૬ |

(૦ થી ૬ વર્ષની સંખ્યા બાદ કરતાં ટકાવારી દર્શાવી છે.)

**જિલ્લાવાર આદિવાસીઓમાં સાક્ષરતા :**

રાજયોની ૨૦૦૧ની કુલ વસતિ અને આદિવાસી વસતિમાં સાક્ષરતાનો અસરકારક દર દર્શાવેલ કોઠામાં જિલ્લાવાર દર્શાવેલ છે. જેમાં ૦ થી ૬ વર્ષની વયના બાદ કરીને દર્શાવેલ છે. ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતમાં કુલ વસતિમાં સાક્ષરતાનું પ્રમાણ ૫૮.૫૭ ટકા હતું. જેમાં પુરુષોમાં સાક્ષરતાનું પ્રમાણ ૬૭.૫૯ ટકા અને સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૪૯.૩૯ ટકા હતું. ગ્રામ્ય વસ્તીમાં સાક્ષરતાનું પ્રમાણ ૫૧.૪૭ ટકા અને શહેરી વસતિમાં સાક્ષરતાનું પ્રમાણ ૭૧.૨૬ ટકા હતું. એજ રીતે આદિવાસી વસતિમાં જોઈએ તો ૨૦૦૧ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતમાં કુલ આદિવાસી વસતિમાં સાક્ષરણાનું પ્રમાણ ૨૯.૭૨ ટકા હતું. જયારે કુલ ગ્રામ્ય વસતિમાં સાક્ષરતાનું પ્રમાણ ૩૮.૦૬ ટકા અને શહેરી વસતિમાં ૫૨.૫૧ ટકા સાક્ષરતાનું પ્રમાણ જોવા મળ્યું હતું. એજ રીતે શહેરી વિભાગમાં પુરૂષ અને સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ અનુક્રમે ૬૦.૩૪ ટકા અને ૪૪.૦૬ ટકા હતું. આ આંકડાઓ પરથી સ્પષ્ટ જોઈ શકાય છે કે ગુજરાતમાં વસતા આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ પાંચ દાયકા પછી પણ સામાન્ય વસતિ અને અનુસૂચિત જ્ઞાતિની વસતિની સરખામણીએ હજુ પણ પાછળ છે. એમાં પણ આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું જોવા મળ્યું હતું. આદિવાસી વસતિમાં જિલ્લાવાર શિક્ષણનું પ્રમાણ કોઠા નં.૨.૬ માં દર્શાવ્યું છે. જિલ્લાવાર શિક્ષણના આંકડાઓ પરથી જોઈ શકાય છે કે આદિવાસીઓમાં ૨૦ થી ૨૫ ટકા શિક્ષણ હોય તેવા ૨ જિલ્લા, ૨૫.૧ ટકાથી ૩૦ ટકા સાક્ષરતા ધરાવતા ૩ જિલ્લા, ૩૦.૧ ટકા થી ૩૫ ટકા સુધી શિક્ષણ ધરાવતા ૨ જિલ્લા, ૩૫.૧ ટકા થી ૪૦ ટકા સુધીનું શિક્ષણ ધરાવતા ૪ જિલ્લા, ૪૦.૧ ટકા થી ૪૫ ટકા સાક્ષરતા હોય તેવા ૫ જિલ્લા, ૪૫.૧ ટકા થી ૫૦ ટકા સુધીની સાક્ષરતા ધરાવતા ૩ જિલ્લા અને ૫૦.૧ ટકાથી ૬૦ ટકા સુધીની સાક્ષરતા ધરાવતા ૫ જિલ્લા હતા. જયારે ૬૦.૧ ટકા થી ૭૦ ટકા સુધીની સાક્ષરતા ધરાવનાર માત્ર ૧ જિલ્લો હતો. તે ગાંધીનગર જિલ્લો હતો. ગાંધીનગર જિલ્લામાં આમેય આદિવાસી પુરૂષ અને સ્ત્રીઓમાં સાક્ષરતા સવિશેષ જોવા મળી હતી. તેનું મુખ્ય કારણ મળતી સુવિધાઓ અને ભણનાર વર્ગ મોટાભાગે નોકરીયાત વર્ગના વિદ્યાર્થીઓ હતા. જયારે બનાસકાંઠા અને દાહોદ જેમાં મુખ્યત્વે આદિવાસી વસતિ છે તે જિલ્લાઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૩૦% કરતાં નીચું જોવા મળ્યું હતું. રાજયના ૨૫ જિલ્લાઓમાં વસતિ આદિવાસી જાતિઓમાં શિક્ષણનું પ્રમાણ કોઠા નં.૨.૬માં દર્શાવ્યા મુજબ તેના અભ્યાસ પરથી વિશેષ ખ્યાલ આવશે.

## કોઠા નં.૨.૬

## જિલ્લાવાર આદિવાસીઓમાં શિક્ષણ (કુલ અને ટકામાં) દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લાનું નામ | ૦ થી ૬ વર્ષ | | | ભણેલા | | | અભણ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી |
| | ગુજરાત | ૧૩૧૫૨૫૩ | ૬૬૯૦૬૭ | ૬૪૬૧૮૬ | ૨૯૪૩૮૯૮ | ૧૮૪૭૦૯૪ | ૧૦૯૬૮૦૪ | ૪૫૩૬૨૬૨ | ૧૯૪૩૦૨૩ | ૨૫૯૪૨૩૯ |
| | | ૧૭.૫૮ | ૧૭.૬૫ | ૧૭.૫૧ | ૩૯.૩૫ | ૪૮.૭૩ | ૨૯.૭૨ | ૬૦.૩૫ | ૫૧.૨૭ | ૭૦.૨૮ |
| ૧. | કચ્છ | ૨૯૪૫૨ | ૧૪૯૬૬ | ૧૪૪૮૬ | ૨૮૪૯૯ | ૨૧૧૮૮ | ૭૩૧૧ | ૧૦૧૬૩૯ | ૪૬૬૮૦ | ૫૪૯૫૯ |
| | | ૨૨.૬૩ | ૨૨.૦૫ | ૨૩.૨૬ | ૨૧.૯૦ | ૩૧.૨૨ | ૧૧.૭૪ | ૭૮.૧૦ | ૬૮.૭૮ | ૮૮.૨૬ |
| ૨. | બનાસકાંઠા | ૫૦૨૯૮ | ૨૫૩૭૩ | ૨૪૯૨૫ | ૪૬૫૪૭ | ૩૪૦૧૨ | ૧૨૫૩૫ | ૧૫૯૩૫૭ | ૭૧૮૦૬ | ૮૭૫૫૧ |
| | | ૨૪.૪૩ | ૨૩.૯૮ | ૨૪.૯૦ | ૨૨.૬૧ | ૩૨.૧૪ | ૧૨.૫૨ | ૭૭.૩૯ | ૬૭.૮૬ | ૮૭.૪૮ |
| ૩. | પાટણ | ૨૨૬૪ | ૧૨૪૯ | ૧૦૧૫ | ૫૪૧૫ | ૩૬૭૯ | ૧૭૩૬ | ૭૨૨૨ | ૩૦૪૩ | ૪૧૭૯ |
| | | ૧૭.૯૨ | ૧૮.૫૮ | ૧૭.૧૬ | ૪૨.૮૫ | ૫૪.૭૩ | ૨૯૩૫ | ૫૭.૧૫ | ૪૫.૨૭ | ૭૦.૬૫ |
| ૪. | મહેસાણા | ૧૫૦૦ | ૮૦૯ | ૬૯૧ | ૪૫૫૪ | ૨૮૯૯ | ૧૬૫૫ | ૪૪૨૧ | ૧૯૮૫ | ૨૪૩૬ |
| | | ૧૬.૭૧ | ૧૬.૫૬ | ૧૬.૮૯ | ૫૦.૭૪ | ૫૯.૩૬ | ૪૦.૪૫ | ૪૯.૨૬ | ૪૦.૬૪ | ૫૯.૫૫ |
| ૫. | સાબરકાંઠા | ૮૪૨૨૦ | ૪૩૦૮૨ | ૪૧૧૩૮ | ૧૭૭૫૧૦ | ૧૧૦૫૨૦ | ૬૬૯૯૦ | ૨૪૨૭૩૨ | ૧૦૦૩૪૦ | ૧૪૨૩૯૨ |
| | | ૨૦.૦૪ | ૨૦.૪૩ | ૧૯.૬૫ | ૪૨.૨૪ | ૫૨.૪૧ | ૩૧.૯૯ | ૫૭.૭૬ | ૪૭.૫૯ | ૬૮.૦૧ |
| ૬. | ગાંધીનગર | ૨૮૦૦ | ૧૪૬૫ | ૧૩૩૫ | ૧૦૬૨૫ | ૬૪૬૫ | ૪૧૬૦ | ૭૦૫૬ | ૩૧૧૦ | ૩૯૪૬ |
| | | ૧૫.૮૪ | ૧૫.૩૦ | ૧૬.૪૭ | ૬૦.૦૯ | ૬૭.૫૨ | ૫૧.૩૨ | ૩૯.૯૧ | ૩૨.૪૮ | ૪૮.૬૮ |
| ૭. | અમદાવાદ | ૯૫૭૪ | ૪૯૬૬ | ૪૬૦૮ | ૨૭૩૪૧ | ૧૭૩૧૦ | ૧૦૦૩૧ | ૩૦૬૯૪ | ૧૩૫૦૯ | ૧૭૧૮૫ |
| | | ૧૬.૫૦ | ૧૬.૧૧ | ૧૬.૯૩ | ૪૭.૧૧ | ૫૬.૧૭ | ૩૬.૮૬ | ૫૨.૮૯ | ૪૩.૮૩ | ૬૩.૧૪ |
| ૮. | સુરેન્દ્રનગર | ૩૧૫૫ | ૧૬૧૨ | ૧૫૪૩ | ૪૧૨૨ | ૨૭૯૨ | ૧૩૩૦ | ૧૦૨૧૬ | ૪૬૫૮ | ૫૫૫૮ |
| | | ૨૨.૦૦ | ૨૧.૬૪ | ૨૨.૪૦ | ૨૮.૭૫ | ૩૭.૪૮ | ૧૯.૩૧ | ૭૧.૭૫ | ૬૨.૫૨ | ૮૦.૬૯ |

## કોઠા નં.૨.૬ (ચાલુ)
## જિલ્લાવાર આદિવાસીઓમાં શિક્ષણ (કુલ અને ટકામાં) દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લાનું નામ | ૦ થી ૬ વર્ષ | | | ભણેલા | | | અભણ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી |
| ૯. | રાજકોટ | ૨૨૮૭ | ૧૨૩૩ | ૧૦૫૪ | ૭૦૨૧ | ૪૧૨૩ | ૨૮૯૮ | ૬૧૪૨ | ૨૯૧૧ | ૩૨૩૧ |
| | | ૧૭.૩૭ | ૧૭.૫૩ | ૧૭.૨૦ | ૫૩.૩૪ | ૫૮.૬૨ | ૪૭.૨૮ | ૪૬.૬૬ | ૪૧.૩૮ | ૫૨.૭૨ |
| ૧૦. | જામનગર | ૧૮૮૦ | ૯૮૨ | ૮૯૮ | ૩૬૯૩ | ૨૨૯૧ | ૧૪૦૨ | ૬૭૬૬ | ૩૨૩૨ | ૩૫૩૪ |
| | | ૧૭.૯૭ | ૧૭.૭૮ | ૧૮.૧૯ | ૩૫.૩૧ | ૪૧.૪૮ | ૨૮.૪૦ | ૬૪.૬૯ | ૫૮.૫૨ | ૭૧.૬૦ |
| ૧૧. | પોરબંદર | ૧૧૮૩ | ૬૩૦ | ૫૫૩ | ૧૬૨૩ | ૧૦૧૬ | ૬૦૭ | ૪૮૩૩ | ૨૩૬૪ | ૨૪૬૯ |
| | | ૧૦.૩૨ | ૧૮.૬૪ | ૧૭.૯૮ | ૨૫.૧૪ | ૩૦.૦૬ | ૧૯.૭૩ | ૪૪.૮૬ | ૫૯.૯૪ | ૮૦.૨૪ |
| ૧૨. | જૂનાગઢ | ૩૬૫૪ | ૧૮૯૦ | ૧૭૮૪ | ૭૪૧૪ | ૪૬૮૨ | ૨૭૩૨ | ૧૧૪૧૮ | ૫૦૮૪ | ૬૩૩૪ |
| | | ૧૯.૪૦ | ૧૯.૧૫ | ૧૦.૬૮ | ૩૯.૩૭ | ૪૭.૯૪ | ૩૦.૧૩ | ૬૦.૬૩ | ૫૨.૦૬ | ૬૯.૮૭ |
| ૧૩. | અમરેલી | ૫૯૦ | ૨૯૯ | ૨૯૧ | ૧૬૮૭ | ૧૦૬૦ | ૬૨૭ | ૧૫૬૯ | ૬૮૬ | ૮૮૩ |
| | | ૧૮.૧૨ | ૧૭.૧૨ | ૧૯.૨૭ | ૫૧.૮૧ | ૬૦.૭૧ | ૪૧.૫૨ | ૪૮.૧૯ | ૩૯.૨૯ | ૫૮.૪૮ |
| ૧૪. | ભાવનગર | ૧૪૩૨ | ૭૬૭ | ૬૬૫ | ૩૩૮૦ | ૨૩૧૯ | ૧૩૬૧ | ૩૬૧૮ | ૧૫૯૦ | ૨૦૨૮ |
| | | ૧૯.૬૨ | ૧૯.૬૨ | ૧૯.૬૨ | ૫૦.૪૨ | ૫૯.૩૨ | ૪૦.૧૬ | ૪૯.૫૮ | ૪૦.૬૮ | ૫૯.૮૪ |
| ૧૫. | આણંદ | ૪૧૧૪ | ૨૦૯૮ | ૨૦૧૬ | ૭૮૪૧ | ૫૨૩૯ | ૨૬૦૨ | ૧૪૯૯૪ | ૬૭૮૦ | ૮૨૧૪ |
| | | ૧૮.૦૨ | ૧૭.૪૬ | ૧૮.૬૪ | ૩૪.૩૪ | ૪૩.૫૯ | ૨૪.૦૬ | ૬૫.૬૬ | ૫૬.૪૧ | ૭૫.૯૪ |
| ૧૬. | ખેડા | ૫૬૫૯ | ૨૮૯૭ | ૨૭૬૨ | ૧૧૯૪ | ૭૯૮૩ | ૩૯૧૧ | ૨૦૫૦૦ | ૮૯૫૯ | ૧૧૫૪૧ |
| | | ૧૭.૪૭ | ૧૭.૧૦ | ૧૭.૮૭ | ૩૬.૭૨ | ૪૭.૧૨ | ૨૫.૩૧ | ૬૩.૨૮ | ૫૨.૮૮ | ૭૪.૬૯ |
| ૧૭. | પંચમહાલ | ૧૧૦૨૮૬ | ૫૫૬૨૯ | ૫૪૬૫૭ | ૧૯૬૬૯૬ | ૧૩૩૩૮૦ | ૬૩૩૧૬ | ૩૫૯૩૦૪ | ૧૫૦૯૫૪ | ૨૦૮૩૫૦ |
| | | ૧૯.૮૪ | ૧૯.૫૬ | ૨૦.૧૨ | ૩૫.૩૮ | ૪૬.૯૧ | ૨૩.૩૧ | ૬૪.૬૨ | ૫૩.૦૯ | ૭૬.૬૯ |

## કોઠા નં.૨.૬ (ચાલુ)
## જિલ્લાવાર આદિવાસીઓમાં શિક્ષણ (કુલ અને ટકામાં) દર્શાવતો કોઠો

| ક્રમ | જિલ્લાનું નામ | ૦ થી ૬ વર્ષ | | | ભણેલા | | | અભણ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી |
| ૧૮. | દાહોદ | ૨૫૭૩૮૩ | ૧૩૦૪૬૩ | ૧૨૬૯૨૦ | ૩૪૮૮૦૦ | ૨૩૫૧૩૨ | ૧૧૩૬૬૮ | ૮૩૩૭૦૯ | ૩૫૮૬૩૪ | ૪૭૫૦૭૫ |
| | | ૨૧.૭૭ | ૨૧.૯૭ | ૨૧.૫૬ | ૨૯.૫૦ | ૩૯.૬૦ | ૧૯.૩૧ | ૭૦.૫૦ | ૬૦.૪૦ | ૮૦.૬૯ |
| ૧૯. | વડોદરા | ૧૬૫૧૨૫ | ૮૪૨૨૩ | ૮૦૯૦૨ | ૩૧૨૭૧૮ | ૨૧૩૪૭૭ | ૯૯૨૪૧ | ૬૫૪૬૭૫ | ૨૮૨૫૮૧ | ૩૭૨૦૯૪ |
| | | ૧૭.૦૭ | ૧૬.૯૮ | ૧૭.૧૬ | ૩૨.૩૩ | ૪૩.૦૩ | ૨૧.૦૬ | ૬૭.૬૭ | ૫૬.૯૭ | ૭૮.૯૪ |
| ૨૦. | નર્મદા | ૬૭૨૪૫ | ૩૪૩૨૭ | ૩૨૯૧૮ | ૧૭૯૯૧૦ | ૧૧૪૭૦૮ | ૬૫૨૦૨ | ૨૨૧૭૪૪ | ૮૯૬૩૬ | ૧૩૨૧૦૮ |
| | | ૧૬.૭૪ | ૧૬.૮૦ | ૧૬.૬૮ | ૪૪.૭૯ | ૫૬.૧૩ | ૩૩.૦૫ | ૫૫.૨૧ | ૪૩.૮૭ | ૬૬.૯૫ |
| ૨૧. | ભરૂચ | ૭૧૮૦૫ | ૩૬૪૧૨ | ૩૫૩૯૩ | ૧૯૧૧૦૬ | ૧૨૦૮૫૫ | ૭૦૨૫૧ | ૨૫૨૯૩૭ | ૧૦૭૧૬૨ | ૧૪૫૭૭૫ |
| | | ૧૬.૧૭ | ૧૫.૯૭ | ૧૬.૩૮ | ૪૩.૦૪ | ૫૩.૦૦ | ૩૨.૫૨ | ૫૬.૯૬ | ૪૭.૦૦ | ૬૭.૪૮ |
| ૨૨. | સુરત | ૨૦૩૮૩૩ | ૧૦૩૯૭૬ | ૯૯૮૫૭ | ૬૧૮૭૨૧ | ૩૬૩૫૬૪ | ૨૫૫૧૫૭ | ૭૮૯૫૪૯ | ૩૪૪૪૫૮ | ૪૪૫૦૯૧ |
| | | ૧૪.૪૭ | ૧૪.૬૯ | ૧૪.૨૬ | ૪૩.૯૩ | ૫૧.૩૫ | ૩૬.૪૪ | ૫૬.૦૭ | ૪૮.૬૫ | ૬૩.૫૬ |
| ૨૩. | ડાંગ | ૩૪૭૯૪ | ૧૭૫૯૦ | ૧૭૨૦૪ | ૮૧૪૮૫ | ૪૮૬૬૮ | ૩૨૮૧૭ | ૯૩૫૯૪ | ૩૯૦૯૫ | ૫૪૪૯૯ |
| | | ૧૯.૮૭ | ૨૦.૦૪ | ૧૯.૭૦ | ૪૬.૫૪ | ૫૫.૪૫ | ૩૭.૫૮ | ૫૩.૪૬ | ૪૪.૫૫ | ૬૨.૪૨ |
| ૨૪. | નવસારી | ૭૭૯૬૭ | ૩૯૭૮૭ | ૩૮૧૮૦ | ૩૧૩૧૮૧ | ૧૮૧૨૪૫ | ૧૩૧૯૩૬ | ૨૭૭૯૮૩ | ૧૧૫૮૫૮ | ૧૬૨૧૨૫ |
| | | ૧૩.૧૯ | ૧૩.૩૯ | ૧૨.૯૮ | ૫૨.૯૮ | ૬૧.૦૦ | ૪૪.૮૭ | ૪૭.૦૨ | ૩૯.૦૦ | ૫૫.૧૩ |
| ૨૫. | વલસાડ | ૧૨૨૭૫૩ | ૬૨૩૬૨ | ૬૦૩૯૧ | ૩૫૧૮૧૫ | ૨૦૮૪૮૭ | ૧૪૩૩૨૮ | ૪૨૦૫૯૦ | ૧૭૭૯૦૮ | ૨૪૨૬૮૨ |
| | | ૧૫.૮૯ | ૧૬.૧૪ | ૧૫.૬૪ | ૪૫.૫૫ | ૫૩.૯૬ | ૩૭.૧૩ | ૫૪.૪૫ | ૪૬.૦૪ | ૬૨.૮૩ |

**જાતિવાર સાક્ષરતા :**

આદિવાસીઓની જાતિવાર સાક્ષરતા નીચે દર્શાવેલ કોઠા નં.૨.૭માં દર્શાવી છે. કોઠામાં દર્શાવેલ આંકડા પરથી જોઈ શકાય છે કે સૌથી વધુ અક્ષરજ્ઞાન, સાક્ષરતા-ઢોડિયા જાતિમાં જોવા મળી હતી, ત્યારબાદ ચૌધરી-ચૌધરા, પટેલિયા, કુનબી, ગામીત- ગાવિત, ધાનકા અને કુકણા-કોંકણીમાં જોવા મળે છે. જયારે સીદી, વારલી, રાઠવા, રબારી, કાથોડી, પઢાર, નાયકા-નાયકડાઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું જોવા મળ્યું છે. તેમાંય ખાસ કરીને સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ખૂબજ નીચું જોવા મળ્યું છે.

**કોઠા નં.૨.૭**
**આદિવાસીઓમાં જાતિવાર શિક્ષણ-૨૦૦૧**

| ક્રમ | જાતિનું નામ | કુલ વસતિમાં ભણેલા | | | કુલ શિક્ષિત | કુલ અભણ |
|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરૂષ | સ્ત્રી | ટકા | ટકા |
| | ગુજરાત | ૨૯૪૩૮૯૮ | ૧૮૪૭૦૯૪ | ૧૦૯૬૮૦૪ | ૩૯.૩૫ | ૬૦.૬૫ |
| ૧. | બરડા | ૪૬૮ | ૨૯૦ | ૧૭૮ | ૬૦.૩૯ | ૩૯.૬૧ |
| ૨. | બાવચા-બામચા | ૨૩૮૦ | ૧૪૦૭ | ૯૭૩ | ૫૭.૭૦ | ૪૨.૩૦ |
| ૩. | ભરવાડ | ૪૬૫ | ૨૯૯ | ૧૬૬ | ૨૮.૭૨ | ૭૧.૨૮ |
| ૪. | ભીલ | ૧૨૨૫૦૯૮ | ૭૯૯૧૨૦ | ૪૨૫૯૭૮ | ૩૫.૬૦ | ૬૪.૪૦ |
| ૫. | ચારણ | ૬૦૯ | ૩૯૯ | ૨૧૦ | ૨૪.૫૫ | ૭૫.૪૫ |
| ૬. | ચૌધરી | ૧૫૫૦૦૮ | ૮૮૫૩૭ | ૬૬૪૭૧ | ૫૪.૮૯ | ૪૫.૧૧ |
| ૭. | ચોધરા | ૩૫૯૪ | ૨૦૭૭ | ૧૫૧૭ | ૫૨.૯૬ | ૪૭.૦૪ |
| ૮. | ધાનકા-તડવી-તેતરિયા | ૧૧૨૯૫૮ | ૭૩૭૩૩ | ૩૯૨૨૫ | ૪૪.૭૧ | ૫૫.૨૯ |
| ૯. | ધોડિયા | ૩૯૪૯૮૭ | ૨૨૨૨૮૩ | ૧૭૨૭૦૪ | ૬૭.૦૫ | ૩૨.૯૫ |
| ૧૦. | તલાવિયા,હળપતિ | ૨૪૩૨૫૨ | ૧૪૫૩૬૧ | ૯૭૮૯૧ | ૪૦.૭૫ | ૫૯.૨૫ |
| ૧૧. | ગામિત,ગાવિત,ગામ્ટા | ૧૬૧૬૮૦ | ૯૩૮૦૦ | ૬૭૮૮૦ | ૪૫.૬૩ | ૫૪.૩૭ |
| ૧૨. | ગોંડ-રાજગોંડ | ૯૦૨ | ૫૫૪ | ૩૪૮ | ૪૧.૯૧ | ૫૮.૦૯ |
| ૧૩. | કાથોડી, કાતકરી | ૧૧૧૪ | ૭૧૯ | ૩૯૫ | ૧૯.૧૪ | ૮૦.૮૬ |
| ૧૪. | કોંકણા,કોંકણી,કુકણા | ૧૪૧૬૨૭ | ૮૬૩૮૫ | ૫૫૨૪૨ | ૪૨.૯૮ | ૫૭.૦૨ |
| ૧૫. | કોળી (કચ્છ) | ૧૯૩૮૬ | ૧૪૯૦૭ | ૪૪૭૯ | ૨૦.૨૭ | ૭૯.૭૩ |
| ૧૬. | કોલીઢોર,ટોકરેકોળી, કોલઘા/કોલચા | ૧૫૫૩૩ | ૯૬૫૩ | ૫૮૮૦ | ૩૨.૦૮ | ૬૭.૯૨ |
| ૧૭. | કુનબી | ૨૨૨૧૨ | ૧૩૧૪૫ | ૯૦૬૭ | ૫૧.૩૧ | ૪૮.૬૯ |
| ૧૮. | નાયક-નાયકડા, ચોલીવાલા નાયકા | ૧૧૫૦૭૪ | ૭૪૯૬૪ | ૪૦૧૧૦ | ૨૯.૨૮ | ૭૦.૭૨ |
| ૧૯. | પઢાર | ૫૫૬૫ | ૩૯૪૭ | ૧૬૧૮ | ૨૪.૮૨ | ૭૫.૧૮ |
| ૨૦. | પારાધી(કચ્છ) | ૨૨૦૫ | ૧૫૦૨ | ૭૦૩ | ૩૦.૬૭ | ૬૯.૩૩ |

| ક્રમ | જાતિનું નામ | કુલ વસતિમાં ભણેલા | | | કુલ શિક્ષિત | કુલ અભણ |
|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરૂષ | સ્ત્રી | ટકા | ટકા |
| ૨૧. | પારધી,અડવિચિંચર ફનસેપાધરી | ૧૩૦૭ | ૮૦૬ | ૫૦૧ | ૪૫.૫૧ | ૫૪.૪૯ |
| ૨૨. | પટેલિયા | ૫૭૦૩૬ | ૩૬૫૨૩ | ૨૦૫૧૩ | ૫૨.૧૪ | ૪૭.૮૬ |
| ૨૩. | પોમલા | ૩૮૯ | ૨૩૪ | ૧૫૫ | ૪૭.૫૦ | ૫૨.૫૦ |
| ૨૪. | રબારી | ૪૭૩૩ | ૨૯૯૬ | ૧૭૩૭ | ૩૦.૭૦ | ૬૦.૩૦ |
| ૨૫. | રાઠવા | ૧૬૦૮૩૧ | ૧૧૨૧૦૩ | ૪૮૭૨૮ | ૩૦.૦૫ | ૬૯.૯૫ |
| ૨૬. | સીદી | ૪૨૪૨ | ૨૫૮૩ | ૧૬૫૯ | ૪૮.૯૭ | ૫૧.૦૩ |
| ૨૭. | વાઘરી (કચ્છ) | ૩૩૬૭ | ૨૩૫૮ | ૧૦૦૯ | ૧૯.૮૪ | ૮૦.૧૬ |
| ૨૮. | વારલી | ૬૪૭૧૦ | ૪૨૦૬૮ | ૨૨૬૪૨ | ૨૫.૩૫ | ૭૪.૬૫ |
| ૨૯. | કોટવાળિયા,વિટોળિયા બરોડિયા | ૬૭૯૬ | ૩૮૮૨ | ૨૯૧૪ | ૩૧.૬૮ | ૬૮.૩૨ |

આમ આદિવાસીઓમાં જાતિવાર શિક્ષણ જોતાં ગ્રામીણ અને આદિવાસી મહિલાઓ શૈક્ષણિક દ્રષ્ટિએ પછાત છે. પુરુષોની તુલનામાં સ્ત્રી શિક્ષણની ટકાવારી નીચી છે. સ્ત્રી શિક્ષણની સમસ્યાઓ ઘણી છે. શહેર કરતાં ગ્રામીણ અને આદિવાસી વિસ્તારમાં નિરક્ષરતાનું પ્રમાણ વિશેષ છે. ગ્રામીણ આદિવાસી વિસ્તારમાં હજુ પણ પ્રાથમિક કક્ષાએ શિક્ષણ લેતી છોકરીઓની સંખ્યા છોકરાઓ કરતાં ઓછી છે. અભ્યાસ કરવા માટે આદિવાસી સ્ત્રીઓને ઘરમાંથી પૂરતી સવલત મળતી નથી. આદિવાસી વિસ્તારોમાં બહુ બહુ તો છોકરીઓ સાત ધોરણ પછી આગળ ભણે તેવું વાલીઓ ઈચ્છતા નથી. પરિણામે છોકરીઓ અધવચ્ચે અભ્યાસ છોડી દે છે અને શિક્ષણનાં હક્કોથી છોકરીઓ વંચિત રહી જાય છે. જેની પાછળ અનેક કારણો છે. જે હવે પછીનાં પ્રકરણમાં આગળ જોઈશું.

# પ્રકરણ-૩

# સ્થળાંતરિત આદિવાસી શ્રમિકો : આર્થિક જીવન

**વસ્તી અને વિસ્તાર :**

દેશમાં આદિવાસી વસ્તી ધરાવતાં રાજયોમાં ગુજરાત ચોથા નંબરે આદિવાસીઓની બહોળી વસ્તી ધરાવનારાં રાજયોમાંનું એક છે. દેશની કુલ આદિવાસી વસ્તીનાં પ્રમાણ કરતાં તે બમણું છે. ગુજરાતમાં દર સાત વ્યક્તિએ એક આદિવાસી છે.

ગુજરાત રાજયમાં ઉત્તરે અંબાજીથી માંડીને દક્ષિણે ડાંગ સુધીનો અરવલ્લી, વિધ્યાચળ અને સાતપુડાની પર્વતમાળા અને જંગલો સરહદી વિસ્તારોમાં અનુક્રમે ઉત્તરે અરવલ્લીની હારમાળાઓમાં બનાસકાંઠા, સાબરકાંઠા જિલ્લાઓનો સરહદી વિસ્તાર, મધ્ય ગુજરાતમાં પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લાઓ દક્ષિણનો સાતપુડાના ડુંગરોવાળા સુરત, વલસાડ, નવસારી, તાપી અને ડાંગ જિલ્લાઓનાં પહાડો તથા જંગલવાળા વિસ્તારોમાં આદિવાસીઓ વસે છે. જે તેઓનું મુખ્ય નિવાસ સ્થાન છે અને આ વિસ્તારો આદિવાસી વિસ્તારો તરીકે ઓળખાય છે. આ જિલ્લાઓ સિવાય બીજા અન્ય જિલ્લાઓમાં આદિવાસીઓની વસ્તી વધતાં-ઓછા પ્રમાણમાં આવેલી છે. જેમાં જૂનાગઢના જંગલ પ્રદેશમાં અમદાવાદ, સુરેન્દ્રનગર જિલ્લાનાં નળસરોવરનાં વિસ્તારમાં આદિવાસી વસ્તી છે.

ગુજરાતની કુલ વસ્તી ૫ કરોડ ૬ લાખ જેટલી છે. જેમાં અનુસૂચિત જનજાતિની વસ્તી કુલ વસ્તીનાં ૧૪.૭૬% છે. ગુજરાતમાં કુલ ૨૫ જાતિઓનો અનુસૂચિત જનજાતિઓમાં સમાવેશ કરવામાં આવેલો છે. આ મુખ્ય જાતિઓમાં ઉત્તરનાં વિસ્તારમાં ડુંગરી ગરાસિયા, ભીલ ગરાસિયા, પટેલીયાની વસ્તી મુખ્યત્વે છે. મધ્યભાગમાં ભીલ, વસાવા, રાઠવા, ધાનકા અને દક્ષિણમાં હળપતિ, ચૌધરી, વારલી, કૂનબી અને કોટવાળિયા છે. આદિવાસી અર્થવ્યવસ્થાને અલ્પવિકસિત અર્થવ્યવસ્થા ગણવામાં આવે છે. ભારતની જેમ ગુજરાતનાં આદિવાસીઓમાં પણ આ વ્યવસ્થા મિશ્ર અર્થતંત્રની છે. ગુજરાતમાં અનુસૂચિત જનજાતિની વસતિ કુલ વસતિનાં ૧૪.૭૬ ટકા છે. આમાંથી લગભગ મોટાભાગનો વર્ગ ખેતી અને ખેતમજૂરીમાં જોડાયેલો છે. તેમાંથી તેમનાં કુટુંબનું વર્ષભર ગુજરાન થવું મુશ્કેલ છે કારણ કે તેમની પાસે પૂરતા પ્રમાણમાં જમીન નથી, અને જે જમીન છે તે પણ ખડકાળ, ઢોળાવવાળી, કોતરોવાળી, જંગલથી ઘેરાયેલી અને અપૂરતા કસવાળી છે. મોટાભાગનાં જમીન માલિકો પાસે ૫ એકર કરતાં પણ ઓછી જમીન છે. જમીન ધરાવતા આદિવાસીઓની અનેક સમસ્યાઓ છે. તેના કરતાં વધુ સમસ્યાઓનો ભોગ બનેલા જમીન વિહોણા આદિવાસીઓની છે. કેટલાંક વિસ્તારમાં લોકોને પોતાનાં ગામમાં કે આજુબાજુનાં ગામોમાં પૂરતી મજુરી પણ મળી શકતી નથી. તેથી પોતાનાં કુટુંબનું ભરણપોષણ કરવા આદિવાસીઓનો મોટો વર્ગ પોતાનું વતન છોડી એક સ્થળથી બીજે સ્થળે બિન આદિવાસી વિસ્તારમાં સ્થળાંતર કરે છે. સ્થળાંતરિત વિસ્તારમાં તેઓ ખેતમજૂરી, કારખાનાઓમાં, બાંધકામ મજૂરી રસ્તાકામ, તમાકુની ખળીઓમાં તેમજ નાના ઉદ્યોગોમાં જે મજૂરી મળે તે મજૂરી કરતા હોય છે. સાથે સ્ત્રીઓ તેમજ નાના બાળકોને પણ લઈ જાય છે. કયારેક કુદરતી પરિબળો પણ સમસ્યા સર્જે છે. આવા

સમયે આર્થિક સમસ્યાને કારણે આદિવાસી લોકો રોજગારી મેળવવાના હેતુથી નજીકનાં શહેરમાં સ્થળાંતર કરે છે. અગાઉ જણાવ્યા અનુસાર મોટાભાગનાં આદિવાસીઓ આર્થિક સ્થિતિ સારી ન હોવાને કારણે તેઓ મૂડીરોકાણ કરીને પોતાનો વ્યવસાય કે ધંધો પણ કરી શકતા નથી. આથી મોટાભાગના આદિવાસી વર્ગ સ્થળાંતર કરીને રોજગારી મેળવે છે.

સ્થળાંતર કરતાં લોકો શાળામાં ભણતા પોતાનાં બાળકોને પણ તેમની સાથે લઈને જાય છે. જેથી બાળકોની શાળામાં સતત ગેરહાજરી રહે છે અને શાળામાં અનિયમિત થાય છે. કારણકે જૂન માસમાં પોતાના ગામની શાળામાં બાળકને દાખલ કર્યા પછી સપ્ટેમ્બર સુધી શાળામાં જતું હોય છે અને ત્યારબાદ સ્થળાંતર કરવાના કારણે બાળક શાળા છોડી જાય છે. પરિણામે એવા કુટુંબના બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે. પછી તે ક્યારેય શિક્ષણ મળવી શકતુ નથી.

આજની પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થાનો પ્રભાવ આદિવાસી સમાજમાં પણ જોવા મળે છે. આદિવાસી લોકો પણ કન્યાઓને વધારે શિક્ષણ આપવામાં રસ દાખવતા નથી. શાળામાં મોકલવામાં આનાકાની કરે છે. પોતાનાં ગામની શાળામાં જ્યાં સુધી શિક્ષણ મળે ત્યાં સુધીનું જ શિક્ષણ અપાવે છે. બીજા ગામ કે શહેરની શાળામાં ભણવા માટે મોકલવાની તેમની માનસિક તૈયારી હોતી નથી. આદિવાસી સમાજમાં છોકરીઓ લગભગ દસ થી બાર વર્ષની ઉંમર થયા પછી તેમને ઘરનાં કામોમાં રોકે છે. જેમાં ખાસ કરીને ઘરનાં નાના બાળકોની દેખભાળ રાખવા માટે, પાણી ભરવા માટે, રસોઈ કામમાં મદદ કરવા જેવા અન્ય કામોની જવાબદારી ઘરની છોકરીઓ ઉપર લાદવામાં આવે છે. ઉપરાંત શૈક્ષણિક વાતાવરણનાં અભાવે કન્યાઓ વધારે શિક્ષણ મેળવી શકતી નથી. જેથી આદિવાસી કન્યાઓનો શૈક્ષણિક વિકાસ થઈ શકતો નથી.

ઊંડાણનાં વિસ્તારમાં રહેતા આદિવાસીઓ શરૂઆતથી જ શૈક્ષણિક રીતે પછાત હતા. તેને અનુલક્ષીને ભૂતકાળમાં આદિવાસી લોકોમાં જાગૃતિ આવે તે માટે શિક્ષણનાં ઘણાં સંનિષ્ઠ પ્રયત્નો થયા હતા. છેલ્લા ત્રણેક દશકાથી આદિવાસીઓનાં શિક્ષણ ઉપર ખૂબ જ ભાર દેવાય છે. સ્થળાંતરને કારણે આદિવાસી બાળકો શિક્ષણથી વંચિત ન રહે તેમનો શૈક્ષણિક વિકાસ સધાય તે હેતુસર તેમની વાસ્તવિક પરિસ્થિતિને સમજવા ગુજરાત રાજયનાં આદિજાતિ વિકાસ વિભાગ તરફથી ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત 'આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને આદિવાસી મહિલા શિક્ષણ પર સ્થળાંતરની અસર' નો અભ્યાસ હાથ ધરવા અંગે કેન્દ્રની સલાહકાર સમિતિએ સૂચવ્યું હતું.

સ્થળાંતર પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. કુદરતી પ્રકોપને લીધે ભૂકંપ, પૂર કે દુષ્કાળને લીધે, સામાજિક કારણોસર, રાજકીય કારણોસર સ્થળાંતર કરવું પડતું હોય છે. અભ્યાસ હેઠળનાં મોટાભાગનાં આદિવાસીઓ મુખ્યત્વે આર્થિક કારણોસર સ્થળાંતર કરતાં જોવા મળ્યા છે. કારણકે આજે ગામડામાં ખેતી, ખેતમજૂરી તેમજ અન્ય ધંધામાં રોજગારીની તકોના અભાવને લીધે લોકો કામની શોધમાં બહાર જતાં હોય છે. ગામડામાં ઓછી જમીન, જમીનમાં ઉત્પાદકતા ઓછી, વરસાદની અનિશ્ચિતતા તેમજ જમીનના ભાગલા પડવાને લીધે પણ આદિવાસી મજૂરો આજે પણ રોજગારીની શોધમાં રાજયનાં વિવિધ સ્થળોએ સ્થળાંતર કરે છે.

ગુજરાતમાં આદિવાસી સ્થળાંતરિત શ્રમિકોનું પ્રમાણ વર્ષોવર્ષ વધતું જાય છે. રાજયનાં કુલ ૨૫ જિલ્લાઓમાંથી ૧૨ જિલ્લાનાં ૪૩ તાલુકાઓ આદિવાસી બહુમતી ધરાવતા વિસ્તારો છે. કેટલાં આદિવાસી વિસ્તારમાં લોકોને પોતાના ગામમાં કે આજુબાજુનાં ગામોમાં પૂરતી મજૂરી પણ મળી શકતી નથી. તેથી પોતાનાં કુટુંબનાં ભરણ-પોષણ માટે રાજયનાં કેટલાક ચોક્કસ વિસ્તારોમાં રોજગારીના અમુક નિયત ક્ષેત્રોમાં તેઓ પોતાનું મૂળવતન છોડી આજીવિકા રળવા માટે આવે છે.

પ્રસ્તુત અભ્યાસમાં અમદાવાદ, વડોદરા અને સુરત શહેરોમાં આવેલ સ્થળાંતરિત આદિવાસીઓમાંથી નમૂનાનાં કુલ ૧૦૫ સ્થળાંતરિત આદિવાસીઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે. હાલમાં અમદાવાદ, વડોદરા તેમજ સુરત શહેરમાં બાંધકામ ક્ષેત્રે અનેક પ્રવૃત્તિ વિસ્તરતી જાય છે. શહેરની આર્થિક પ્રવૃત્તિનાં પાયારૂપ ઉદ્યોગોની તુલનામાં બાંધકામનાં ક્ષેત્રે રોજગારીની વૃધ્ધિનો દર ઊંચો જોવા મળે છે. પરિણામે આદિવાસીઓ બાંધકામની પ્રવૃત્તિમાં મજૂરી કરવાની ગણતરીમાં સ્થળાંતર કરે છે.

**કોઠા નં.૩.૧**

**સ્થળાંતરિત આદિવાસીઓની જાતિ**

| ક્રમ | શહેર | ભીલ | પટેલીયા | કુલ |
|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩૩ | ૨ | ૩૫ |
| ૨. | વડોદરા | ૩૪ | ૧ | ૩૫ |
| ૩. | સુરત | ૩૨ | ૩ | ૩૫ |
| ૪. | **કુલ** | **૯૯** | **૬** | **૧૦૫** |
| | **ટકા** | **૯૪.૨૯** | **૫.૭૧** | **૧૦૦.૦૦** |

અભ્યાસમાં આવરેલ સ્થળાંતરિત આદિવાસીઓનું જાતિવાર પ્રમાણ જોતાં જણાય છે કે જેઓ આર્થિક રીતે સૌથી વધુ પછાત છે તેઓ વિશેષ સંખ્યામાં પોતાનાં જીવનનિર્વાહ માટે સ્થળાંતર કરે છે. અમદાવાદ, વડોદરા અને સુરત શહેરોમાં આવેલા સ્થળાંતરિતોમાંથી અભ્યાસમાં પસંદ કરેલ કુલ ૧૦૫ સ્થળાંતરિતો પૈકી મોટાભાગે ૯૯(૯૪.૨૯ ટકા) સ્થળાંતરિતો ભીલ જાતિના અને ૬ (૫.૭૧ ટકા) સ્થળાંતરિતો પટેલીયા જાતિનાં જોવા મળ્યા હતાં. કોઠા નં.૩.૧માં જાતિ પ્રમાણે સ્થળાંતરિત આદિવાસીઓનું વર્ગીકરણ બતાવ્યું છે.

આમ સ્થળાંતરિત આદિવાસીઓમાં ભીલ જાતિનું પ્રમાણ વિશેષ જણાય છે. તેઓ આર્થિક રીતે વધુ પછાત હોઈ, વિશેષ સંખ્યામાં સ્થળાંતર કરે છે.

આ સ્થળાંતરિતો કયાંથી આવે છે તે જોઈએ તો મોટાભાગે દાહોદ અને પંચમહાલ જિલ્લાનાં ગ્રામીણ વિસ્તારોમાંથી સ્થળાંતર કરી આવ્યા હોવાનું જોવા મળે છે. જયાં વધારે મજૂરી મળે અને વધારે દિવસો મજૂરી મળે તા શહેરોમાં લોકોનું સ્થળાંતર વધારે હોવાની શકયતા છે. કોઠા નં.૩.૨માં સ્થળાંતરિતોના મૂળવતનનું વર્ગીકરણ દર્શાવવામાં આવ્યું છે. પ્રસ્તુત તપાસમાં આવરી લીધેલ અમદાવાદ, વડદરા તેમજ સુરત શહેરમાં મજૂરી અર્થે આવતા આદિવાસી મજૂરો પર અભ્યાસ કરવાનો હોઈ સૌ પ્રથમ તપાસનાં ત્રણેય શહેરોનાં સ્થળાંતરિતોનાં મૂળવતનની જાણકારી મેળવવાનો પ્રયત્ન કરતાં નીચે દર્શાવેલ વિગતો જાણવા મળી છે.

## કોઠા નં.૩.૨
## નમૂનાના કુટુંબોનાં મૂળવતન અંગેની માહિતી

| ક્રમ | સ્થળાંતરિત | વતન/ગામનું નામ | | કુટુંબ સંખ્યા | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧. | લીમખેડા | ૬ | |
| | | ૨. | અભલોડ | ૩ | |
| | | ૩. | સાંધાવાડા | ૧ | |
| | | ૪. | લીમડી | ૧ | |
| | | ૫. | રાજપોર | ૧ | |
| | | ૬. | ધારાડુંગર | ૧ | |
| | | ૭. | વાંકોલ | ૨ | |
| | | ૮. | ડુંગરા | ૨ | |
| | | ૯. | રખીયાતી ગુજ્જર | ૧ | |
| | | ૧૦. | ભાઠીવાડા | ૧ | |
| | | ૧૧. | ગાંગતલાઈ (રાજસ્થાન) | ૧ | |
| | | ૧૨. | વિજાગઢ-ખેડાફળિયુ | ૧ | |
| | | ૧૩. | મહેલીયા | ૧ | |
| | | ૧૪. | રૂપાખેડા | ૨ | |
| | | ૧૫. | વાંગીવાડ | ૧ | |
| | | ૧૬. | જેસાવાડા | ૨ | |
| | | ૧૭. | વાંકોલ | ૩ | |
| | | ૧૮. | ફુલપુરા | ૩ | ૩૫ |
| ૨. | વડોદરા | ૧૯. | મુવાડા | ૭ | |
| | | ૨૦. | ચીંદરી | ૨ | |
| | | ૨૧. | સૂરા | ૨ | |
| | | ૨૨. | આંબલી-પાણી-છોતરા | ૪ | |
| | | ૨૩. | ઉંબરપાળા | ૨ | |
| | | ૨૪. | વણઝારીયા | ૨ | |
| | | ૨૫. | ભાઠીવાડા | ૨ | |
| | | ૨૬. | લીમખેડા | ૨ | |
| | | ૨૭. | સુરીયા | ૨ | |
| | | ૨૮. | બારા | ૨ | |

| ક્રમ | સ્થળાંતરિત | વતન/ગામનું નામ | | કુટુંબ સંખ્યા | કુલ |
|---|---|---|---|---|---|
| | | ૨૯. | ઘોડાપુર | ૨ | |
| | | ૩૦. | દુધિયા | ૨ | |
| | | ૩૧. | જાલીયાપાડા | ૧ | |
| | | ૩૨. | દશબા | ૩ | ૩૫ |
| ૩. | સુરત | ૩૩. | ભાઠીવાડા | ૨ | |
| | | ૩૪. | શારદા | ૧ | |
| | | ૩૫. | બોરીયાળા | ૨ | |
| | | ૩૬. | ચોસાલા | ૩ | |
| | | ૩૭. | રાજવાડી | ૪ | |
| | | ૩૮. | કદવાવ | ૮ | |
| | | ૩૯. | ગરાડુ | ૧ | |
| | | ૪૦. | ચિલાકોટા | ૧ | |
| | | ૪૧. | પારેવા | ૧ | |
| | | ૪૨. | પાવડી | ૧ | |
| | | ૪૩. | રોણીયા | ૧ | |
| | | ૪૪. | મુ.તારવી,પો.સુઢિયા | ૧ | |
| | | ૪૫. | રૂપાખેડા | ૧ | |
| | | ૪૬. | હિરોળા | ૧ | |
| | | ૪૭. | બિલવાણી | ૧ | |
| | | ૪૮. | અભલોડ | ૧ | |
| | | ૪૯. | ઢેઢલાવ | ૧ | |
| | | ૫૦. | ઉભાપાડા | ૧ | |
| | | ૫૧. | મુવાડા | ૧ | |
| | | ૫૨. | ઝેરવાસવાણી | ૧ | |
| | | ૫૩. | ખડોદ | ૧ | ૩૫ |
| | કુલ | | | | ૧૦૫ |

ઉપરોક્ત દર્શાવેલ કોઠામાં દાહોદ અને પંચમહાલ જિલ્લાનાં કુલ ૫૩ ગામોમાંથી ૧૦૫ કુટુંબોએ સ્થળાંતર કર્યુ હતું. જેઓ શહેરી વિસ્તારમાં બાંધકામને લગતી વિવિધ મજૂરી કરી રોજગારી મેળવતા હતા.

**મૂળવતનમાં મકાનની માલિકી:**

કોઠા નં.૩.૩

મૂળવતનમાં મકાનની વિગત

| ક્રમ | શહેર | હા | | ના | કુલ |
|---|---|---|---|---|---|
| | | કાચુ | પાકુ | | |
| ૧. | અમદાવાદ | ૨૮ | ૨ | ૫ | ૩૫ |
| ૨. | વડોદરા | ૨૬ | ૧ | ૮* | ૩૫ |
| ૩. | સુરત | ૨૬ | ૨ | ૭ | ૩૫ |
| ૪. | કુલ | ૮૦ | ૫ | ૨૦ | ૧૦૫ |
| | ટકા | ૭૬.૧૯ | ૪.૭૭ | ૧૯.૦૪ | ૧૦૦% |
| | | ૮૦.૯૬ | | | |

* એક કોમન હોલ છે. જેમાં ૭-૮ કુટુંબો રહે છે. છત પર બે બાજુ ઢાળવાળા દેશી નળીયા છે. દિવાલ જેવું કાંઈ નથી.

પોતાનું વતન છોડી શહેરમાં આવનાર આદિવાસીઓને વતનમાં રહેવા માટે મકાન છે તે અંગે જાણવાનો પ્રયત્ન કરતાં મોટાભાગના ૮૦.૯૬ ટકા પોતાની માલિકીનું મકાન ધરાવતા હોવાનું જણાવતા હતાં. જયારે ૧૯.૦૪ ટકા ભાડાનાં મકાનમાં રહેતા હોવાનું જણાવ્યું હતું અને તે ભાડા પેટેની રકમ લગભગ રૂા.૧૫૦-૦૦ થી ૨૦૦-૦૦ ચૂકવતા હોવાનું જાણવા મળ્યું હતું.

અભ્યાસમાં સમાવિષ્ટ કુલ ૧૦૫ આદિવાસી સ્થળાંતરિત કુટુંબોમાંથી મોટાભાગનાં ૭૬.૧૯% કુટુંબોનાં મકાન કાચા હોવાનું જણાવતા હતા. માત્ર ૪.૭૭% કુટુંબો પાકા ઘરો ધરાવતા હતા. મહદ્અંશે સ્થળાંતરિતોનાં વતનના મકાનોમાં કાચા મકાનો જોવા મળ્યા હતા. ઘરની આગળના ભાગમાં વાંસ કે કાંટાની વાડ કરી ઢોરોને બાંધવામાં આવે છે. ઘર બાંધવાનો માલસામાન સ્થાનિક હોય છે. મકાનનાં છાપરા માટે મોટેભાગે દેશી નળિયાનો ઉપયોગ કરે છે. ઘર માટે પત્થરો, ઈંટો અને સિમેન્ટ કે ચૂનાનો ઉપયોગ ખૂબ ઓછો કરે છે.

**કોઠા નં.૩.૪**

**ઉત્તરદાતાની જાતિવાર વિગત**

| ક્રમ | શહેર | પુરૂષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧૬ | ૧૯ | ૩૫ |
| ૨. | વડોદરા | ૨૫ | ૧૦ | ૩૫ |
| ૩. | સુરત | ૨૨ | ૧૩ | ૩૫ |
| ૪. | કુલ | ૬૩ | ૪૨ | ૧૦૫ |
| | ટકા | ૬૦.૦૦ | ૪૦.૦૦ | ૧૦૦.૦૦ |

તપાસમાં આવરી લીધેલ ઉત્તરદાતાઓમાં ૬૦.૦૦ ટકા પુરુષો અને સ્ત્રીઓનું પ્રમાણ ૪૦.૦૦ ટકા જેટલું હતું.

**સ્થળાંતરિત આદિવાસી શ્રમિકોનું વયજૂથ :**

**કોઠા નં.૩.૫**

**ઉત્તરદાતાની વયજૂથ**

| ક્રમ | શહેર | ૧૫ થી ૨૦ | ૨૧ થી ૨૫ | ૨૬ થી ૩૦ | ૩૧ થી ૩૫ | ૩૬ થી ૪૦ | ૪૧ થી ૪૫ | ૪૬ થી ૫૦ | ૫૦ થી ઉપર | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧ | ૫ | ૫ | ૬ | ૧૦ | ૬ | ૧ | ૧ | ૩૫ |
| ૨. | વડોદરા | ૧ | ૩ | ૭ | ૯ | ૮ | ૪ | ૨ | ૧ | ૩૫ |
| ૩. | સુરત | - | - | ૫ | ૧૪ | ૧૦ | ૪ | ૨ | - | ૩૫ |
| ૪. | કુલ | ૨ | ૯ | ૧૭ | ૨૯ | ૨૮ | ૧૪ | ૫ | ૨ | ૧૦૫ |
| | ટકા | ૧.૯૦ | ૭.૬૨ | ૧૬.૧૯ | ૨૭.૬૨ | ૨૬.૬૭ | ૧૩.૩૩ | ૪.૭૭ | ૧.૯૦ | ૧૦૦ |

અભ્યાસ હેઠળનાં સ્થળાંતરિતોમાંથી મોટાભાગનાં ૨૫ થી ૪૫ની વયજૂથ ધરાવતા સ્થળાંતરિત જોવા મળ્યા હતા. જેમાં ૨૭.૬૨ ટકા સ્થળાંતરિતો ૩૧ થી ૩૫ની ઉંમર ધરાવતા હતાં, ૩૬ થી ૪૦ની ઉંમર ધરાવતા ૨૬.૬૭ ટકા, ૨૬ થી ૩૦ની ઉંમર ધરાવતા ૧૬.૧૯ ટકા, ૪૧ થી ૪૫ વર્ષની વય ધરાવતા ૧૩.૩૩ ટકા જોવા મળ્યા હતા. જયારે ૭.૬૨ ટકા ૨૧ થી ૨૫ વર્ષની વયના, ૪.૭૭ ટકા ૪૬ થી ૫૦ વર્ષની ઉંમરનાં જોવા મળ્યા હતાં. માત્ર ૩.૦૮ ટકા ૧૫ થી ૨૦ અને ૫૦થી ઉપરની વયજૂથ ધરાવતા જોવા મળ્યા હતા.

આમ કહી શકાય કે વધારે પરિશ્રમવાળા કામો જેવાકે મકાન બાંધકામ, રોડકામ, કમ્પાઉન્ડવોલ તેમજ છૂટક કડિયાકામ જેવા કન્સ્ટ્રકશનના કામોમાં યુવા વર્ગનાં સભ્યો કામ કરતાં હતાં.

સ્થળાંતરિતોની વયજૂથ જોતાં ૫૦ વર્ષથી ઉપરનાં સભ્યો નહિવત સંખ્યામાં જોવા મળ્યા હતા. બાંધકામ પ્રવૃત્તિમાં સખત મજૂરી કરવાની હોઈ, ૫૦ કે તેથી વધુ ઉંમરનાં સભ્યોમાં સ્થળાંતરનું પ્રમાણ ઓછું દેખાઈ આવે છે.

**સ્થળાંતરિતો સાથે આવનારની વિગત :**

**કોઠા નં.૩.૬**

**સ્થળાંતરિતો સાથે આવનારની વિગત**

| ક્રમ | શહેર | વ્યક્તિગત | | કુટુંબનાં સભ્યો | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | |
| ૧. | અમદાવાદ | ૩ | ૨ | ૧૩ | ૧૭ | ૧૬ | ૧૯ | ૩૫ |
| ૨. | વડોદરા | ૨ | ૧ | ૨૩ | ૯ | ૨૫ | ૧૦ | ૩૫ |
| ૩. | સુરત | ૨ | ૨ | ૨૦ | ૧૧ | ૨૨ | ૧૩ | ૩૫ |
| ૪. | કુલ | ૭ | ૫ | ૫૬ | ૩૭ | ૬૩ | ૪૨ | ૧૦૫ |
| | ટકા | ૧૧.૧૧ | ૧૧.૯૦ | ૮૮.૮૯ | ૮૮.૧૦ | ૬૦.૦૦ | ૪૦.૦૦ | ૧૦૦.૦૦ |
| | | ૧૨<br>૧૧.૪૨ | | ૯૩<br>૮૮.૫૮ | | ૧૦૫<br>૧૦૦.૦૦ | | |

શહેરોમાં મજૂરી માટે આવેલ સ્થળાંતરિતો એકલા કે કુટુંબનાં સભ્યો સાથે આવ્યા હતાં ? તે અંગે માહિતી મેળવવાનો પ્રયત્ન કરતાં કુલ ૧૦૫ સભ્યો પૈકી ૯૩ (૮૮.૫૮ ટકા) સભ્યોએ કુટુંબ સાથે સ્થળાંતર કર્યું હોવાનું જાણવા મળ્યું હતું. જયારે માત્ર ૧૨ (૧૧.૪૨ ટકા) સભ્યો પોતે એકલા જ આવ્યા હોવાનું જણાયું હતું. બાકીનાં સભ્યોને વતનમાં મુકીને આવ્યા હતા.

શહેરમાં આવનાર કુલ ૬૩ પુરુષોની સંખ્યામાં ૫૬ સભ્યો કુટુંબ સાથે અને ૪૨ સ્ત્રીઓની સંખ્યામાં ૩૭ સ્ત્રીઓએ કુટુંબનાં સભ્યો સાથે સ્થળાંતર કર્યું હતું.

જયારે શહેરમાં એકલા આવનાર કુલ પુરુષોની સંખ્યામાં ૭ પુરુષો અને સ્ત્રીઓની સંખ્યામાં ૫ સ્ત્રીઓ એકલી આવી હતી. કે જેઓ પોતાના કાકા-કાકી મોટાભાઈ-બહેનો તેમજ નજીકનાં સગા-સંબંધી સાથે રહેતા હોવાનું જણાવતા હતાં. ટૂંકમાં તેઓ કુટુંબનાં કોઈ વડીલ અથવા જવાબદાર વ્યક્તિ સાથે સ્થળાંતર થઈને આવેલા હતાં.

**કુટુંબના સભ્યોનું વયજૂથ :**

કોઠા નં. ૩.૭

કુટુંબના સભ્યોનું વયજૂથ

| ક્રમ | શહેર | ૦ થી ૬ | | ૭ થી ૧૪ | | ૧૫ થી ૨૫ | | ૨૬ થી ૩૫ | | ૩૬ થી ૫૦ | | ૫૦થી ઉપર | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી |
| ૧. | અમદાવાદ | ૧૭ | ૮ | ૨૯ | ૨૬ | ૮ | ૭ | ૧૫ | ૧૮ | ૨૨ | ૧૧ | ૨ | ૩ | ૯૩ | ૭૪ |
| ૨. | વડોદરા | ૨ | ૧૩ | ૧૮ | ૨૦ | ૬ | ૭ | ૧૪ | ૧૯ | ૧૯ | ૯ | ૩ | ૧ | ૬૨ | ૬૯ |
| ૩. | સુરત | ૪ | ૧૪ | ૨૦ | ૨૧ | ૮ | ૧૦ | ૧૮ | ૨૦ | ૨૧ | ૧૦ | ૩ | ૨ | ૭૪ | ૭૭ |
| ૪. | કુલ | ૨૩ | ૩૬ | ૬૭ | ૬૭ | ૨૨ | ૨૪ | ૪૭ | ૫૭ | ૬૨ | ૩૦ | ૮ | ૬ | ૨૨૯ | ૨૨૦ |
| | કુલ સંખ્યા | ૫૯ | | ૧૮૦ | | | | ૧૦૪ | | ૯૨ | | ૧૪ | | ૪૪૯ | |
| | ટકા | ૧૩.૧૪ | | ૪૦.૦૮ | | | | ૨૩.૧૭ | | ૨૦.૫૦ | | ૩.૧૧ | | ૫૧.૦૦ | |

અભ્યાસમાં આવરેલ સ્થળાંતરિત કુટુંબોનાં સભ્યોનું વયજૂથ જોતાં નાના બાળકો અને યુવાન સ્ત્રી પુરુષોની સભ્ય સંખ્યા સવિશેષ જોવા મળી હતી. ૦ થી ૬ વર્ષની વયનાં બાળકો કુલ મળીને ૫૯ (૧૩.૧૪ ટકા) જોવા મળ્યા હતાં. ૭ થી ૨૫ વર્ષના યુવાન સ્ત્રી પુરુષો બંને મળીને ૧૮૦ (૪૦.૦૮ ટકા) જોવા મળ્યા હતા. ૨૬ થી ૩૫ વર્ષનાં વયની સભ્ય સંખ્યા ધરાવતા પુરુષો અને સ્ત્રીઓ ૧૦૪ (૨૩.૧૭ ટકા) અને ૩૬ થી ૫૦ વર્ષની વય ધરાવતા ૯૨ (૨૦.૫૦ ટકા) હતાં. જયારે માત્ર ૧૪ (૩.૧૧ ટકા) સભ્યો ૫૦ વર્ષથી ઉપરની વયનાં જોવા મળ્યા હતા.

આમ તપાસેલાં કુટુંબોની કુલ વસતિ ૪૪૯ની હતી.જેમાં ૨૨૯ (૫૧.૦૦ ટકા) પુરુષો હતાં. અને ૨૨૦ (૪૯.૦૦ટકા) સ્ત્રીઓનું પ્રમાણ હતું. સ્થળાંતરિત કુટુંબોમાં સ્ત્રીઓ કરતાં પુરુષોનું પ્રમાણ વિશેષ હતું.

**વૈવાહિક સ્થિતિ :**

**કોઠા નં.૩.૮**

**વૈવાહિક સ્થિતિ**

| ક્રમ | શહેર | પરણિત | | અપરણિત | | છૂટાછેડા/ ત્યકતા | વિધુર | વિધવા | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | | | | |
| ૧. | અમદાવાદ | ૩૬ | ૩૬ | ૫૦ | ૪૨ | ૧ | - | ૨ | ૧૬૭ |
| ૨. | વડોદરા | ૩૩ | ૩૩ | ૩૬ | ૨૮ | ૧ | - | - | ૧૩૧ |
| ૩. | સુરત | ૩૪ | ૩૪ | ૪૭ | ૩૬ | - | - | - | ૧૫૧ |
| ૪. | **કુલ** | **૧૦૩** | **૧૦૩** | **૧૩૩** | **૧૦૬** | **૨** | - | **૨** | **૪૪૯** |
| | **ટકા** | **૨૨.૯૩** | **૨૨.૯૩** | **૨૯.૬૪** | **૨૩.૬૨** | **૦.૪૪** | - | **૦.૪૪** | **૧૦૦** |
| | | **૪૫.૮૬** | | **૫૩.૨૬** | | | | | |

અભ્યાસ હેઠળનાં સ્થળાંતરિત કુટુંબોની વૈવાહિક સ્થિતિ સંદર્ભે જોઈએ તો કુલ સભ્ય સંખ્યામાંથી ૪૫.૮૬ ટકા પરણિત અને ૫૩.૨૬ ટકા સભ્યો અપરણિત હતાં. છૂટાછેડા કે ત્યકતા ૦.૪૪ ટકા, વિધવાનું પ્રમાણ ૦.૪૪ ટકા જેટલું નહિવત જોવા મળ્યું હતું. આમ કુટુંબનાં મોટાભાગનાં પરણિત અને અપરણિત યુવાવર્ગનાં સભ્યો સ્થળાંતર કરતાં જોવા મળે છે.

ઉપર મુજબ સ્થળાંતરિત કુટુંબોની સભ્ય સંખ્યા અને વયજૂથ તેમજ વૈવાહિક દરજ્જાને ધ્યાનમાં લીધા બાદ સ્થળાંતરિત કુટુંબોનાં મૂળ વતનની વ્યવસાયિક પરિસ્થિતિ વિષે જોઈએ.

વ્યવસાયિક પરિસ્થિતિ :

કોઠા નં.૩.૯

વ્યવસાય

| ક્રમ | શહેર | મૂળવતનમાં | | | અન્ય પૂરક વ્યવસાય | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ખેતી | ખેત મજૂર | કુલ | છૂટક મજૂરી | કડીયા કામ | ટ્રેક્ટર ચલાવવું | પ્લાસ્ટર કામ | અન્ય | કુલ |
| ૧. | અમદાવાદ | ૩૦ | ૫ | ૩૫ | ૧૮ | ૧૩ | ૨ | ૨ | - | ૩૫ |
| ૨. | વડોદરા | ૨૮ | ૭ | ૩૫ | ૨૦ | ૧૪ | - | ૧ | - | ૩૫ |
| ૩. | સુરત | ૨૬ | ૯ | ૩૫ | ૧૭ | ૧૪ | ૩ | ૧ | - | ૩૫ |
| ૪. | કુલ | ૮૪ | ૨૧ | ૧૦૫ | ૫૫ | ૪૧ | ૫ | ૪ | - | ૧૦૫ |
| | ટકા | ૮૦.૦૦ | ૨૦.૦૦ | ૧૦૦ | ૫૨.૩૯ | ૩૯.૦૪ | ૪.૭૭ | ૩.૮૦ | | |

મોટાભાગનાં આદિવાસીઓ હજુ આજે પણ અત્યંત અસુવિધાવાળા ગામોમાં પરંપરાગત જીવન જીવતા જોઈ શકાય છે. તેઓ પોતાનાં પરંપરાગત વ્યવસાયમાં રોકાઈ જે ઉત્પાદન મળે તેમાં પોતાના કુટુંબનું ભરણપોષણ કરતા હોય છે.

અભ્યાસ હેઠળનાં સ્થળાંતરિત કુટુંબોની વ્યવસાયિક પરિસ્થિતિને સમજવાનો પ્રયત્ન કરતાં કુલ ૧૦૫ કુટુંબો પૈકી ૮૪(૮૦.૦૦ ટકા) કુટુંબોનો મુખ્ય વ્યવસાય ખેતી હતો. ૨૧ (૨૦.૦૦ ટકા) કુટુંબો ખેતમજૂરી કરી પોતાનો જીવનનિર્વાહ કરતા હતાં. તેઓ વારસાગત મળેલી જમીનના ટુકડામાં ખેતીનો વ્યવસાય કરતા હતાં. પરંતુ તેના ઉપર નિર્ભર થવાય તેટલી આવક તેમનાં કુટુંબને મળતી ન હતી. મોટાભાગનાં કુટુંબોને ખેતી સિવાય અન્ય વ્યવસાયો પર આધાર રાખવો પડતો હોવાનું જોવા મળ્યું હતું. જેમાં આજુબાજુ નજીકનાં વિસ્તારોમાં જયાં મજુરી મળે તેવા સ્થળે જતાં હતા. જેમાં સૌથી વધુ ૫૫ (૫૨.૩૯ ટકા) છૂટક મજૂરી કરતાં હતાં. ૪૧ (૩૯.૦૪ ટકા) કડીયાકામ  કરતા હોવાનું જણાવતા હતાં. જયારે ૫ (૪.૭૭ ટકા) બાંધકામનો માલ-સામાન લાવવા તેમજ લઈ જવા માટે ટ્રેકટર ચલાવતા હતા અને ૪ (૩.૮૦ ટકા) પ્લાસ્ટરનું કામ કરતાં હતાં.

આમ ખેતીની જમીન ઓછી હોય તેમ જ પશુપાલન પણ બિનઉપજાઉ હોવાના કારણે મોટાભાગનાં કુટુંબોને રોજગારી અર્થે અન્ય મજૂરી પર આધાર રાખવો પડતો હોય છે.



સેન્ટીંગ કામ કરતા આદિવાસીઓ

## કોઠા નં.૧૦

### ખેતીલાયક જમીન

| ક્રમ | જિલ્લો | જમીન | | | પિયત | બિનપિયત | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | કુલ | | | |
| ૧. | અમદાવાદ | ૨૪ | ૧૧ | ૩૫ | ૧ | ૨૩ | ૨૪ |
| ૨. | વડોદરા | ૩૦ | ૫ | ૩૫ | ૨ | ૨૮ | ૩૦ |
| ૩. | સુરત | ૨૨ | ૧૩ | ૩૫ | ૧ | ૨૧ | ૨૨ |
| ૪. | કુલ | ૭૬ | ૨૯ | ૧૦૫ | ૪ | ૭૨ | ૭૬ |
| | ટકા | ૭૨.૩૮ | ૨૭.૬૨ | ૧૦૦ | ૫.૨૬ | ૯૪.૭૪ | |

સ્થળાંતરિત આદિવાસીઓના મૂળવતનની ખેતી હજી સુધી પછાત રહેવા પામી છે. કેમકે મહદ્અંશે ત્યાંની જમીન પથરાળ અને બિન ફળદ્રુપ છે અને સામાન્યપણે જે ખાદ્યપાક લેવાય છે જે વરસાદ આધારિત હોય છે.

તપાસ હેઠળનાં કુટુંબો પાસે જમીન છે તેઓમાંના કેટલાં પોતાની માલિકીની જમીન ધરાવે છે. તે બાબતે જોઈએ તો અભ્યાસમાં આવરેલ કુટુંબોમાં ૭૬ (૭૨.૩૮ ટકા) જમીન ધરાવતા હતા. ૨૯ (૨૭.૬૨ ટકા) કુટુંબો પોતાની માલિકીની જમીન ધરાવતા નથી. તેઓ બીજાની જમીનમાં ખેતમજૂરી કરી તેમના કુટુંબના નિર્વાહ માટે આવક પ્રાપ્તિ કરે છે.

અભ્યાસમાંના કુટુંબોમાં જમીન ધરાવતા કુલ ૭૬ કુટુંબોમાંથી માત્ર ૪ (૫.૨૬ ટકા) કુટુંબો પિયત કરીને ખેતી કરતા જોવા મળે છે. તેઓ કૂવા દ્વારા (મોટર મારફતે) સિંચાઈ કરતા હતાં. જયારે ૭૨ (૯૪.૭૪ ટકા) કુટુંબો ચોમાસાની ઋતુમાં વરસાદ આધારિત પાકો લેતાં હતાં. તપાસ હેઠળનાં સ્થળાંતરિત કુટુંબોની જમીનમાં તેમનાં ભાઈઓનો પણ ભાગ હોવાનું જણાવ્યું હતું.

**ખેતી પાછળ થતો અંદાજે ખર્ચ:**

**કોઠા નં.૩.૧૧**

**ખેતી પાછળ અંદાજે થતો ખર્ચ (વાર્ષિક)**

| ક્રમ | શહેર | ૫,૦૦૦થી ૧૦,૦૦૦ | ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ | ૧૬,૦૦૦ થી ૨૦,૦૦૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩૨ | - | ૨ | ૩૫ |
| ૨. | વડોદરા | ૩૩ | ૧ | ૨ | ૩૫ |
| ૩. | સુરત | ૨૬ | ૯ | - | ૩૫ |
| ૪. | કુલ | ૯૧ | ૧૦ | ૪ | ૧૦૫ |
| | ટકા | ૮૬.૬૭ | ૯.૫૩ | ૩.૮૦ | ૧૦૦.૦૦ |

અભ્યાસ હેઠળનાં સ્થળાંતરિત કુટુંબોમાં ખેતીનાં ઉત્પાદન માટે જે અંદાજિત ખર્ચ થાય છે તે ઉપરોક્ત કોઠામાં જોઈ શકાય છે. અભ્યાસ હેઠળમાં કુલ ઉત્તરદાતાઓમાંથી મોટાભાગનાં ૯૧ (૮૬.૬૭ ટકા) ૫,૦૦૦ થી ૧૦,૦૦૦ સુધીનો, ૧૦ (૯.૫૩ ટકા) ૧૦,૦૦૦થી ૧૫,૦૦૦ સુધીનો તેમજ ૪ (૩.૮૦ ટકા) ઉત્તરદાતાઓ ૧૬,૦૦૦ થી ૨૦,૦૦૦ સુધીનો ખર્ચ ખેતી પાછળ કરતા હોવાનું જણાવતા હતાં. જેમાં મોટાભાગે બિયારણ, હળભાડા અને ખેતમજૂરીનો સૌથી વધુ ખર્ચ થાય છે. તે ઉપરાંત છાણીયુ ખાતર, જંતુનાશક દવાઓ અને રાસાયણિક ખાતરનો ખર્ચ સામાન્ય રીતે કોઈને કોઈ સ્વરૂપે થતો હોવાનું જણાવે છે.

ખેતીમાંથી થતા ખેતીનાં ઉત્પાદન ખર્ચ પરથી જાણી શકાય છે કે લોકોને તેમની મજૂરીનાં પ્રમાણમાં કેટલુ ઓછું વળતર પ્રાપ્ત થતું હશે. એ સિવાય જમીનમાંથી ઉત્પાદન મેળવતા ખેડૂતો મર્યાદિત સાધનો તેમજ વસ્તુઓનો ઉપયોગ કરતા હોવાનું જણાવે છે.

**ખેતીમાંથી થતું ઉત્પાદન (વાર્ષિક) :**

**કોઠા નં.૩.૧૨**

**ખેતીમાંથી થતું ઉત્પાદન (વાર્ષિક)**

| ક્રમ | શહેર | | | | અંદાજે કિંમત | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧૦થી ૧૫ મણ | ૧૫ થી ૨૦ મણ | કુલ | ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ | ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦ | ૨૦,૦૦૦ થી ઉપર | કુલ |
| ૧. | અમદાવાદ | ૭ | ૨૮ | ૩૫ | ૧૨ | ૨૧ | ૨ | ૩૫ |
| ૨. | વડોદરા | ૧૦ | ૨૫ | ૩૫ | ૧૪ | ૨૧ | - | ૩૫ |
| ૩. | સુરત | ૮ | ૨૭ | ૩૫ | ૧૦ | ૨૩ | ૨ | ૩૫ |
| ૪. | કુલ | ૨૫ | ૮૦ | ૧૦૫ | ૩૬ | ૬૫ | ૪ | ૧૦૫ |
| | ટકા | ૨૩.૮૧ | ૭૬.૧૯ | ૧૦૦ | ૩૪.૨૮ | ૬૧.૯૦ | ૩.૮૨ | ૧૦૦ |

**અનાજ :** મકાઈ, ઘઉં, ચણા, ડાંગર, તુવેર

અભ્યાસ હેઠળનાં કુટુંબોને ખેતીમાંથી કેટલું ઉત્પાદન મળતુ હશે. તે વિષે જાણવાનો પ્રયત્ન કરતાં કુલ ૧૦૫ કુટુંબો પૈકી ૮૦ (૭૬.૧૯ ટકા) કુટુંબોને ૧૫ થી ૨૦ મણ જેટલું અનાજ થતું હોવાનું જાણવા મળે છે. જયારે ૨૫ (૨૩.૮૧ ટકા) ૧૦ થી ૧૫ મણ જેટલું અનાજનું ઉત્પાદન થતું હોવાનું જણાયું છે.

આ અનાજની અંદાજે વાર્ષિક કિંમત ૧૫,૦૦૦ થી ૨૦,૦૦૦ની થતી હોવાનું ૬૫ (૬૧.૯૦ ટકા), ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦ સુધીની હોવાનું ૩૬ (૩૪.૨૮ ટકા) જણાવતા હતાં. બાકીના અંદાજે ૨૦,૦૦૦ થી ઉપર કિંમત હોવાનું ૪ (૩.૨૮ ટકા) જણાવતા હતાં.

આજની મોંઘવારીના સંદર્ભમાં તેમજ તેમનો ખેતી પાછળનો વપરાશી ખર્ચ જોતાં ચોક્કસ ખ્યાલ આવે છે કે ખેતીમાંથી થતા ઉત્પાદનથી વર્ષ દરમ્યાન તેમનાં કુટુંબનો નિર્વાહ થતો નથી.

**પશુધન :**

અભ્યાસ હેઠળનાં કેટલાક કુટુંબો પશુઓને ખેતીનાં કામ માટે પાળે છે. ભેંસની સંખ્યા પ્રમાણમાં ઓછી જણાય છે. ગાય પણ કોઈ કોઈ કુટુંબોમાં રાખતા હોય તેવું જણાયું હતું. આ ઉપરાંત મોટાભાગનાં કુટુંબો મરઘા ઓછા-વત્તા પ્રમાણમાં પાળતા હોવાનું જણાયુ હતું.

અભ્યાસ હેઠળનાં સ્થળાંતરિત આદિવાસી કુટુંબોમાંથી પશુપાલનના વ્યવસાયથી જે આવકો જોવા મળી છે. તેમાં ગાય, ભેંસ અને મરઘા ઉછેર કરી આવકો મેળવતા હોય તેમ જણાય છે. તેઓ પશુઓમાંથી દૂધની આવકો મેળવતા હોય તેવું જાણવા મળ્યુ નથી.

**ખેતી સિવાયની વ્યવસાયિક લાક્ષણિકતાઓ :**

સ્થળાંતરિત આદિવાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી રહ્યો છે. જે તેમની મુખ્ય આવકનો સ્રોત છે

તેઓનો ભૂભૌગોલિક વિસ્તાર જોતાં વ્યવસ્થિત રીતે ઔદ્યોગિક એકમો વિકાસ પામી શકયા નથી. ખેતી સાથે ખેતમજૂરી, સ્થળાંતરિત મજૂરી, જંગલ આધારિત ગૌણ પેદાશો, પશુપાલન વગેરે વ્યવસાયો કરે છે. તેમની પરિસ્થિતિ જાણતા ખેતી આમ તો નિભાવલક્ષી હોય તેમ જણાય છે. ખેતીમાં તેઓ જે ઉત્પાદન કરે છે તેમાં મહદ્અંશે ધાન્યપાકો અને કઠોળનાં પાકો લેતા હોય છે.

તેઓની પાસે ખેતીલાયક જમીન ઘણી ઓછી છે. તેમની ખેતી કરવાની પધ્ધતિ પરંપરાગત પ્રાથમિક અવસ્થાની હોઈ, ખેતી માત્ર નિભાવલક્ષી છે. જેથી તેમનાં કુટુંબના ભરણપોષણ માટે અન્ય વ્યવસાય પર આધાર રાખવો પડે છે. જેવા કે સ્થળાંતરિત વિસ્તારોમાં કડીયાકામ, / બાંધકામ, છૂટક મજૂરી, ડ્રાઈવીગ તેમજ અન્ય મજૂરી કરનારા જૂથોની સંખ્યા ઘણી મોટી જોવા મળે છે.

જમીન ધરાવતા શ્રમિકો અત્યંત પછાત અને બિનઉપજાઉ કૃષિ ધરાવતા હોવાને કારણે સ્થળાંતરિતો પૈકીની મોટી સંખ્યામાં શાહુકારો, મોટા ખેડૂતો કે વેપારીઓનાં દેવામાં ડૂબેલા જણાય છે.

અભ્યાસમાં આવરેલ આદિવાસીઓની અર્થવ્યવસ્થા ખેતી આધારિત છે. પરંતુ કેટલાંક વિસ્તારમાં ઘણા ખેડૂતો માટે ખેતી બિન-ઉપજાઉ છે. આ માટે ઘણા કારણો જવાબદાર છે. માત્ર ખેતી ઉપર નભવું મુશ્કેલ હોવાથી અન્ય ગૌણવ્યવસાયો અપનાવવા પડે છે. પરંતુ ગૌણવ્યવસાય કરવા છતાં પણ તેમનાં કુટુંબનું ભરણપોષણ થઈ શકતુ નથી. આથી તેઓ તેમનાં વિસ્તારમાંથી સ્થળાંતર કરીને સારી આવક મળી શકે એવી મજૂરી કે વ્યવસાયમાં જોડાય છે. પોતાનાં ગામમાં કે આજુબાજુનાં ગામોમાં પૂરતી મજૂરી મળી શકતી નથી. તેથી બિન આદિવાસી વિસ્તારોમાં ખેતમજૂરી, બાંધકામ મજૂરી જેવા અન્ય વ્યવસાયોમાં જોડાય છે.

**આવક :**

કામ અંગેનું દૈનિક વેતન જોઈએ તો મોટેભાગે અમદાવાદ શહેરમાં સ્થળાંતરિત થઈને આવેલા સભ્યોની અંદાજે આવક ૭૦ રૂા.થી ૧૦૦ રૂા. સુધી મળતી હોવાનું જણાવે છે. વડોદરા શહેરમાં મજુરનો રોજ લગભગ ૭૦ રૂા. થી ૯૦ રૂા. સુધીનો જોવા મળ્યો છે. જયારે સુરત શહેરમાં અંદાજે ૬૦ રૂા.થી ૮૦ રૂા. સુધી વેતન મળતુ હોય તેમ જાણવા મળ્યું છે. કારીગર અને ચણતર કરનારને રૂા.૧૫૦ કે તેથી વધુ જયારે પ્લાસ્ટર કરનારને રૂા.૧૭૫ થી રૂા.૨૦૦નો રોજ મળે છે.

આમ સામાન્ય રીતે વ્યક્તિગત માસિક આવક જોઈએ તો અંદાજે રૂપિયા ૮૦૦ થી ૨,૦૦૦ સુધીની જોવા મળે છે. અમદાવાદનાં મોટાભાગનાં સભ્યોની લગભગ સરેરાશ માસિક આવક આશરે ૧,૦૦૦ થી ૧,૨૦૦ રૂપિયાની વચ્ચે જોવા મળે છે. વડોદરાના મોટાભાગનાં સભ્યોની લગભગ સરેરાશ માસિક આવક આશરે ૧,૨૦૦ થી ૧,૩૦૦ રૂપિયાની વચ્ચે જોવા મળે છે. જયારે સુરત શહેરમાં આશરે ૧,૨૦૦ થી ૧,૪૦૦ રૂપિયાની વચ્ચે જોવા મળે છે. આમ મજૂરીની આવકનો આધાર કામના પ્રકાર અને દિવસની સંખ્યા પર હોય તેમ જણાય છે.

**કુટુંબનો વાર્ષિક ખર્ચ :**

**કોઠા નં.૧૩**

**વાર્ષિક ખર્ચ**

| ક્રમ | શહેર | રૂા.૫૦,૦૦૦ સુધી | રૂા.૫૧,૦૦૦થી રૂા.૫૫,૦૦૦ | રૂા.૫૬,૦૦૦થી રૂા.૬૦,૦૦૦ | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧૪ | ૧૨ | ૯ | ૩૫ |
| ૨. | વડોદરા | ૧૨ | ૧૮ | ૫ | ૩૫ |
| ૩. | સુરત | ૯ | ૯ | ૧૭ | ૩૫ |
| ૪. | **કુલ** | **૩૫** | **૩૯** | **૩૧** | **૧૦૫** |
| | ટકા | **૩૩.૩૩** | **૩૭.૫૫** | **૨૯.૫૨** | **૧૦૦.૦૦** |

અભ્યાસ હેઠળનાં કુટુંબો વિવિધ વ્યવસાયો કરીને જે આવક પ્રાપ્ત કરે છે. તે આવકમાંથી પોતાના જીવનજરૂરિયાત માટે રોજબરોજની વપરાતી ચીજવસ્તુઓ પાછળ કેટલાક નાના મોટા ખર્ચાઓ કરતા હોય છે. જેમાં કુલ ૧૦૫ સ્થળાંતરિતો પૈકી ૩૯ (૩૭.૫૫ ટકા) અંદાજે રૂા. ૫૧,૦૦૦ થી રૂા. ૫૫,૦૦૦નો ખર્ચ થતો હોવાનું જણાવતા હતાં. ૩૫ (૩૩.૩૩ ટકા) લગભગ રૂા. ૫૦,૦૦૦ સુધીનો ખર્ચ કરતાં હતાં, જયારે ૩૧ (૨૯.૫૨ ટકા) આશરે રૂા. ૫૬,૦૦૦ થી રૂા. ૬૦,૦૦૦ સુધીનો વાર્ષિક ખર્ચ થવાનું જણાવતા હતાં. કુલ ખર્ચના લગભગ મોટાભાગનો ખર્ચ તો માત્ર ખાદ્યાખોરાકીમાં થતો હોય છે. ત્યાર પછીના ખર્ચમાં અનુક્રમે સામાજિક ખર્ચ, મુસાફરી, કપડાં, વ્યસન, માંદગી તેમજ ધાર્મિક પ્રસંગોએ ખર્ચ થતો હોય છે. કેટલાંક ખર્ચાઓ જેવા કે રોજબરોજની પ્રાથમિક જરૂરિયાતો દૂધ-ઘી, તેલ, શાકભાજી, ચા-ખાંડ, ગોળ, વગેરેનો છૂટક ખર્ચ તેઓ કરતા જોવા મળે છે. જયારે સાબુ, પગરખા જેવી કેટલીક ચીજવસ્તુઓનો ખર્ચ નહીવત રીતે કરતા હોવાનું જોવા મળે છે. કારણ કે તેઓ તેમની અપૂરતી રોજગારીની આવકમાં આવા દરેક ખર્ચાઓને પહોંચી વળતા નથી. કેટલીક વખતનો તેમને અર્ધભૂખ્યા પરિસ્થિતિમાં પણ રહેવું પડે છે.

આમ કહી શકાય કે સ્થળાંતરિત આદિવાસી કુટુંબોની જે આવક થાય છે તેમાંનો મોટોભાગ ખાદ્યાખોરાકી અને રોજબરોજના નાના-મોટા ખર્ચાઓમાં વપરાય છે. જવલ્લે જ એકાદ-બે કુટુંબોને માંડ માંડ થોડું વધતુ હશે. તેમની આવકનાં પ્રમાણમાં કુટુંબના જીવનનિર્વાહ પાછળ જ વધુ ખર્ચ થતો જણાય છે ઘણા બધા કુટુંબોનાં જીવનનિર્વાહ કરવાં માટે દેવું પણ કરવું પડે છે. આ દેવું તેઓ કોની પાસેથી કયા કારણોસર અને કેટલા વ્યાજે મેળવે છે તે જાણવાનો પ્રયત્ન અહીં કર્યો છે.

**દેવા વિષયક પરિસ્થિતિ :**

## કોઠા નં.૩.૧૪
## દેવા વિષય પરિસ્થિતિ

| ક્રમ | શહેર | સંખ્યા | હા | ના | કારણ | | | | | | 'હા' તો કોનું | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ખાદ્યા ખોરાકી/ ઘરખર્ચ | સામાજિક લગ્ન પ્રસંગે | ધાર્મિક | માંદગી | મકાન બાંધકામ | ખાતર ખર્ચ | સગા-સંબંધી | શાહુકાર | કોન્ટ્રા-ક્ટર | કુલ |
| ૧. | અમદાવાદ | ૩૫ | ૩૧ | ૪ | ૧૨ | ૬ | ૧ | - | - | ૨ | ૨૫ | ૨ | ૪ | ૩૧ |
| ૨. | વડોદરા | ૩૫ | ૩૨ | ૩ | ૨૧ | ૪ | ૨ | ૨ | - | ૩ | ૨૩ | ૨ | ૭ | ૨૩ |
| ૩. | સુરત | ૩૫ | ૩૪ | ૧ | ૨૩ | ૫ | ૩ | ૧ | ૧ | ૧ | ૩૦ | ૧ | ૩ | ૩૪ |
| ૪. | કુલ | ૧૦૫ | ૯૭ | ૮ | ૬૬ | ૧૫ | ૬ | ૩ | ૧ | ૬ | ૭૮ | ૫ | ૧૪ | ૯૭ |
| | ટકા | ૧૦૦ | ૯૨.૩૮ | ૭.૬૨ | ૬૮.૦૪ | ૧૫.૪૮ | ૬.૧૮ | ૩.૦૯ | ૧.૦૩ | ૬.૧૮ | ૮૦.૪૨ | ૫.૧૫ | ૧૪.૪૩ | ૧૦૦ |

ઉપરોકત કોઠા પરથી નિર્દેશ થાય છે કે અભ્યાસ હેઠળના કુલ ૧૦૫ પૈકી મોટાભાગના ૯૭ (૯૨.૩૮ ટકા) સ્થળાંતરિત કુટુંબોએ દેવુ કર્યુ હતું, જયારે માત્ર ૮ (૭.૬૨ ટકા) કુટુંબોને દેવું નથી તેમ દર્શાવે છે. દેવાદાર કુટુંબો મહદ્અંશે ખેતી, ખાદ્યાખોરાકી તેમજ ઘરવપરાશની ચીજવસ્તુઓની ખરીદી પાછળ દેવુ કરતા હોવાનું જણાય છે. આ ઉપરાંત સામાજિક, ધાર્મિક તેમજ બિમારી માટે ધિરાણ મેળવનારની સંખ્યા  પણ મોટી જણાય છે.

ઉત્તરદાતાઓની દેવાવિષયક માહિતી જોતાં તે લાંબાગાળા માટે, કે જે શાહુકાર કે કોન્ટ્રાકટરનાં દેવા હોય તેને જ દેવું ગણેલું  છે. પરંતુ રોજબરોજનાં વ્યવહારમાં દુકાનદાર, નજીકનાં સગાંવહાલા, સંબંધી કે જાતિભાઈ પાસે ઉછીના લીધા હોય તેને દેવું ગણવામાં આવતું નથી.  તેમની આર્થિક પરિસ્થિતિ નબળી તેમજ અનિશ્ચિત આવકને કારણે સ્થળાંતરિત કુટુંબોને કોઈ પ્રકારની બચત થતી નથી. પરંતુ તેઓ આર્થિક પરિસ્થિતિને પહોંચી વળવા દેવું કરતા હોય છે અને લાંબાસમય સુધી દેવાનું વ્યાજ ભરી શકતા નથી. તેમજ વ્યાજની ચોકસાઈ પૂર્વક ગણતરી કરી શકતા નથી.

ઘણીવાર સ્થળાંતર કરી બહારગામ મજૂરી જાય અને જયાં કામ કરે તેને ત્યાંથી પૈસાનો ઉપાડ કરે છે. આ ઉપાડ બદલ તેને ત્યાં જ કામ કરવું પડતું હોય છે. આ ઉપરાંત સ્થાનિક ખેતી કે મજૂરીની આવક ઓછી હોવાને કારણે તેમને ફરજિયાત ઘર છોડવું  પડતું હોય છે. આવા સમયે કુટુંબ સાથે  તેમનાં બાળકો પણ ચાલુ અભ્યાસ છોડી જતા હોય છે. જેમાં દિકરીઓનો પણ સમાવેશ થાય છે. જો વતનમાં ઘરે બાળકો મૂકીને જાય તો ત્યાં તેમનું ધ્યાન આપનાર કોઈ હોતું નથી. વયોવૃધ્ધ મા-બાપ હોય તે બાળકોને સાચવે, પણ અભ્યાસમાં ધ્યાન આપતા નથી. આમ સ્થળાંતરિત કુટુંબોના કેટલાક બાળકોને ભણવાની ઈચ્છા હોવા છતાં પણ નબળી આર્થિક પરિસ્થિતિને કારણે સ્થળાંતર કરવું જરૂરી બનતા અભ્યાસ છોડી દેવો પડે છે.

કુટુંબની મર્યાદિત આવક અને દેવાની  આર્થિક પરિસ્થિતિને કારણે ગામડાનાં ગરીબ કુટુંબોનાં, ખાસ કરીને અનુસૂચિત જાતિઓ / જનજાતિઓનાં કુટુંબોને રોજીરોટીની શોધમાં જીવનનિર્વાહ માટે સ્થળાંતર કરવું પડે છે. નહિવત્ સ્થળાંતરિતો એવા છે કે જેઓને શહેર તરફનું આકર્ષણ હોવાને કારણે સ્થળાંતર કર્યું છે. મોટાભાગનાં આદિવાસીઓમાં શિક્ષણ પ્રમાણ ઓછુ જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસ હેઠળનાં સ્થળાંતરિત આદિવાસીઓએ મહદ્અંશે આજીવિકા માટેનો કોઈ વિકલ્પ ન હોવાને કારણે પોતાના (કુટુંબના ભરણ-પોષણ માટે) જયાં કામ મળે તેવા શહેરોમાં સ્થળાંતર કર્યુ છે. જેમાં ''પુશ'' પરિબળ જવાબદાર ગણાવી શકાય.

**કોઠા નં.૩.૧૫**

**વતન છોડવાનું કારણ**

| ક્રમ | શહેર | બેકારીને કારણે મજૂરીની શોધમાં | ખેતીમાં પુરુ નથી થતુ | વતનમાં મજૂરી મળતી ન હોવાથી | કુટુંબના ખર્ચને પહોંચી-વળવા | મજૂરી કરી દેવુ ભરપાઈ કરવા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧૨ | ૮ | ૫ | ૪ | ૬ | ૩૫ |
| ૨. | વડોદરા | ૧૫ | ૭ | ૬ | ૫ | ૨ | ૩૫ |
| ૩. | સુરત | ૧૭ | ૪ | ૩ | ૪ | ૭ | ૩૫ |
| ૪. | **કુલ** | **૪૪** | **૧૯** | **૧૪** | **૧૩** | **૧૫** | **૧૦૫** |
| | **ટકા** | **૪૧.૯૨** | **૧૮.૦૯** | **૧૩.૩૩** | **૧૨.૩૮** | **૧૪.૨૮** | **૧૦૦** |

અભ્યાસ હેઠળનાં આદિવાસીઓ પોતાનું વતન છોડી શહેરમાં શા માટે આવ્યા તે જાણવાનો પ્રયત્ન કરતાં અભ્યાસમાંના કુલ ૧૦૫ ઉત્તરદાતાઓ પૈકી મોટાભાગનાં ૪૪ (૪૧.૯૨ ટકા) બેકારીને કારણે મજૂરીની શોધમાં વતન છોડી અન્ય શહેરોમાં જતા હોવાનું જણાયું હતું. ૧૯ (૧૮.૦૯ ટકા) ખેતીમાં કુટુંબનો નિર્વાહ થઈ શકતો ન હોવાથી, ૧૫ (૧૪.૨૮ ટકા) દેવામાથી મુક્ત થવા, ૧૪ (૧૩.૩૩ ટકા) વતનમાં મજૂરી મળતી ન હોવાને કારણે શહેરમાં કમાણી અર્થે આવવાનું જણાવતા હતા. જયારે ૧૩ (૧૨.૩૮ ટકા) ઉત્તરદાતાઓ કુટુંબના ખર્ચને પહોંચી વળવા માટે વતન છોડી જયાં મજૂરી મળે તેવા શહેરમાં સ્થળાંતર કરતા હોવાનું જણાવતા હતા.

આમ સ્પષ્ટ કહી શકાય મૂળવતનમાં કુટુંબનાં નિર્વાહ માટે પૂરતી રોજી મળતી ન હોવાને કારણે રોજી-રોટી અર્થે વતન છોડી આદિવાસીઓએ સ્થળાંતર કરવું પડે છે.

**સ્થળાંતર કરીને આવેલ (વતન છોડ્યાનો) સમય :**

**કોઠા નં.૩.૧૬**

**વતન છોડી સ્થળાંતર કરીને આવેલ સમય અંગેની માહિતી**

| ક્રમ | શહેર | છ માસ | ૧ વર્ષ | ૨ વર્ષ | ૩ વર્ષ | ૩વર્ષથી વધુ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૫ | ૪ | ૬ | ૧૫ | ૫ | ૩૫ |
| ૨. | વડોદરા | ૩ | ૫ | ૫ | ૧૮ | ૪ | ૩૫ |
| ૩. | સુરત | ૧ | ૪ | ૩ | ૨૨ | ૫ | ૩૫ |
| ૪. | **કુલ** | **૯** | **૧૩** | **૧૪** | **૫૫** | **૧૪** | **૧૦૫** |
| | **ટકા** | **૮.૫૮** | **૧૨.૩૮** | **૧૩.૩૩** | **૫૨.૩૮** | **૧૩.૩૩** | **૧૦૦.૦૦** |

આદિવાસીઓ મજૂરીની શોધમાં પોતાનું વતન છોડી શહેરમાં આવે છે. શહેરમાં તેઓ કેટલા સમયથી આવ્યા તે અંગે જાણવા પ્રયત્ન કરતાં કોઠા નં ૩.૧૫માં દર્શાવ્યા મુજબ કુલ ૧૦૫ સ્થળાંતરિતોમાંથી મોટાભાગનાં ૫૫ (૫૨.૩૮ ટકા) ૩ વર્ષથી શહેરમાં આવ્યા હતાં. ૨૮ (૨૬.૬૬ ટકા) અનુક્રમે ૨ વર્ષ અને ૩ વર્ષથી વધુ સમયથી શહેરમાં આવ્યા હતાં. ૧૩ (૧૨.૩૮ ટકા) ૧ વર્ષથી આવ્યા હોવાનું જણાવતા હતાં. જયારે ૯ (૮.૫૮ ટકા) છ માસ કે તે પહેલાં શહેરમાં સ્થળાંતર કરીને આવ્યા હોવાનું જણાવે છે.

શહેરમાં કમાણી અર્થે આવતા સ્થળાંતરિત આદિવાસીઓ પોતાનાં વતનમાં ૬૦ વર્ષથી વધુ ઉંમર ધરાવતા તેમનાં વયોવૃધ્ધ મા-બાપને (કે જેઓ ઘડપણને કારણે મહેનતનું કામ કરી શકતા ન હોઈ) મૂકીને આવ્યા હોવાનું જાણવા મળે છે. કેટલાંક કુટુંબો તેમનાં ભણતા દીકરા-દીકરીઓને પણ વતનમાં છોડી આવ્યા હોવાનું જણાવે છે. પરંતુ તેવા કુટુંબોની સંખ્યા ઘણી જ ઓછી છે.

આજે એક વ્યક્તિની આવક પર સમગ્ર કુટુંબનું ભરણ-પોષણ થઈ શકે નહિ. સ્ત્રીઓને પોતાને પણ એવુ લાગે છે કે કુટુંબને સહાયરૂપ થવા તેમજ કુટુંબની આર્થિક જરૂરિયાત પૂર્ણ કરવા વતન છોડી કમાણી અર્થે બહાર જવુ પડે જેને કારણે તેમણે ઘણી બધી પરિસ્થિતિનો સામનો કરવો પડતો હોય છે. સ્થળાંતર સ્થળે તેમનું આર્થિક, માનસિક અને શારિરીક જાતીય શોષણ પણ થતું હોય છે.

સ્થળાંતરને કારણે આદિવાસી મહિલાઓનાં કુટુંબજીવન અને શિક્ષણ પર પણ વિવિધ અસરો જોવા મળે છે. જે હવે આગળનાં પ્રકરણમાં સમજવા પ્રયત્ન કરીશું.

# પ્રકરણ-૪
# સ્થળાંતરિત મહિલાઓનું આર્થિક પ્રવૃત્તિમાં સહભાગીપણુ અને શિક્ષણ : યથાસ્થિતિ

**પ્રસ્તાવના :**

ભારતમાં કાયદાકીય સમાનતા છે. પરંતુ સ્ત્રીઓની કૌટુંબિક ભૂમિકા પ્રત્યેનો દ્રષ્ટિકોણ હજી યથાવત રહ્યો છે. સ્ત્રીઓ કુટુંબમાં રહી પુત્રી, પત્ની, માતા વગેરેની ભૂમિકા ભજવે છે. જેમાં તેની અસંખ્ય જવાબદારીઓ સમાયેલી છે. તેણીની આટલી બધી ભૂમિકાઓ હોવા છતાં ઉત્પાદકીય પ્રવૃત્તિમાં પણ સહભાગી બનતી. (ડૉ. નીરા દેસાઈ)

બ્રિટીશ રાજય અમલ દરમિયાન ઔદ્યોગિક ક્રાંતિને કારણે ગામડાંના ગૃહઉદ્યોગો તૂટવા લાગ્યા અને એની અસર મધ્યમ, નિમ્ન તેમજ કારીગર  વર્ગનાં લોકોના આર્થિક જીવન પર પડવા લાગી. આ આર્થિક ભીંસને કારણે નિમ્નસ્તરની સ્ત્રીઓને તો મજૂરી કરવી જ પડતી હતી.

બ્રિટિશ અમલનાં પ્રારંભે ઘરનાં સઘળા કાર્યો સ્ત્રીઓ જ કરતી. ગ્રામીણ કૃષિ અર્થતંત્રમાં પુરુષને રોજી રળવામાં મદદરૂપ થતી. 'શ્રમજીવી મહિલા ટ્રસ્ટ' સર્વેક્ષણ પ્રમાણે ખેડા જિલ્લામાં આવેલી તમાકુની ખળી પ્રક્રિયા એકમોમાં ૯૦ ટકા સ્ત્રી શ્રમિકો દૈનિક ૮ કલાકથી વધુ કામ કરતી હતી. આવું જ મત્સ્ય પ્રક્રિયાના એકમોમાં કામ કરતી સ્ત્રીઓના કિસ્સામાં પણ જોવા મળ્યું.

ગુજરાતનાં આદિવાસીઓનું આર્થિક જીવન જોતા સાાન્ય રીતે આદિવાસીઓ પોતાની જીવન જરૂરિયાતો પૂરી કરવા કુદરત પર નિર્ભર ખેતીનો ધંધો કરતા આવ્યા છે. આદિવાસી સમાજની જીવિકા ખેતી છે. ખેતીની માવજતમાં મોટાભાગનો સમય વીતી જાય. પરંપરાગત રીતે કુટુંબમાં કમાવવાનું કામ પુરુષો કરે જયારે સ્ત્રીઓ ઘરનાં તમામ કામ કરે તેમજ ઢોર સાચવવાનું કામ સ્ત્રીઓ અને બાળકો કરે. શ્રમવિભાજન દ્વારા સ્ત્રી-પુરુષના ચોક્કસ સંબંધ કાર્યો અને ભૂમિકા ઘડાય છે.

માનવહક્કો અને સામાજિક ન્યાયની દ્રષ્ટિએ આદિવાસી સ્ત્રીઓનું પરાવલંબી સ્થાન સમાજમાં જોવા મળતી સ્ત્રી-પુરુષની ભૂમિકાનો તફાવતો ભેદભાવને કારણે છે. આદિવાસી સમાજની પરંપરાગત માન્યતાઓ પણ તેમાં મહત્વનો ભાગ ભજવે છે. આથી આદિવાસી સ્ત્રી આર્થિક રીતે પરાવલંબી બની છે. આદિવાસી સમાજમાં સ્ત્રીઓ ઘરની પ્રવૃત્તિ તથા ઘરબહારની પ્રવૃત્તિમાં સંકળાયેલી રહે છે.

અસંગઠીત વિભાગમાં કામ કરતી આદિવાસી સ્ત્રીઓ વિવિધ વિસ્તારોમાં અલગ અલગ માલિક, વેપારી કે કોન્ટ્રાકટરનાં નેજા હેઠળ કામ કરતી હોય છે. તેમને કામનાં પ્રમાણમાં જે વેતન મળવું જોઈએ તેનાં કરતાં ઘણું ઓછુ વેતન મળે છે. ટેકનીકલ જ્ઞાન ન હોવાને લીધે માત્ર મજૂરીનાં કામો જ કરે છે. ઠેકેદારો, સુપરવાઈઝરો તેમનું આર્થિક અને કેટલીકવાર શારિરીક શોષણ કરે છે.

કોઠા નં.૪.૧

રાજયમાં જિલ્લાવાર ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીઓ

| ક્રમ | જિલ્લાઓ | સ્ત્રી-પુરુષનું પ્રમાણ | સ્ત્રી-પુરુષનું પ્રમાણ (૦-૬ વર્ષમાં) |
|---|---|---|---|
| ૧. | કચ્છ | ૯૧૮ | ૯૬૮ |
| ૨. | બનાસકાંઠા | ૯૪૬ | ૯૮૨ |
| ૩. | પાટણ | ૮૮૦ | ૮૧૩ |
| ૪. | મહેસાણા | ૮૩૮ | ૮૫૪ |
| ૫. | સાબરકાંઠા | ૯૯૩ | ૯૫૫ |
| ૬. | ગાંધીનગર | ૮૪૭ | ૯૧૧ |
| ૭. | અમદાવાદ | ૮૮૩ | ૯૨૮ |
| ૮. | સુરેન્દ્રનગર | ૯૨૫ | ૯૫૭ |
| ૯. | રાજકોટ | ૮૭૧ | ૮૫૫ |
| ૧૦. | જામનગર | ૮૯૪ | ૯૧૪ |
| ૧૧. | પોરબંદર | ૯૧૦ | ૮૭૮ |
| ૧૨. | જૂનાગઢ | ૯૨૮ | ૯૫૪ |
| ૧૩. | અમરેલી | ૮૬૫ | ૯૭૩ |
| ૧૪. | ભાવનગર | ૮૬૭ | ૮૬૭ |
| ૧૫. | આણંદ | ૯૦૦ | ૯૬૧ |
| ૧૬. | ખેડા | ૯૧૨ | ૯૫૩ |
| ૧૭. | પંચમહાલ | ૯૫૫ | ૯૮૩ |
| ૧૮. | દાહોદ | ૯૯૨ | ૯૭૩ |
| ૧૯. | વડોદરા | ૯૫૦ | ૯૬૧ |
| ૨૦. | નર્મદા | ૯૬૬ | ૯૫૯ |
| ૨૧. | ભરૂચ | ૯૪૭ | ૯૭૨ |
| ૨૨. | સુરત | ૯૮૯ | ૯૬૦ |
| ૨૩. | ડાંગ | ૯૯૫ | ૯૭૮ |
| ૨૪. | નવસારી | ૯૯૦ | ૯૬૦ |
| ૨૫. | વલસાડ | ૯૯૯ | ૯૬૮ |

**સ્ત્રી-પુરુષ પ્રમાણ :**

આદિવાસી સમાજમાં પારંપારિક રીતે સ્ત્રીનું સ્થાન ઘણું જ મહત્વનું છે. એટલે બિન-આદિવાસી સમાજમાં સ્ત્રી-પુરુષ વચ્ચેનો જે ગાળો છે અને એ ગાળો વધતોજાય છે તે આદિવાસી સમાજમાં ઘણો ઓછો જોવા મળે છે. સ્ત્રી-પુરુષનાં પ્રમાણને જોવું એ ભાવિ સમાજના સમતોલન અને સામાજિક વ્યવસ્થા માટે ઘણું જરૂરી છે. ભારતમાં આદિવાસી સમાજની અંદર ૧૦૦૦ પુરુષોએ ૯૭૮ સ્ત્રીઓનું પ્રમાણ છે. ગુજરાતની અંદર આ પ્રમાણ ૯૭૪નું છે.

જોકે હવે આદિવાસી વિસ્તારમાં બિનઆદિવાસી વિસ્તારની અસર થઈ રહી છે અને તે ૦.૬ વર્ષમાં જયારે આ સંખ્યા જોઈએ છીએ ત્યારે એ પ્રમાણ ઘટતું જતું હોય એવું ચોક્કસ દેખાય છે. ૨૦૦૧ મુજબ ભારતમાં ૦.૬ વર્ષમાં આ પ્રમાણ ૯૭૩ જોવા મળે છે.

**કોઠા નં.૪.૨**

**રાજયમાં જિલ્લાવાર સ્ત્રી-પુરુષ સાક્ષરતા દર અને બન્ને વચ્ચેનો સાક્ષરતા ગાળો**

| ક્રમ | જિલ્લાનું નામ | પુરુષ | સ્ત્રી | જેન્ડર ગેપ |
|---|---|---|---|---|
| | ગુજરાત | ૫૯.૧૮ | ૩૬.૦૨ | ૨૩.૧૬ |
| ૧. | કચ્છ | ૧૬.૨૨૮ | ૫.૬૧ | ૧૦.૬૭ |
| ૨. | બનાસકાંઠા | ૧૬.૫૧ | ૬.૦૮ | ૧૦.૪૩ |
| ૩. | પાટણ | ૨૯.૧૧ | ૧૩.૭૩ | ૧૫.૩૮ |
| ૪. | મહેસાણા | ૩૨.૩૦ | ૧૮.૪૪ | ૧૩.૮૬ |
| ૫. | સાબરકાંઠા | ૨૬.૩૦ | ૧૫.૯૪ | ૧૦.૩૬ |
| ૬. | ગાંધીનગર | ૩૬.૫૬ | ૨૩.૫૨ | ૧૨.૯૪ |
| ૭. | અમદાવાદ | ૨૯.૮૩ | ૧૭.૨૮ | ૧૨.૫૫ |
| ૮. | સુરેન્દ્રનગર | ૧૯.૪૭ | ૯.૨૭ | ૧૦.૨૦ |
| ૯. | રાજકોટ | ૩૧.૩૨ | ૨૨.૦૧ | ૯.૩૧ |
| ૧૦. | જામનગર | ૨૧.૯૦ | ૧૩.૪૦ | ૮.૫૦ |
| ૧૧. | પોરબંદર | ૧૫.૭૪ | ૯.૪૦ | ૬.૩૪ |
| ૧૨. | જૂનાગઢ | ૨૪.૮૬ | ૧૪.૫૧ | ૧૦.૩૫ |
| ૧૩. | અમરેલી | ૩૨.૫૫ | ૧૯.૨૫ | ૧૩.૩૦ |
| ૧૪. | ભાવનગર | ૩૧.૭૮ | ૧૮.૬૫ | ૧૩.૧૩ |
| ૧૫. | આણંદ | ૨૨.૯૪ | ૧૧.૩૯ | ૧૧.૫૫ |
| ૧૬. | ખેડા | ૨૪.૬૪ | ૧૨.૦૭ | ૧૨.૫૭ |
| ૧૭. | પંચમહાલ | ૨૩.૯૯ | ૧૧.૩૯ | ૧૨.૬૦ |
| ૧૮. | દાહોદ | ૧૯.૮૮ | ૯.૬૧ | ૧૦.૨૭ |

| ક્રમ | જિલ્લાનું નામ | પુરુષ | સ્ત્રી | જેન્ડર ગેપ |
|---|---|---|---|---|
| ૧૯. | વડોદરા | ૨૨.૦૭ | ૧૦.૨૬ | ૧૧.૮૧ |
| ૨૦. | નર્મદા | ૨૮.૫૬ | ૧૬.૨૩ | ૧૨.૩૩ |
| ૨૧. | ભરૂચ | ૨૭.૨૨ | ૧૫.૮૨ | ૧૧.૪૦ |
| ૨૨. | સુરત | ૨૫.૮૨ | ૧૮.૧૨ | ૭.૭૦ |
| ૨૩. | નવસારી | ૨૭.૮૦ | ૧૮.૭૪ | ૯.૦૬ |
| ૨૪. | વલસાડ | ૩૦.૬૬ | ૨૨.૩૨ | ૮.૩૪ |
| ૨૫. | ડાંગ | ૨૬.૯૯ | ૧૮.૫૬ | ૮.૪૩ |

**શિક્ષણ :**

શિક્ષણ એ સામાજિક-આર્થિક વિકાસની ગુરૂ ચાવી છે. ભારતીય બંધારણમાં સામાજિક પરિવર્તન માટે શિક્ષણનું મહત્વનું ગણવામાં આવ્યું છે. બંધારણની કલમ ૨૯,૩૦,૪૫ અને ૪૬માં શિક્ષણ ફરજીયાત અને મફત આપવાની વાત દોહરાવી છે. આમ છતાં સમાજના નીચલા સ્તરના નાગરિકો સુધી શિક્ષણ પહોંચાડવાનો આદેશ આવ્યો હોવા છતાં વાસ્તવિકતા એ પણ છે કે એવા ઘણા આદિવાસી બહેનો છે કે એમણે શાળા જોઈ નથી. ભારતમાં આદિવાસી સ્ત્રીઓમાં સાક્ષરતાનો દર ૨૮.૪૦% છે.

ગુજરાતમાં આદિવાસીમાં સાક્ષરતા દર ૪૭.૭૪% છે. જેમાં પુરુષ સાક્ષરતા દર ૫૯.૨ % છે અને સ્ત્રી સાક્ષરતા દર ૩૬% છે. એટલે કે જેન્ડર ગેપ ૨૩.૨૦% જેવો છે.

રાજયના કેટલાક આદિવાસી તાલુકાઓમાં આદિવાસી મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૩૦% કરતાં પણ ઓછું છે. ખાસ કરીને બનાસકાંઠાના અમીરગઢ અને દાંતા તાલુકો, સાબરકાંઠાના ખેડબ્રહ્મા, પંચમહાલ જિલ્લાનો ઘોઘંબા, દાહોદ જિલ્લાનો દાહોદ, દેવગઢબારીયા અને ધાનપુર, વડોદરા જિલ્લાના છોટાઉદેપુર અને કવાંટ અને વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં આ પ્રમાણ ઘણું ઓછું છે.

ગુજરાતની કુલ વસ્તીમાં અનુસૂચિત જનજાતિની વસ્તી ૧૪.૭૬% છે, જયારે આ સમાજમાં પ્રાથમિક શિક્ષણ મેળવતાં ૧૭.૧૦% છે. માધ્યમિકમાં ૧૨.૫૩% છે. ઉચ્ચત્તર માધ્યમિકમાં ૧૨.૧૨% છે. આમાં પણ પ્રવાહ પ્રમાણે જોઈએ તો વિનિયમમાં ૧૪.૬૮%, વાણિજયમાં ૩.૦૭%, વિજ્ઞાનપ્રવાહમાં ૭.૨૦% અને વ્યવસાયલક્ષીમાં ૧૦.૮૫% જોવા મળે છે. જયારે ઉચ્ચ શિક્ષણની રીતે જોઈએ તો આ પ્રમાણ માત્ર ૧% જેટલું છે.

રાજયના જે તે જિલ્લાઓમાં આદિવાસીઓમાં સાક્ષરતાનો દર જોતાં એ આંકડા ચિંતા ઉપજાવે તેવા છે. ૧૦% કરતાં ઓછું મહિલા સાક્ષરતા દર હોય એવા જિલ્લાઓમાં કચ્છ, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, પોરબંદર અને દાહોદ જિલ્લા છે.

## કોઠા નં.૪.૩

### રાજયમાં જાતિવાર સાક્ષરતા દર અને પુરુષ-સ્ત્રી સાક્ષરતા દરમાં ગાળો

| ક્રમ | વિગત | કુલ | પુરુષ | સ્ત્રી | તફાવત |
|---|---|---|---|---|---|
| | ગુજરાત | ૪૭.૭૪ | ૫૯.૧૮ | ૩૬.૦૨ | ૨૩.૧૬ |
| ૧. | બરડા | ૭૦.૦૬ | ૭૬.૭૨ | ૬૧.૩૮ | ૧૫.૩૪ |
| ૨. | બાવચા | ૬૫.૬૪ | ૭૪.૩૭ | ૫૬.૧૧ | ૧૮.૨૬ |
| ૩. | ભરવાડ | ૩૪.૪૭ | ૪૨.૨૯ | ૨૫.૮૬ | ૧૬.૪૩ |
| ૪. | ભીલ,ભીલગરાસીયા, ઢોલીભીલ | ૪૪.૨૯ | ૫૬.૪૯ | ૩૧.૨૬ | ૨૫.૬૮ |
| ૫. | ચારણ | ૩૦.૩૮ | ૩૮.૨૨ | ૨૨.૦૧ | ૧૬.૨૧ |
| ૬. | ચૌધરી | ૬૨.૩૬ | ૭૧.૨૯ | ૫૩.૪૪ | ૧૭.૮૫ |
| ૭. | ચૌધરા | ૬૦.૨૯ | ૬૯.૦૩ | ૫૧.૩૯ | ૧૭.૬૪ |
| ૮. | ધાનકા, તડવી,તેતરીયા | ૫૨.૮૮ | ૬૬.૭૧ | ૩૮.૦૫ | ૨૮.૬૬ |
| ૯. | ધોડિયા | ૭૫.૯૫ | ૮૫.૩૪ | ૬૬.૫૩ | ૧૮.૮૧ |
| ૧૦. | તલાવીયા, હળપતિ | ૪૭.૮૨ | ૫૬.૭૭ | ૩૮.૭૪ | ૧૮.૦૩ |
| ૧૧. | ગામીત, ગામટા, ગાવીત | ૫૨.૯૧ | ૬૧.૭૫ | ૪૪.૧૭ | ૧૭.૫૮ |
| ૧૨. | ગોંડ, રાજગોડ | ૫૦.૩૯ | ૫૬.૮૮ | ૪૨.૬૫ | ૧૪.૨૩ |
| ૧૩. | કાથોડી | ૨૩.૫૪ | ૩૦.૩૦ | ૧૬.૭૪ | ૧૩.૫૬ |
| ૧૪. | કોંકણા | ૫૧.૪૬ | ૬૨.૫૬ | ૪૦.૨૮ | ૨૨.૨૮ |
| ૧૫. | કોળી (કચ્છ) | ૨૬.૨૭ | ૩૮.૪૫ | ૧૨.૭૯ | ૨૫.૬૬ |
| ૧૬. | કોલચા/કોલઘા | ૩૮.૨૬ | ૪૭.૦૩ | ૨૯.૨૯ | ૧૭.૭૪ |
| ૧૭. | કુણબી | ૬૩.૪૧ | ૭૪.૪૮ | ૫૨.૧૭ | ૨૨.૩૧ |
| ૧૮. | નાયકડા,નાયકા,ચોલીવાલા | ૩૫.૫૭ | ૪૫.૬૨ | ૨૫.૧૯ | ૨૦.૪૩ |
| ૧૯. | પઢાર | ૩૨.૧૩ | ૪૪.૦૯ | ૧૯.૩૪ | ૨૪.૭૫ |
| ૨૦. | પારાધી (કચ્છ) | ૩૯.૧૯ | ૫૧.૪૯ | ૨૫.૯૫ | ૨૫.૫૪ |
| ૨૧. | પારધી, અડવીચેન્ચર | ૫૫.૪૫ | ૬૫.૦૦ | ૪૪.૮૫ | ૨૦.૧૫ |
| ૨૨. | પટેલીયા | ૬૨.૫૫ | ૭૮.૫૨ | ૪૫.૯૨ | ૩૨.૬૦ |
| ૨૩. | પોમલા | ૫૫.૫૭ | ૬૬.૮૬ | ૪૪.૨૯ | ૨૨.૫૭ |
| ૨૪. | રબારી | ૩૭.૪૮ | ૪૫.૫૧ | ૨૮.૭૩ | ૧૬.૭૮ |
| ૨૫. | રાઠવા | ૩૬.૮૧ | ૫૦.૧૭ | ૨૨.૮૩ | ૨૭.૩૪ |
| ૨૬. | સીદી | ૫૯.૬૫ | ૭૧.૮૭ | ૪૭.૧૬ | ૨૪.૭૧ |
| ૨૭. | વાઘરી (કચ્છ) | ૨૫.૮૫ | ૩૫.૧૫ | ૧૫.૯૭ | ૧૯.૧૮ |
| ૨૮. | વારલી | ૩૨.૦૬ | ૪૨.૦૭ | ૨૨.૨૩ | ૧૯.૮૪ |
| ૨૯. | વીટોલીયા,કોટવાળીયા, બરોડીયા | ૩૮.૪૫ | ૪૩.૭૭ | ૩૩.૧૦ | ૧૦.૬૭ |

આમ રાજયમાં એકંદર મહિલા સાક્ષરતા દર ૩૯% છે. પરંતુ આ સરાસરી સાક્ષરતા દર કરતાં નીચે સાક્ષરતા દર ઘણા જિલ્લાઓમાં જોવા મળે છે. રાજયમાં આવેલી ૨૫ આદિવાસી જાતિઓમાંથી મુખ્ય આદિવાસી જાતિઓનો સાક્ષરતા દર જોવા મળે છે. રાજયમાં આવેલી ૨૫ આદિવાસી જાતિઓમાંથી મુખ્ય આદિવાસીજાતિઓનો સાક્ષરતા દર જોતા ચૌધરી, ધાનકા, ધોડિયા, હળપતિ, ગામિત, કોંકણા અને પટેલીયા આદિવાસી જાતિમાં સરાસરી મહિલા સાક્ષરતા ઘણો ઊંચો દર છે. એમાં ધોડિયા આદિવાસીમાં ૬૬.૫૦% મહિલા સાક્ષરતા દર છે. તેની સામે કોલઘા, ભીલ, નાયકડા, રાઠવા અને વારલી આદિવાસી જાતિનો મહિલા સાક્ષરતા દર ઘણો નીચો જોવા મળે છે.

અર્થવ્યવસ્થા :

આદિવાસી અર્થવ્યવસ્થાને અલ્પવિકસિત અર્થવ્યવસ્થા ગણવામાં આવે છે. ભારતની જેમ ગુજરાતના આદિવાસીઓમાં પણ આ વ્યવસ્થા મિશ્ર અર્થતંત્રની છે. અર્થાત દરેક આદિવાસી જનજાતિ એક કરતાં વધુ વ્યવસાય કરીને જીવનનિર્વાહ કરે છે. જે જનજાતિઓ ખેતી કરે છે તેઓ જંગલની પેદાશો પણ વીણી લાવે છે. પશુપાલન અને મરઘા ઉછેર કરે છે. તેમજ ખેતમજૂરી કે અન્ય મજૂરી પણ કરે છે. આદિવાસી અર્થવ્યવસ્થામાં આદિવાસી મહિલાની ભૂમિકા અને કામગીરી સવિશેષ છે.

દેશમાં સરાસરી ૪૫% આદિવાસી મહિલાઓ કોઈના કોઈ પ્રકારના કામમાં જોડાયેલી છે. મુખ્ય કામ (વ્યવસાય)ની અંદર ૨૪% છે અને પૂરક વ્યવસાયમાં ૨૧% છે. વ્યવસાય પ્રમાણે જોતાં ખેતીમાં ૪૧%, ખેતમજૂરીમાં ૪૫%, હસ્તઉદ્યોગમાં ૩% અને અન્ય કામ કરનારમાં ૧૧% છે. અહીં પણ એ બાબત જોઈ શકાય છે કે ખેતમજૂરોની સંખ્યા વધતી જાય છે અને ખેતી સાથે ગૃહઉદ્યોગ, હસ્તઉદ્યોગ અને પોતાના પરંપરાગત વ્યવસાયો ઘટતા જાય છે.

## કોઠા નં. ૪.૪
## રાજયમાં જિલ્લાવાર આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલ આદિવાસી સ્ત્રી-પુરુષ

| ક્રમ | જિલ્લાનું નામ | ખેતી | | | ખેતમજૂરી | | | હસ્ત ઉદ્યોગ/ગૃહઉદ્યોગ | | | અન્ય કામગીરી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી |
| | ગુજરાત | ૩૭.૬ | ૪૧.૬ | ૩૨.૯ | ૪૩.૬ | ૩૫.૬ | ૫૩.૩ | ૦.૮ | ૦.૮ | ૮.૦ | ૧૮.૦ | ૨૨.૦ | ૧૩.૧ |
| ૧. | કચ્છ | ૧૫.૯ | ૧૭.૭ | ૧૦.૯ | ૯૬.૬ | ૪૧.૦ | ૫૯.૮ | ૧.૨ | ૦.૭ | ૨.૨ | ૩૫.૯ | ૪૦.૬ | ૨૭.૧ |
| ૨. | બનાસકાંઠા | ૪૫.૩ | ૫૩.૩ | ૩૪.૨ | ૩૭.૫ | ૨૯.૫ | ૪૮.૫ | ૦.૪ | ૦.૩ | ૦.૫ | ૧૬.૯ | ૧૭.૦ | ૧૬.૮ |
| ૩. | પાટણ | ૬.૨ | ૬.૫ | ૫.૫ | ૩૫.૭ | ૨૭.૪ | ૫૩.૮ | ૧.૧ | ૦.૮ | ૧.૯ | ૫૭.૦ | ૬૫.૩ | ૩૮.૮ |
| ૪. | મહેસાણા | ૦.૫ | ૦.૬ | ૦.૪ | ૨૩.૭ | ૧૯.૪ | ૩૨.૭ | ૦.૮ | ૦.૭ | ૧.૧ | ૭૪.૯ | ૭૯.૨ | ૬૫.૯ |
| ૫. | સાબરકાંઠા | ૪૮.૭ | ૬૪.૮ | ૩૦.૨ | ૩૭.૨ | ૨૦.૭ | ૫૬.૦ | ૦.૭ | ૦.૪ | ૧.૦ | ૧૩.૫ | ૧૪.૧ | ૧૨.૮ |
| ૬. | ગાંધીનગર | ૧.૨ | ૧.૨ | ૧.૨ | ૨૩.૮ | ૧૮.૫ | ૩૬.૮ | ૦.૩ | ૦.૨ | ૦.૬ | ૭૪.૭ | ૮૦.૧ | ૬૧.૫ |
| ૭. | અમદાવાદ | ૩.૩ | ૩.૮ | ૨.૦ | ૧૮.૭ | ૧૩.૫ | ૩૧.૪ | ૦.૯ | ૦.૭ | ૧.૫ | ૭૭.૧ | ૮૨.૧ | ૬૫.૧ |
| ૮. | સુરેન્દ્રનગર | ૫.૩ | ૫.૭ | ૪.૭ | ૫૧.૧ | ૪૮.૨ | ૫૫.૧ | ૦.૨ | ૦.૨ | ૦.૩ | ૪૩.૪ | ૪૫.૯ | ૩૯.૯ |
| ૯. | રાજકોટ | ૧.૦ | ૦.૭ | ૧.૭ | ૧૪.૯ | ૧૧.૩ | ૨૪.૬ | ૧.૩ | ૦.૭ | ૨.૮ | ૮૨.૮ | ૮૭.૪ | ૭૦.૯ |
| ૧૦ | જામનગર | ૭.૧ | ૬.૨ | ૯.૫ | ૧૮.૨ | ૧૫.૧ | ૨૫.૭ | ૦.૬ | ૦.૨ | ૧.૭ | ૭૪.૦ | ૭૮.૫ | ૬૩.૧ |
| ૧૧ | પોરબંદર | ૫.૮ | ૭.૪ | ૩.૬ | ૧૮.૬ | ૧૭.૯ | ૧૯.૬ | ૦.૬ | ૦.૫ | ૦.૭ | ૭૫.૦ | ૭૪.૨ | ૭૬.૧ |
| ૧૨. | જૂનાગઢ | ૧૩.૭ | ૧૨.૯ | ૧૫.૨ | ૨૭.૯ | ૨૩.૪ | ૩૬.૨ | ૧.૦ | ૦.૮ | ૧.૫ | ૫૭.૪ | ૬૨.૮ | ૪૭.૦ |
| ૧૩ | અમરેલી | ૪.૨ | ૩.૭ | ૫.૭ | ૨૮.૯ | ૨૨.૬ | ૪૦.૮ | ૦.૧ | ૦.૧ | ૦.૨ | ૬૬.૭ | ૭૩.૬ | ૩૩.૮ |
| ૧૪ | ભાવનગર | ૨.૨ | ૧.૯ | ૩.૨ | ૧૧.૨ | ૮.૩ | ૧૮.૯ | ૦.૮ | ૦.૮ | ૦.૮ | ૮૫.૮ | ૮૯.૦ | ૭૭.૧ |

## કોઠા નં. ૪.૪(ચાલુ)
## રાજયમાં જિલ્લાવાર આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલ આદિવાસી સ્ત્રી-પુરુષ

| ક્રમ | જિલ્લાનું નામ | ખેતી | | | ખેતમજૂરી | | | હસ્ત ઉદ્યોગ/ગૃહઉદ્યોગ | | | અન્ય કામગીરી | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી |
| ૧૫. | આણંદ | ૦.૯ | ૧.૧ | ૦.૬ | ૩૯.૬ | ૩૬.૧ | ૪૫.૪ | ૦.૯ | ૧.૦ | ૦.૬ | ૫૮.૭ | ૬૧.૯ | ૫૩.૪ |
| ૧૬. | ખેડા | ૪.૫ | ૫.૬ | ૨.૯ | ૬૧.૫ | ૫૭.૩ | ૬૮.૧ | ૦.૪ | ૦.૩ | ૦.૫ | ૩૩.૫ | ૩૬.૭ | ૨૮.૫ |
| ૧૭. | પંચમહાલ | ૫૪.૩ | ૬૩.૨ | ૪૪.૩ | ૩૩.૯ | ૨૨.૯ | ૪૬.૩ | ૦.૩ | ૦.૩ | ૦.૩ | ૧૧.૫ | ૧૩.૬ | ૯.૧ |
| ૧૮. | દાહોદ | ૬૨.૬ | ૭૦.૯ | ૫૪.૧ | ૨૬.૨ | ૧૫.૪ | ૩૭.૨ | ૦.૨ | ૦.૨ | ૦.૨ | ૧૧.૦ | ૧૩.૪ | ૮.૫ |
| ૧૯. | વડોદરા | ૩૫.૫ | ૪૧.૦ | ૨૮.૭ | ૫૨.૦ | ૪૩.૧ | ૬૨.૯ | ૦.૪ | ૦.૪ | ૦.૪ | ૧૨.૨ | ૧૫.૫ | ૮.૦ |
| ૨૦. | નર્મદા | ૩૫.૦ | ૪૧.૨ | ૨૭.૫ | ૫૧.૨ | ૪૨.૮ | ૬૧.૩ | ૦.૭ | ૦.૮ | ૦.૬ | ૧૩.૧ | ૧૫.૨ | ૧૦.૫ |
| ૨૧. | ભરૂચ | ૯.૭ | ૧૨.૨ | ૬.૨ | ૬૯.૧ | ૬૩.૨ | ૭૭.૪ | ૦.૫ | ૦.૫ | ૦.૫ | ૨૦.૭ | ૨૪.૦ | ૧૬.૦ |
| ૨૨. | સુરત | ૨૫.૩ | ૨૮.૪ | ૨૧.૭ | ૫૨.૬ | ૪૫.૭ | ૬૦.૭ | ૧.૫ | ૧.૩ | ૧.૬ | ૨૦.૬ | ૨૪.૬ | ૧૬.૦ |
| ૨૩. | ડાંગ | ૬૦.૪ | ૬૩.૧ | ૫૭.૪ | ૨૯.૨ | ૨૨.૪ | ૩૬.૫ | ૧.૦ | ૧.૨ | ૦.૮ | ૯.૪ | ૧૩.૩ | ૫.૩ |
| ૨૪. | નવસારી | ૨૯.૫ | ૨૯.૦ | ૩૦.૧ | ૪૯.૫ | ૪૪.૨ | ૫૫.૯ | ૧.૦ | ૧.૨ | ૦.૮ | ૨૦.૦ | ૨૫.૬ | ૧૩.૨ |
| ૨૫. | વલસાડ | ૩૯.૩ | ૩૮.૮ | ૩૯.૮ | ૩૪.૨ | ૨૭.૩ | ૪૨.૬ | ૧.૧ | ૧.૧ | ૧.૦ | ૨૫.૫ | ૩૨.૭ | ૧૬.૬ |

રાજયમાં આદિવાસી અર્થવ્યવસ્થામાં દેશના આદિવાસીઓની અર્થવ્યવસ્થા કરતાં બહુ મોટા ફેરફારવાળુ ચિત્ર જોવા મળતું નથી. ખેતી કરતાં ૪૧.૮૮% કુટુંબો, ખેતમજૂરી કરતાં ૩૬.૦૪% અને અન્ય વ્યવસાયમાં ૨૨.૦૮% છે. એટલે ગુજરાતમાં ખેતી કરનાર જે ૧૯૬૧માં ૫૯.૧૮% હતાં. તેમાં ૨૦૦૧માં ૧૭.૩૦% ઘટાડો થયો છે. એની સામે ખેતમજૂરો જે ૧૯૬૧માં ૩૧.૦૯% હતા. તેમાં ૪.૯૫% ના વધારા સાથે ૩૬.૦૪% થયા છે. એક બાબત સારી જોવા મળે છે કે ગુજરાતના આદિવાસીઓમાં વ્યવસાયિક નવીનીકરણ અને પરિવર્તન જોવા મળે છે અને એટલે ૧૯૬૧માં અન્ય વ્યવસાય કરતાં ૯.૭૩% હતાં. તે ૨૦૦૧માં ૨૨.૦૮% થયા છે. આમ ૧૨.૩૫% કુટુંબોનો વધારો નવા વ્યવસાયો તરફ જોવા મળે છે.

રાજયમાં આર્થિક પ્રવત્તિમાં જોડાયેલ સ્ત્રીઓની સંખ્યા સરાસરી ૪૭.૭૦% છે, પરંતુ એવું દેખાય છે કે સઘન આદિવાસી વસતિ ધરાવતા જિલ્લાઓમાં કામ કરનારમાં સ્ત્રીઓની સંખ્યા વિશેષ છે, જેમકે પંચમહાલ, દાહોદ, વડોદરા, નર્મદા, સુરત, ડાંગ અને નવસારી.

રાજયમાં આદિવાસી સ્ત્રીઓ મોટાભાગે ખેતમજૂરી કામમાં છે. એ સાથે ખેતી વ્યવસાયમાં પણ છે. આ મુખ્ય બે પ્રવૃત્તિ સિવાય અન્ય કામ કરનારમાં સ્ત્રીઓની સંખ્યા ઘણી જ ઓછી છે. રાજયમાં ખેતીકામ કરનાર સ્ત્રીઓની સરાસરી સંખ્યા ૩૨.૯૦% છે. ખેતમજૂરીમાં ૫૩.૩% છે. ગૃહઉદ્યોગ-હસ્ત ઉદ્યોગમાં ૦.૮% છે અને અન્ય કામ કરનારમાં ૧૩.૧% છે.

**પરંપરાગત ભૂમિકા :**

પરંપરાગત માન્યતાઓ અને મૂલ્યો પ્રમાણે કુટુંબમાં કમાવવાનું કામ પુરુષો કરે, જયારે ઘરનાં બીજા કામો સાથે બાળઉછેરનું કામ પણ સ્ત્રીઓ કરે.

ભૂતકાળમાં આદિવાસીઓ પરંપરાગત મૂલ્યો પ્રમાણે જીવતા હતાં. તેની સાથે સ્ત્રીઓની પણ કેટલીક જરૂરિયાતો સંકળાયેલી હતી. સ્ત્રીઓ બળતણ, પાણી, ખોરાક વગેરે માટે બહાર નીકળતી આને માટે તેઓને પરિસ્થિતિ જન્ય પરિબળો ઉપર આધાર રાખવો પડતો. સામાન્ય રીતે આદિવાસી સમાજ આર્થિક અને સામાજિક રીતે સતત ભીંસમાં રહેતો હોય છે. તેની સાથે સંસ્કૃતિક અંધશ્રધ્ધા, ખોટી માન્યતાઓ, રૂઢિગત બંધનો, વહેમ, કુરિવાજો વ્યસનો અને અજ્ઞાનતા પણ જોવા મળે છે. નબળી આર્થિક પરિસ્થિતિને કારણે તનાવભરી સ્થિતિમાં રહેતા હોય છે. દુર્ગમ અને પછાત વિસ્તારમાં રહેતા આદિવાસી ભાઈ-બહેનોનો મોટોભાગ આજે પણ અશિક્ષિતછે. જેને કારણે તેઓ ખેતી, ખેતમજૂરી, અન્ય મજૂરી, જંગલ પેદાશ વીણવાની કામગીરી કરે છે. આદિવાસી મહિલાઓ આજે પણ પરંપરાગત વ્યવસાયો સાથે સંકળાયેલી જોવા મળે છે. પરંતુ આ બધા કામકાજની રોજગાર તરીકે નોંધ લેવાતી ન હતી.

અપૂરતી સવલતો, અદ્યતન સાધનોનાં ઉપયોગ વિશે જાણકારીને અભાવ, નાણાંનો અભાવ, અજ્ઞાનતાને કારણે બીજા નવીન કાર્યો કરવાની અણઆવડતને લીધે અપૂરતી સવલતો તેમજ આવા કેટલાંક પરિબળોને લીધે આ મહિલાઓ બીજા ક્ષેત્રમાં પ્રગતિ સાધી શકી નથી.

**સ્થળાંતરિત મહિલાઓની પ્રવૃત્તિ :**

આદિવાસી સ્ત્રીઓ મહદ્અંશે ઓછા વળતરવાળા એક સરખા કામો કરે છે. અગાઉ જણાવ્યા મુજબ આદિવાસી સ્ત્રીઓને ઘરકામ ઉપરાંત ખેતી, પશુપાલન, ખેતમજૂરી અને અન્ય મજૂરી જેવા કાર્યો કરવા પડતા હોય છે. કેટલાંક આદિવાસી વિસ્તારોમાં યુવાનો રોજગારી અર્થે બહાર શહેરમાં જતા હોય છે. તેવા સંજોગોમાં પતિની ગેરહાજરીને કારણે બીજી વધારાની કામગીરી પણ સ્ત્રીઓએ જ કરવી પડતી હોય છે. આમ મોટાભાગની આદિવાસી મહિલાઓ મજૂરીનું કામ કરે છે.

જે આદિવાસીઓ ખેતીનું કામ કરે છે. તેઓની ખેતી કુદરત પર આધારિત પરંપરાગત અને ઓછી ઉત્પાદનલક્ષી હોય છે. આ લોકો ચોમાસાની ઋતુ સિવાય શહેરમાં રોજી અર્થે સ્થળાંતર કરે છે. ત્યાં પણ તેઓને મજૂરીનું કામ કરવું પડતું હોય છે. તેઓ હંગામી સમય માટે સ્થળાંતર કરતા હોઈ તેમનાં બાળકોનો શિક્ષણ વિકાસ અટકે છે.

સ્થળાંતરિત આદિવાસી મહિલા શિક્ષણ માટે જયારે અભ્યાસ કરીએ છીએ ત્યારે સ્વાભાવિક જ પ્રશ્ન ઉપસ્થિત થાય કે તેમનું બાળક જયારે ૮ થી ૧૦ વર્ષનું થાય ત્યારે તેની ઉંમર પ્રાથમિક શિક્ષણ મેળવવાની હોય છે અને આ ભણવાનાં સમયગાળા દરમ્યાન તેઓ તેમનાં બાળકોને તેમની સાથે શહેરમાં લઈ જતાં હોય છે અને તેને કમાણીનું સાધન માનીને તેમની પાસે મજૂરી કામ કરાવવામાં આવે છે. જેથી તેમનાં બાળકો શિક્ષણથી વંચિત રહે છે. આવા સ્થળાંતર કરતાં આદિવાસી સમુદાયોની સંખ્યા સારી એવી છે. જેમાં ૮ થી ૧૦ વર્ષની ઉંમરથી જ મોટાભાગની છોકરીઓ તેમની માતા સાથે સ્થળાંતરિત થઈને મજૂરી અર્થે આવે છે. જેની અસર તેનાં શિક્ષણ પર પડે છે.

**શિક્ષણ :**

આદિવાસી લોકો અંતરિયાળ વિસ્તારમાં છૂટાછવાયા રહેતા હોવાથી તેઓનાં વિસ્તારમાં શિક્ષણ માટે સારી સુવિધાઓ ધરાવતી શાળાઓ ઉપલબ્ધ નથી. જેને કારણે તેઓમાં અક્ષરજ્ઞાન કે પ્રાથમિક શિક્ષણ પણ પૂરતું જોવા મળતું નથી.

સ્થળાંતરિત આદિવાસી કુટુંબોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે. જેની વિગતવાર માહિતી નીચેના કોઠામાં દર્શાવવા પ્રયત્ન કર્યો છે. કોઠા પરથી અભ્યાસ હેઠળનાં સ્થળાંતરિતોની શિક્ષણ વિષયક પરિસ્થિતિનો ખ્યાલ આવે છે.

**ઉત્તરદાતાની શિક્ષણ વિષયકથ માહિતી :**

**કોઠા નં.૪.૫**

**શિક્ષણ પ્રાપ્ત કર્યાની વિગત**

| ક્રમ | શહેર | શાળાએ ગયા હતા ? | | | 'હા' તો કયાં સુધી અભ્યાસ કર્યો | | |
|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | કુલ | પ્રાથમિક | માધ્યમિક | કુલ |
| ૧. | અમદાવાદ | ૯ | ૨૬ | ૩૫ | ૯ | - | ૯ |
| ૨. | વડોદરા | ૧૧ | ૨૪ | ૩૫ | ૧૧ | - | ૧૧ |
| ૩. | સુરત | ૧૬ | ૧૯ | ૩૫ | ૧૨ | ૪ | ૧૬ |
| ૪. | કુલ | ૩૬ | ૬૯ | ૧૦૫ | ૩૨ | ૪ | ૩૬ |
| | ટકા | ૩૪.૨૮ | ૬૫.૭૨ | ૧૦૦.૦૦ | ૮૮.૮૯ | ૧૧.૧૧ | ૧૦૦.૦૦ |

અભ્યાસમાં પસંદ કરેલ સ્થળાંતરિત આદિવાસીઓ શાળાએ ગયા હતા કે કેમ ? તે અંગે જાણવાનો પ્રયત્ન કરતાં કુલ ૧૦૫ ઉત્તરદાતાઓ પૈકી ૬૯ (૬૫.૭૨ ટકા) શાળાએ ન ગયા હોવાનું જણાવતા હતા. એટલે કે તેઓ અશિક્ષિત હતા. જયારે ૩૬ (૩૪.૨૮ ટકા) ઉત્તરદાતાઓ અભ્યાસ કરવા માટે શાળાએ ગયા હોવાનું જણાવ્યું હતું. જેમાં ૩૨ સભ્યોએ પ્રાથમિક કક્ષાનું શિક્ષણ અને માત્ર ૪ સભ્યોએ માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવ્યું હતું.

**ઉત્તરદાતાનું શિક્ષણ :**

**કોઠા નં.૪.૬**

**ઉત્તરદાતાનું શિક્ષણ**

| ક્રમ | શહેર | અભણ | | પ્રાથમિક | | માધ્યમિક | | કુલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | |
| ૧. | અમદાવાદ | ૯ | ૧૭ | ૭ | ૨ | - | - | ૧૬ | ૧૮ | ૩૫ |
| ૨. | વડોદરા | ૧૫ | ૯ | ૧૦ | ૧ | - | - | ૨૫ | ૧૦ | ૩૫ |
| ૩. | સુરત | ૮ | ૧૧ | ૧૦ | ૨ | ૪ | - | ૨૨ | ૧૩ | ૩૫ |
| ૪. | કુલ | ૩૨ | ૩૭ | ૨૭ | ૫ | ૪ | - | ૬૩ | ૪૨ | ૧૦૫ |
| | ટકા | ૫૦.૮૦ | ૮૮.૧૦ | ૪૨.૮૬ | ૧૧.૯૦ | ૬.૩૪ | - | ૬૦.૦૦ | ૪૦.૦૦ | |
| | કુલ | ૬૯ | | ૩૨ | | ૪ | | ૧૦૫ | | |
| | | ૬૫.૭૨ | | ૩૦.૪૭ | | ૩.૮૧ | | ૧૦૦.૦૦ | | |

અભ્યાસમાં પસંદ કરેલ સ્થળાંતરિત આદિવાસી શ્રમિકોનાં શિક્ષણ અંગેની માહિતી જાણવાનો પ્રયત્ન કરતાં મોટાભાગનાં ૬૯ (૬૫.૭૨ ટકા) સ્થળાંતરિતો અભણ જોવા મળ્યા હતા. ૩૨ (૩૦.૪૭ ટકા) પ્રાથમીક

કક્ષા સુધીનું શિક્ષણ મેળવ્યું હોવાનું જણાવતા હતાં. જયારે માત્ર ૪(૩.૮૧ ટકા) સ્થળાંતરિત શ્રમિકોએ માધ્યમિક કક્ષાનું શિક્ષણ મેળવ્યું હતું.

આમ કહી શકાય કે અભ્યાસ હેઠળનાં સ્થળાંતરિતોમાં અભણનું પ્રમાણ વધુ જોવા મળે છે.

ઉપરોક્ત કોઠામાં દર્શાવ્યા મુજબ પુરુષ અને સ્ત્રી સભ્યોમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો કુલ પુરુષ સભ્ય સંખ્યામાંથી ૫૦.૮૦ ટકા પુરુષો અભણ હતાં, જયારે ૪૨.૮૬ ટકા સભ્યોએ પ્રાથમિક શિક્ષણ અને માત્ર ૬.૩૪ ટકા સભ્યોએ માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવેલ હતું.

સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો કુલ સ્ત્રી સભ્યોમાંથી ૮૮.૧૦ ટકા સ્ત્રીઓ અભણ હતી. ૧૧.૯૦ ટકા સ્ત્રીઓએ પ્રાથમિક કક્ષા સુધીનું (માત્ર ધોરણ-૧ અને ૨ સુધી) શિક્ષણ મેળવ્યું હતું.

સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ જોઈએ તો કુલ ૪૨ સ્ત્રીઓમાંથી મોટાભાગની ૩૭ (૮૮.૧૦ ટકા) સ્ત્રીઓ અભણ હતી. માત્ર ૫ (૧૧.૯૦ ટકા) સ્ત્રી સભ્યોએ પ્રાથમિક કક્ષા સુધીનું શિક્ષણ મેળવ્યું હતું.

**અધવચ્ચે અભ્યાસ છોડવાનું કારણ :**

**કોઠા નં.૪.૭**

**અધવચ્ચે અભ્યાસ છોડવાનુંકારણ**

| ક્રમ | શહેર | આર્થિક પરિસ્થિતિ નબળી | નાપાસ થવાથી | કુટુંબની જવાબદારી ને કારણે | અન્ય★ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૫ | ૧ | ૩ | - | ૯ |
| ૨. | વડોદરા | ૪ | ૨ | ૫ | - | ૧૧ |
| ૩. | સુરત | ૬ | ૨ | ૮ | - | ૧૬ |
| ૪. | કુલ | **૧૫** | **૫** | **૧૬** | - | ૩૬ |
| | ટકા | **૪૧.૬૮** | **૧૩.૮૮** | **૪૪.૪૪** | - | **૧૦૦.૦૦** |

★ આ સાથેનાં અન્ય કારણોમાં તેમના વતનમાં ફક્ત પ્રાથમિક શાળા જ હોવાનું જણાવતા હતા. આગળ અભ્યાસ માટે બીજા સ્થળે શાળાએ જવાનું પોષાય તેમ ન હતું.

અભ્યાસમાં પસંદ કરેલ કુલ ૧૦૫ની સભ્ય સંખ્યા પૈકી ૩૬(૩૪.૨૮ ટકા) સભ્યોએ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.

શિક્ષણ પ્રાપ્ત કરતાં સભ્યોએ તેમનો ચાલુ અભ્યાસ કેમ છોડી દીધો તે જાણવાનો પ્રયત્ન કરતાં કુલ ૩૬ સભ્યો પૈકી ૧૬ (૪૪.૪૪ ટકા) કુટુંબની જવાબદારીને કારણે, ૧૫ (૪૧.૬૮ ટકા) આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે તેમજ ૫ (૧૩.૮૮ ટકા) સભ્યો નાપાસ થવાને કારણે શાળા છોડી દીધી.

આમ ચાલુ અભ્યાસે ભણવાનું છોડવા માટેનાં જુદા જુદા કારણો જોવા મળ્યા હતાં.

ઉચ્ચ શિક્ષણ તેમજ સ્નાતક કક્ષાનાં શિક્ષણ માટે પણ ઘણા પ્રશ્નો ઉભા થાય છે. તેઓ તેમનો વ્યવસાય કરી, રોજગારીની તકો ઉભી કરી શકે, તેવા શિક્ષણનો અભાવ વર્તાય છે. આર્થિક રીતે ગરીબ આદિવાસી પ્રજા દિવસે દિવસે આવા મોંઘા શિક્ષણથી અલિપ્ત રહે છે. આવા શૈક્ષણિક વાતાવરણમાં કન્યા કેળવણીનો પણ અભાવ વર્તાય છે. કેમ કે શિક્ષણ માત્ર અક્ષરજ્ઞાન પૂરતું જ નહિ, પરંતુ રોજગારીની તકો ઉભી કરવા માટે પણ જરૂરી છે. આ માટે આજના શિક્ષણ જગતનાં મૂળભૂત સિધ્ધાંતોમાં, પાયામાં ફેરફાર કરી, શિક્ષણ જગતને વૈશ્વિકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણની નાગચૂડમાંથી મૂક્ત કરી આ નબળા વર્ગોને શિક્ષણ માટેની સુવિધાઓ ઉપલબ્ધ કરવી પડશે.

અભ્યાસ માટે પસંદ કરેલ આદિવાસી કુટુંબોમાં મોટાભાગે દાહોદ અને પંચમહાલનાં તાલુકાઓનાં ગામોમાંથી સ્થળાંતર થઈને પોતાનાં પરિવાર સાથે શહેરમાં કામ કરવા માટે બહાર નીકળી જાય છે. વતનમાં કુટુંબનું ભરણપોષણ પૂરું કરી શકતા ન હોઈ, આદિવાસી કુટુંબોના, મજૂરી કરી શકે તેવા સભ્યો શહેરો તરફ કમાણી અર્થે મજૂરી કરવાનાં હેતુથી આવતા હોય છે. તેમનું આ સ્થળાંતર તૂટક તૂટક હોય છે. એટલે કે દિવાળી અને હોળીનાં તહેવારોમાં વતનમાં પાછા જાય છે. આ સિવાય લાંબી બિમારી કે અન્ય સારા-નરસા પ્રસંગે વતનમાં પાછા ફરે છે. તે જે રીતે ચોમાસામાં પણ શહેર તરફ ઓછો ઘસારો જોવા મળે છે. આ પરિસ્થિતિમાં તેમનાં બાળકોનાં શિક્ષણ વિશે અનેક પ્રશ્નો ઉભા થતા હોય છે.

અભ્યાસ હેઠળનાં સ્થળાંતરિતો શરૂઆતમાં શહેરમાં આવનાર જૂથો પોતાની રહેવાની જગ્યા એવી પસંદ કરે છે કે જયાં તેઓને કોઈની કનડગત ન રહે. મોટે ભાગે કોઈ ખુલ્લો મોટો પ્લોટ (મેદાન), સરકારી કે મ્યુનિસિપાલીટીની જગ્યા, ખુલ્લા મેદાનના કોટની બહાર રસ્તાની આજુબાજુ અથવા તો રેલ્વેલાઈનની આસપાસ જયાં વધારે ખુલ્લી જગ્યા હોય તેવા સ્થાને પોતાનો મુકામ નાખવાનું પસંદ કરે છે.

અભ્યાસક્ષેત્રમાંના ત્રણયે શહેરોમાં અનુક્રમે અમદાવાદ, વડોદરા તેમજ સુરત વગેરે શહેરોમાં દરરોજ લગભગ સવારે ૮-૦૦ થી ૧૦-૦૦ વાગ્યા સુધી બધાજ પ્રકારનાં કારીગર વર્ગ તથા મજૂરીવર્ગ એકઠો થાય છે. ત્યારબાદ કામની શોધ કરી મજૂરીએ જાય છે. મજૂરી ના મળે તો પોતાના પડાવ સ્થળે પાછા જાય છે અને બીજુ કામ કરી અથવા આરામ કરી કમાણીનાં ભોગે સમય વિતાવે છે.

મહિલાઓ માટે તો આમ પણ પરિસ્થિતિ કપરી હોય છે. અગાઉ જણાવ્યા મુજબ તેમણે એક સાથે બે સ્તરે જવાબદારી નિભાવવાની હોય છે. ઘરગથ્થુ ક્ષેત્રે અને કામનાં સ્થળે કામની બેવડી જવાબદારીને કારણે તેઓ મળસ્કે ૪ વાગ્યાથી ઊઠીને મોડી રાત્રે ૧૧ વાગ્યા સુધી યંત્રની પેઠે કામ કરે છે. વળી કામનાં કલાકોની અનિશ્ચિતતાને કારણે ઘણીખરી સ્ત્રીઓને જાતીય સતામણીનાં પણ ભોગ બનવું પડે છે. જેની અસર તેમનાં સમાજજીવન પર વિપરીતપણે વર્તાઈ છે. તેઓ પોતાનાં ગામ, કુટુંબ, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃતિમાં ભાગ લેવા અસમર્થ બને છે. તે જ રીતે વિશેષ મહત્વની બાબત તો એ છે કે તેઓ પોતાના બાળકોની પણ યોગ્ય સારસંભાળ લઈ શકતાં નથી. તેમજ તેમનાં શિક્ષણ માટે પણ બેદરકાર રહે છે.

પ્રસ્તુત અભ્યાસમાં સ્થળાંતરને કારણે આદિવાસી મહિલા શિક્ષણ પર કેવી અસર પડે છે. તેને વાસ્તવિક રીતે સમજવા આદિવાસી મહિલાઓની કુટુંબ તરફની નિષ્ઠાપૂર્વક ભજવાતી બેવડી ભૂમિકાને સમજવી પડશે.

સ્થળાંતરિત મહિલાઓ તેમનાં કુટુંબના જીવનનિર્વાહ માટે આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિઓમાં પૂરેપૂરી સહભાગી બનતી હોઈ, તેની અસર તેમના શિક્ષણ પર પડે છે. સ્થળાંતરિત વિસ્તારમાં શિક્ષણ મેળવવા વિષયક અનેક તેમનાં પ્રશ્નો ઊભા થાય છે. જેને આપણે નીચે દર્શાવેલ વિગતો દ્વારા સમજવા પ્રયત્ન કરીશું.

**સ્થળાંતર સ્થળે રહેઠાણ વ્યવસ્થા :**


**કોઠા નં.૪.૮**

**સ્થળાંતરિત સ્થળે રહેઠાણ વ્યવસ્થા**

| ક્રમ | શહેર | મ્યુ.માલિકીની જમીન | ખાનગી (કમર્શીયલ સેન્ટરનાં ધાબા પર) | રેન-બસેરા | ફૂટપાથ (રોડની બાજુમાં) | ખુલ્લામાં (મેદાનમાં) | અન્ય (કોન્ટ્રા-કટરના પ્લોટમાં) | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૫ | ૮ (રૂા.૧૫૦ ભાડુ) | - | ૪ | ૧૩ | ૫ | ૩૫ |
| ૨. | વડોદરા | ૫ | - | - | ૫ | ૧૭ | ૮ | ૩૫ |
| ૩. | સુરત | ૭ | - | - | ૬ | ૧૮ | ૪ | ૩૫ |
| ૪. | કુલ | ૧૭ | ૮ | - | ૧૫ | ૪૮ | ૧૭ | ૧૦૫ |
| | ટકા | ૧૬.૧૯ | ૭.૬૨ | - | ૧૪.૨૮ | ૪૫.૭૨ | ૧૬.૧૯ | ૧૦૦.૦૦ |

શરૂઆતમાં જોયુ તેમ અભ્યાસ હેઠળનાં મોટાભાગનાં સ્થળાંતરિત કુટુંબો દાહોદ, પંચમહાલ જિલ્લાના ગામોમાંથી સ્થળાંતર કરી આવતા જોવા મળ્યા છે. શરૂઆતમાં એટલે કે પહેલીવાર જયારે આવતા હોય ત્યારે તેઓ શહેરમાં જે જગ્યા ખુલ્લી હોય તેમજ કોઈ તેઓને અડચણ ના કરે તેવી જગ્યા પસંદ કરીને ખુલ્લામાં જ પડાવ નાખે છે. પોતાની પાસે ખાસ વસ્તુઓ હોતી નથી. તેથી સહેલાઈથી ગમે ત્યાં જગ્યા બદલી શકે છે. શહેરમાં એક સ્થળે મજૂરી ન મળે તો બીજા સ્થળે જયાં મજૂરી મળે તેવી નજીકની જગ્યા પસંદ કરીને રહેઠાણની જગ્યા બનાવે છે. આ અભ્યાસમાં કુલ ૧૦૫ કુટુંબોમાંથી ૪૮ (૪૫.૭૨ ટકા) કુટુંબો પોતાનો નિવાસ ખુલ્લામાં જ કરતાં જોવા મળ્યા છે. ૩૪ (૩૨.૩૮ ટકા) કુટુંબો અનુક્રમે મ્યુનિસિપલ માલિકીની જમીન તેમજ કોન્ટ્રાકટરે રાખેલ પ્લોટમાં રહેતા જોવા મળ્યા છે અને ૧૫ (૧૪.૨૮ ટકા) ફૂટપાથ (રોડની આજુબાજુમાં) પર નિવાસ કરતા જોવા મળ્યા છે. જયારે કેટલાંક કુટુંબો ૮ (૭.૬૨ ટકા) કોમર્શીયલ સેન્ટરનાં ખુલ્લા ધાબા પર નિવાસ કરતાં હોય તેવું જોવા મળ્યુ છે. જયાં તેઓને માલિકો પ્રતિમાસ રૂા.૧૦૦-૦૦ થી રૂા.૧૫૦-૦૦ સુધી ભાડુ આપવું પડે છે. આ સિવાયની જાહેર કે ખાનગી રહેઠાણ વ્યવસ્થામાં આજુબાજુ વર્ચસ્વ ધરાવતા લોકો પ્રતિમાસ રૂા.૫૦-૦૦ થી રૂા.૨૦૦-૦૦ સુધીનાં હપ્તા ઉઘરાવતા હોવાનું જણાવે છે.

**સ્થળાંતર સ્થળે રહેઠાણ અંગે પડતી મુશ્કેલી :**



અમદાવાદમાં સ્થાળાંતરિતોને રહેવા માટે રેનબસેરા

## કોઠા નં. ૪.૯
## સ્થળાંતર સ્થળે રહેઠાણ અંગે પડતી મુશ્કેલી

| ક્રમ | શહેર | રહેઠાણ અંગે મુશ્કેલી પડે છે. | | પાયાની સુવિધા નથી | રહેઠાણ લાયક જગા નથી | પીવા-વાપરવાના પાણીની તકલીફ | લાઈટની વ્યવસ્થા નથી | મકાનની વ્યવસ્થા નથી | ઉનાળા, શિયાળામાં મુશ્કેલી | રસોઈ બનાવવાની અગવડ | આજુબાજુનાં લોકો હેરાન કરે | ગટર વ્યવસ્થા નથી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | - | હા | | | | | | | | | |
| ૧. | અમદાવાદ | - | ૩૫ | ૩૦ | ૩૨ | ૩૧ | ૨૯ | ૨૮ | ૨૦ | ૧૯ | ૨૦ | ૨૨ |
| ૨. | વડોદરા | - | ૩૫ | ૩૨ | ૨૯ | ૩૦ | ૨૭ | ૨૫ | ૧૯ | ૨૦ | ૧૨ | ૨૪ |
| ૩. | સુરત | - | ૩૫ | ૩૩ | ૩૨ | ૨૯ | ૨૮ | ૨૮ | ૨૨ | ૨૪ | ૧૫ | ૨૮ |
| ૪. | કુલ | - | ૧૦૫ | ૯૫ | ૯૩ | ૯૦ | ૮૪ | ૮૧ | ૬૧ | ૬૩ | ૪૭ | ૭૪ |

નોંધ : એક કરતાં વધુ જવાબો



ખુલ્લા મેદાનમાં રહેતા સ્થળાંતરિતો

અગાઉ આપણે સ્થળાંતરિત કુટુંબોની રહેઠાણ વ્યવસ્થા તપાસી. હવે આપણે અભ્યાસમાં પસંદ કરેલ સ્થળાંતરિત કુટુંબોની રહેઠાણ સ્થળે પડતી મુશ્કેલી અંગે જાણવા પ્રયત્ન કરતાં ઉત્તરદાતાઓએ એક કરતાં વધુ મુશ્કેલીઓ જણાવી છે. તે જોતાં કુલ સ્થળાંતરિતોનાં જવાબમાં રહેઠાણ સ્થળે કોઈપણ પ્રકારની પાયાની સુવિધા નથી, જેવી કે પીવાનું પાણી, હવા-ઉજાસ, ન્હાવાની સમસ્યા, સંડાસ જવા માટે ખુલ્લામાં ગમે ત્યાં જવું પડે, દવાખાનુ વગેરેની સમસ્યાઓ હોવાનું જણાવ્યું હતું. ૯૩નાં જવાબ મુજબ રહેઠાણ લાયક વ્યવસ્થિત જગા નહિ હોવાનું જણાવ્યું હતું. ૯૦ના જવાબ મુજબ પીવા તથા વાપરવાનાં પાણીની તકલીફ હતી. લાઈટની વ્યવસ્થાનથી તેવા જવાબ આપનાર ૮૪, કાચા કે પાકા મકાનની વ્યવસ્થા નહીં હોવાનું જણાવનાર ૮૧, ગંદા પાણીનાં નિકાલ માટે ગટર વ્યવસ્થા નહીં હોવાનું જણાવનાર ૭૪, રસોઈ બનાવવાની અગવડ પડતી હોવાનું જણાવનાર ૬૩, ઉનાળો તથા શિયાળામાં પડતી મુશ્કેલી અંગે ૬૧ તેમજ ૪૭ ઉત્તરદાતાઓ રહેઠાણ સ્થળે આજુબાજુનાં રહીશો હેરાન કરવાનું જણાવતા હતાં.

આમ સ્થળાંતરિત આદિવાસી કુટુંબોને તેમના રહેવાના સ્થળે ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

**રહેઠાણ સ્થળેથી વ્યવસાય સ્થળે જવાનું અંતર :**

**કોઠા નં.૪.૧૦**

**વ્યવસાય માટે જવાનું અંતર**

| ક્રમ | શહેર | ૨ કિ.મી.નું અંતર | ૨ થી ૩ કિ.મી. | કુલ | શટલ રીક્ષામાં | ચાલતા | કામના સ્થળે | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૭ | ૨૮ | ૩૫ | ૪ | ૨૪ | ૭ | ૩૫ |
| ૨. | વડોદરા | ૬ | ૨૯ | ૩૫ | ૬ | ૨૩ | ૬ | ૩૫ |
| ૩. | સુરત | ૩ | ૩૨ | ૩૫ | ૫ | ૨૭ | ૩ | ૩૫ |
| ૪. | કુલ | ૧૬ | ૮૯ | ૧૦૫ | ૧૫ | ૭૪ | ૧૬ | ૧૦૫ |
| | ટકા | ૧૫.૨૩ | ૮૪.૭૭ | ૧૦૦ | ૧૬.૮૫ | ૮૩.૧૫ | ૧૫.૨૩ | ૧૦૦ |

અભ્યાસમાં પસંદ કરેલ સ્થળાંતરિતો પાસેથી રહેઠાણ સ્થળેથી વ્યવસાય સ્થળે જવા માટેનાં અંતર વિષે જાણવા પ્રયત્ન કર્યો હતો. જેમાં કુલ સ્થળાંતરિતોમાથી સૌથી વધુ ૮૯ (૮૪.૭૭ ટકા) વ્યવસાય સ્થળે જવાનું અંતર ૨ થી ૩ કિ.મી. સુધીનું જણાવતા હતા. અને ૧૬ (૧૫.૨૩ ટકા) વ્યવસાય સ્થળે જવાનું અંતર ૨ કિ.મી. સુધીનું બતાવવા હતા. કામનાં સ્થળે જવા માટે ૭૪ (૮૩.૧૫ ટકા) ચાલતા જતા હોવાનું જણાવ્યું હતું. જયારે માત્ર ૧૫ (૧૬.૮૫ ટકા) શટલ રીક્ષામાં જતાં હતા. જેના કારણરૂપે તેઓ પોતાની સાથે તેમનાં નાના-બાળકોને લઈ જવાનું જણાવતા હતા. આ સિવાયના કુલ સ્થળાંતરિતોમાંથી ૧૬ (૧૫.૨૩ ટકા) વ્યવસાયનાં સ્થળે જ એટલે કે કોન્ટ્રાકટનાં ખાલી પ્લોટમાં જ રહેતા હોવાનું જણાવતા હતા.

આમ સ્થળાંતરિત શ્રમિકો કામ પર જવાનું થાય ત્યારે મોટે ભાગે ચાલતા જ જતા હોય છે. આ ઉપરાંત જો કોઈ દૂરનાં સ્થળે જવાનું હોય તો મુકરદમ કે કોન્ટ્રાકટર લઈ જવાની વ્યવસ્થા કરે છે. તે પણ ઉચ્ચક રીક્ષા બાંધીને જે તે સ્થળે લઈ જવામાં આવે છે. આવું સુરત શહેરમાં વધુ જોવા મળ્યું હતું. કામ પર જાય ત્યારે ટીફીનમાં બપોરનું જમવાનું સાથે લઈ જતા હતા. જયારે કોઈ કારણોસર ટીફીન સાથે ન લઈ ગયા હોય તો નાસ્તો કરી ચલાવી લેતા હોય છે. આમ સ્થળાંતરિતોની કામનાં સ્થળે જુદી જુદી પરિસ્થિતિ જોવા મળી હતી.

**મજૂરી માટે સ્થળાંતરિત વિસ્તારની પસંદગી :**

**કોઠા નં.૪.૧૧**

**મજૂરી માટે સ્થળાંતર વિસ્તારની પસંદગી**

| ક્રમ | શહેર | જે શહેરમાં વધારે મજૂરી અને કામ મળે ત્યાં | અમદાવાદ | વડોદરા | સુરત | વલસાડ | સૌરાષ્ટ્રના | કુલ વિસ્તારો |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩૫ | ૮ | ૯ | ૬ | ૭ | ૫ | ૩૫ |
| ૨. | વડોદરા | ૩૫ | ૧૦ | ૧૦ | ૭ | ૪ | ૪ | ૩૫ |
| ૩. | સુરત | ૩૫ | ૧૦ | ૧૨ | ૫ | ૫ | ૩ | ૩૫ |
| ૪. | કુલ | ૧૦૫ | ૨૮ | ૩૧ | ૧૮ | ૧૬ | ૧૨ | ૧૦૫ |
| | ટકા | ૧૦૦.૦૦ | ૨૬.૬૭ | ૨૯.૫૪ | ૧૭.૧૪ | ૧૫.૨૩ | ૧૧.૪૨ | ૧૦૦.૦૦ |

સ્થળાંતરિત શ્રમિકોના પ્રવાહની મુખ્ય તરાહમાં ખાસ કરીને કૃષિની દ્રષ્ટિએ પછાત પ્રદેશમાંથી સમૃધ્ધ વિસ્તાર તરફ જતાં હોય છે. બીજુ કે આદિવાસી વિસ્તારનાં લોકોમાં શિક્ષણ પ્રમાણ ઓછું જોવા મળે છે. તેઓની ખેતી અત્યંત પછાત હોય છે અને વૈકલ્પિક રોજગારી માટેનાં સાધનો પણ પૂરતા જોવા મળતા નથી.

ગુજરાત રાજયનાં આદિવાસી વિસ્તારોમાંથી સૌથી વિશેષ પ્રમાણમાં દાહોદ- પંચમહાલ જિલ્લાનાં આદિવાસીઓ રાજયનાં જુદા જુદા વિસ્તારમાં રોજગારીની શોધમાં જતા હોય છે. જયાં વધારે મજૂરી મળે અને વધારે દિવસો સુધી કામ મળે તેવા શહેરોમાં સ્થળાંતર કરતાં હોય છે.

અભ્યાસમાં પસંદ કરેલ સ્થળાંતરિત કુટુંબોની સ્થળાંતર વિસ્તારની પસંદગી અંગે પૂછતાં તેઓ અમદાવાદ, વડોદરા, સુરત, વલસાડ, સૌરાષ્ટ્રનાં વિસ્તારો તેમજ અન્ય જે શહેરોમાં ઉપર જણાવ્યું તેમ વધારે મજૂરી અને કામ મળે તેવા શહેરોમાં જવાનું પસંદ કરે છે.

તપાસ હેઠળનાં સ્થળાંતરિત કુટુંબોમાં સ્થળાંતરિત વિસ્તારોની પસંદગી જોતાં એક કરતાં વધારે ઉત્તરો મળે છે. જેમાં સૌથી વધુ જે શહેરમાં કામ મળે તે શહેરમાં જવાનું પસંદ કરતાં ૧૦૦ ટકા જોવા મળ્યા છે. જેમાં થયેલ વિસ્તારોમાં સ્થળાંતર સૌથી વધુ ૩૧ (૨૯.૫૪ ટકા) વડોદરા શહેર, ૨૮ (૨૬.૬૭ ટકા) અમદાવાદ, ૧૮ (૧૭.૧૪ ટકા) સુરત, ૧૬ (૧૫.૨૩ ટકા) વલસાડ અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ૧૨ (૧૧.૪૨ ટકા) સ્થળાંતર કરવાનું પસંદ કરતા હોવાનું જણાવ્યું હતું.




કામ પર જતા પહેલાં રસોઈ કરતી સ્ત્રી

આમ છતાં કાયમી અને વધારે રોજ મળે ત્યાં જવાનું પસંદ કરતા હોવાનું જાણવા મળ્યું હતું. જો કે દરેક જિલ્લાઓમાં વધતા ઓછા પ્રમાણમાં સ્થળાંતર તો કરતાં જ હોય છે જ. વળી જે જગ્યાએ અગાઉ સ્થળાંતર થઈને આવ્યા હોય તથા ત્યાંના સ્થાનિક લોકો સાથે અને કોન્ટ્રાકટર સાથે પરિચય કેળવાયો હોય તેવા શહેરોમાં જવાનું વધુ પસંદ કરતા હતાં. કયારેક એવું પણ બનતુ કે મજૂરો લેવા માલિકો તેમનાં વતનમાં જતાં હોય, વળી કોન્ટ્રાકટરો એક જગ્યાએથી બીજી જગ્યાએ કામ માટે મોકલે ત્યાં પણ જતાં હોય તેવું જોવા મળ્યું હતું.

**સ્થળાંતરથી ખુશ છે ? અથવા સ્થળાંતર સ્થળે કામથી સંતોષ છે ? :**

કોઠા નં. ૪.૧૨

સ્થળાંતરથી ખુશ છો ?

| ક્રમ | શહેર | કુલ ઉત્તર-દાતા | હા | ના | અનુત્તર | 'હા' તો વિગત | | | 'ના' તો કેમ ? | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | દેવું ભરાઈ જાય | ગામમાં રોજી મળતી નથી | કુલ | પેટ માટે ગમાડવું પડે | મજબુરી | કોન્ટ્રાકટર હેરાન કરે છે. | કુલ |
| ૧. | અમદાવાદ | ૩૫ | ૮ | ૨૨ | ૫ | ૩ | ૫ | ૮ | ૧૦ | ૮ | ૪ | ૨૨ |
| ૨. | વડોદરા | ૩૫ | ૧૯ | ૧૧ | ૫ | ૭ | ૧૨ | ૧૯ | ૪ | ૩ | ૪ | ૧૧ |
| ૩. | સુરત | ૩૫ | ૧૫ | ૧૮ | ૨ | ૬ | ૯ | ૧૫ | ૬ | ૪ | ૮ | ૧૮ |
| ૪. | કુલ | ૧૦૫ | ૪૨ | ૫૧ | ૧૨ | ૧૬ | ૨૬ | ૪૨ | ૨૦ | ૧૫ | ૧૬ | ૫૧ |
| | ટકા | ૧૦૦ | ૪૦.૦૦ | ૪૮.૫૮ | ૧૧.૪૨ | ૩૮.૦૬ | ૬૧.૯૧ | ૧૦૦ | ૩૯.૨૧ | ૨૯.૪૧ | ૩૧.૩૮ | |

અભ્યાસ હેઠળનાં સ્થળાંતરિત શ્રમિકો પાસેથી અત્યારે તમે વતનમાંથી મજૂર મેળવવા માટે સ્થળાંતર કરીને આવ્યા છો તે કામથી ખુશ છે અથવા એ કામ તેમને પસંદ છે એ જાણવા પ્રયત્ન કર્યો હતો. જેમાં મોટાભાગનાં ૫૧ (૪૮.૫૮ ટકા)નાં જવાબો નકારાત્મક જોવા મળ્યા હતા. જેમાં સૌથી વધુ ૨૦ (૩૯.૨૧ ટકા) ગમે કે ના ગમે પણ પેટ માટે તો ગમાડવું પડે, ૧૬ (૩૧.૩૮ ટકા) કોન્ટ્રાકટરની હેરાનગતીને કારણે જયારે ૧૫ (૨૯.૪૧ ટકા) મજબુરીને કારણે વતન છોડી શહેરમાં મજૂરી કરીએ છીએ તેવું જાણવા મળ્યું હતું.

સ્થળાંતર સ્થળે કામથી ખુશ હોવાના પ્રશ્નનાં જવાબમાં ૪૨ (૪૦.૦૦) હકારાત્મક જવાબ મળ્યા હતા. જે પૈકી ૨૬ (૬૧.૯૧ ટકા) ગામમાં રોજી મળતી ન હોવાને કારણે શહેરમાં કમાવવા આવવું જ પડે તેવું જણાવતા હતા. જયારે ૧૬ (૩૯.૦૯ ટકા) દેવુ ભરપાઈ થઈ જાય તે માટે કામ કરવું પડે તેવું જાણવા મળ્યું હતું. જયારે સમગ્ર ઉત્તરદાતાઓમાંના ૧૨ (૧૧.૪૨ ટકા) અનુત્તર રહ્યા હતાં.

આમ કહી શકાય કે પોતાના વતનમાં કુટુંબનું ભરણપોષણ થઈ શકે એટલી મજૂરી ન મળતાં અન્ય શહેરમાં મજૂરી માટે જવું પડતું હોય છે.

**સ્થળાંતર સ્થળે સાથે રહેતા કુટુંબના સભ્યો :**

**કોઠા નં.૪.૧૩**

**સ્થળાંતરિત વિસ્તારમાં ઉત્તરદાતા સાથે રહેતા સભ્યો**

| ક્રમ | શહેર | કમાનાર | | | | નહીં કમાનાર | | | | કમાનાર/ નહિ કમાનાર કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | પુ. | સ્ત્રી | બાળકો | કુલ | પુ. | સ્ત્રી | બાળકો | કુલ | |
| ૧. | અમદાવાદ | ૪૫ | ૩૬ | ૫૫ | ૧૩૬ | ૨ | ૩ | ૨૬ | ૩૧ | ૧૬૭ |
| ૨. | વડોદરા | ૩૯ | ૩૫ | ૩૮ | ૧૧૨ | ૩ | ૧ | ૧૫ | ૧૯ | ૧૩૧ |
| ૩. | સુરત | ૪૭ | ૪૦ | ૪૧ | ૧૨૮ | ૩ | ૨ | ૧૮ | ૨૩ | ૧૫૧ |
| ૪. | કુલ | ૧૩૧ | ૧૧૧ | ૧૩૪ | ૩૭૬ | ૮ | ૬ | ૫૯ | ૭૩ | ૪૪૯ |
| | ટકા | ૩૪.૮૪ | ૨૯.૫૨ | ૩૫.૬૪ | ૧૦૦ | ૧૦.૯૬ | ૮.૨૧ | ૮૦.૮૩ | ૧૦૦ | |
| | | ૬૪.૩૬ | | ૮૩.૭૫ | | ૧૯.૧૭ | | ૧૬.૨૫ | | |

અભ્યાસ હેઠળનાં ઉત્તરદાતાઓ પોતાના વતન છોડી સ્થળાંતર કરીને શહેરમાં આવ્યા હતા. ત્યારે વતનમાં તેમનાં કુટુંબનાં કેટલાંક સભ્યો જેમાં ખાસ કરીને વૃધ્ધો તેમજ અન્ય કેટલાંક સભ્યોને મૂકીને આવવું પડતું હોય છે. જયારે શહેરમાં પોતાની સાથે રહેતા સભ્યોમાં કમાનાર અને નહીં કમાનાર સભ્યોની માહિતી જોતા જણાય છે કે કુલ ઉત્તરદાતાનાં કુટુંબનાં સભ્યોમાંથી ૩૭૬ (૮૩.૭૫ ટકા) કમાનાર સભ્યો જોવા મળ્યા હતા. જેમાં સૌથી વધુ ૨૪૨ (૬૪.૩૬ ટકા) સ્ત્રી-પુરુષો કમાનાર જોવા મળ્યા હતાં. જયારે ૧૩૪ (૩૫.૬૪ ટકા) તેમનાં બાળકોનો સમાવેશ થતો હતો.

સ્થળાંતર વિસ્તારમાં ઉત્તરદાતાઓ સાથે રહેતા કુલ સભ્યોમાંથી નહીં કમાનારની સંખ્યા જોતાં કુલ ૭૩ (૧૬.૨૫ ટકા) સભ્યો કમાતા ન હતા. નહીં કમાનારની કુલ સંખ્યામાંથી ૧૪ (૧૯.૧૭ ટકા) સ્ત્રી-પુરુષો હતાં જ્યારે ૫૯ (૮૦.૮૩ ટકા) નાના બાળકોનો સમાવેશ થતો હતો.

આમ તપાસ હેઠળનાં કુટુંબોમાં તેમની સાથે રહેતા કમાનાર સભ્યોનું પ્રમાણ વધારે હતું અને નહીં કમાનાર સભ્યોનું પ્રમાણ ઓછું જોવા મળ્યુ હતું. આ ઉપરથી કહી શકાય કે સ્થળાંતરિત પરિવારનો મજૂરી કરી શકે એવો વર્ગ પોતાનાં પરિવારનાં સભ્યો સાથે શહેરમાં આવ્યા છે. બાકીનાં સભ્યો પોતાના વતનમાં ઘર, ખેતી તેમજ બાળકો સાચવી શકે તે હેતુથી વતનમાં રોકાયેલા રહે છે.

**સ્થળાંતરિત કુટુંબોના શાળાએ અભ્યાસ કરતાં બાળકો :**

**કોઠા નં.૪.૧૪**

**શાળાએ અભ્યાસ કરતાં બાળકોની વિગત**

| ક્રમ | શહેર | ઉત્તર-દાતા | બાલવાડી | | આંગણવાડી | | પ્રાથમિક | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ૧. | અમદાવાદ | ૩૫ | ૨ | ૧ | ૧ | ૧ | ૧૩ | ૬ | ૧૬ | ૮ |
| ૨. | વડોદરા | ૩૫ | ૧ | ૧ | - | - | ૩ | ૩ | ૪ | ૪ |
| ૩. | સુરત | ૩૫ | - | - | - | - | ૧૧ | ૬ | ૧૧ | ૬ |
| ૪. | કુલ | ૧૦૫ | ૩ | ૨ | ૧ | ૧ | ૨૭ | ૧૫ | ૩૧ | ૧૮ |
| ૫. | | | ૫ | | ૨ | | ૪૨ | | ૬૩.૨૬ | ૩૬.૭૪ |
| | કુલ ટકા | | ૧૦.૨૦ | | ૪.૦૮ | | ૮૫.૭૨ | | | |

અભ્યાસમાં પસંદ કરેલ સ્થળાંતરિત શ્રમિકોનાં અભ્યાસ કરતાં બાળકોની માહિતી જાણવાનો પ્રયત્ન કરતાં કુલના ઉત્તરદાતાઓના બાળકો પૈકી ૪૯ બાળકો અભ્યાસ કરતાં હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં ૩૧ (૬૩.૨૬ ટકા) કુમારો અને ૧૮ (૩૬.૭૪ ટકા) કન્યાઓનો સમાવેશ થાય છે. જેમાં ૪૨ (૮૫.૭૨ ટકા) પ્રાથમિક શિક્ષણ, ૫ (૧૦.૨૦ ટકા) બાલવાડી અને ૨ (૪.૦૮ ટકા) આંગણવાડીમાં જતા હોવાનું જણાવ્યું હતું.

આમ સ્થળાંતરિત કુટુંબોમાં બાળકોનું શિક્ષણ પ્રમાણ ઘણું જ ઓછું હતું. જેનું મુખ્ય કારણ તેમની આર્થિક પરિસ્થિતિ અને સ્થળાંતર જવાબદાર ગણાવી શકાય.

**કોઠા નં.૪.૧૫**

**ભણવા ન જતા બાળકો** કારણો

| ક્રમ | શહેર | કુમાર | કન્યા | કુલ | સ્થળાંતરને કારણે | આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે | શાળા દૂર છે | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧૨ | ૨૫ | ૩૭ | ૧૫ | ૧૪ | ૮ | ૩૭ |
| ૨. | વડોદરા | ૧૦ | ૧૯ | ૨૯ | ૧૭ | ૧૦ | ૨ | ૨૯ |
| ૩. | સુરત | ૯ | ૧૯ | ૨૮ | ૧૮ | ૭ | ૩ | ૨૮ |
| ૪. | કુલ | ૩૧ | ૬૩ | ૯૪ | ૫૦ | ૩૧ | ૧૩ | ૯૪ |
| | ટકા | ૩૨.૯૮ | ૬૭.૦૨ | ૧૦૦ | ૫૩.૧૯ | ૩૨.૯૮ | ૧૩.૮૩ | ૧૦૦ |

**અન્ય કારણો :**

(૧) નાના (૦ થી ૬ વર્ષનાં) બાળકોને સાચવવાનાં હોવાથી (૨) બાળકોને અભ્યાસમાં રૂચિ નથી.

અભ્યાસમાં પસંદ કરેલ સ્થળાંતરિત કુટુંબોનાં બાળકો કે જેઓ ભણવા જતાં નથી, તે અંગે વિગતે જોતાં કુલ ૧૦૫ કુટુંબોમાંથી ૯૪ બાળકો શાળામાં ભણવા જતા ન હોવાનું જાણવા મળ્યું છે. જેમાં ૩૧ (૩૨.૯૮ ટકા) કુમારો અને ૬૩ (૬૭.૦૨ ટકા) કન્યાઓનો સમાવેશ થાય છે.

શાળાએ ભણવા ન જતાં ૯૪ બાળકો પૈકી ૦ થી ૧૪ વર્ષ વયજૂથ ધરાવતા ૫૮ બાળકો છે અને ૧૪ વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતા ૩૬ બાળકો છે. કે જેઓ ભણવા જતા નથી.

બાળકો શાળામાં ભણી શક્યા નથી તેના અનેક કારણો જાણવા મળ્યા છે. જેમાં સૌથી વધુ ૫૦ (૫૩.૧૯ ટકા) સ્થળાંતરને કારણે, ૩૧ (૩૨.૯૮ ટકા) આર્થિક પરિસ્થિતિ નબળી હોવાને કારણે તેમજ ૧૩ (૧૩.૮૩ ટકા) શાળા દૂર હોવાને કારણે શાળામાં ભણી શક્યા નથી. આ ઉપરાંત બીજા અન્ય કારણોમાં તેમનાથી નાના બાળકોને સાચવવાના હોવાથી તેમજ તેમને પોતાને અભ્યાસ કરવામાં રૂચિ નહી હોવાને કારણે ભણવા જવામાં રસ દાખવતા નહી હોવાનું જણાય છે.

બીજુ ખાસ કારણ એ કે કેટલાંક સ્થળાંતરિતો છૂટક રોજકામ પર અલગ-અલગ જગ્યાએ જતા હોઈ, બાળકોને કોઈપણ એક સ્થાનિક સ્થળે શાળામાં દાખલ કરવાની મુશ્કેલી પડે છે.

આમ કહી શકાય કે સ્થળાંતરિત કુટુંબો તેમના કુટુંબની જવાબદારીને કારણે બાળકોને પણ તેમની સાથે મજૂરીએ લઈ જતાં હોઈ તેમનાં બાળકો શિક્ષણ મેળવી શકતા નથી.

ખાસ કરીને તેમની દીકરીઓનાં શિક્ષણ ઉપર આની ખૂબ માઠી અસર પડતી હોવાનું જણાય છે.

## કોઠા નં.૪.૧૬

### અધવચ્ચે અભ્યાસ છોડી દીધેલ સ્થળાંતરિતોનાં બાળકોની વિગત

| ક્રમ | જિલ્લાનું નામ | ધોરણ-૧ | | ધોરણ-૨ | | ધોરણ-૩ | | ધોરણ-૪ | | ધોરણ-૫ | | ધોરણ-૬ | | ધોરણ-૭ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| ૧. | અમદાવાદ | - | ૩ | - | ૫ | ૨ | ૫ | ૩ | ૨ | ૪ | ૩ | ૫ | - | ૧ | - | ૧૫ | ૧૮ |
| ૨. | વડોદરા | - | ૨ | ૧ | ૬ | ૧ | ૫ | ૨ | ૨ | ૨ | - | ૩ | - | - | - | ૯ | ૧૫ |
| ૩. | સુરત | - | ૪ | - | ૮ | ૧ | ૪ | ૧ | ૧ | ૪ | - | ૪ | - | ૨ | - | ૧૨ | ૧૭ |
| ૪. | કુલ | - | ૯ | ૧ | ૧૯ | ૪ | ૧૪ | ૬ | ૫ | ૧૦ | ૩ | ૧૨ | - | ૩ | - | ૩૬ | ૫૦ |
| ૫. | ટકા | - | ૧૮.૦૦ | ૨.૭૮ | ૩૮.૦૦ | ૧૧.૧૧ | ૨૮.૦૦ | ૧૬.૬૭ | ૧૦.૦૦ | ૨૭.૭૭ | ૬.૦૦ | ૩૩.૩૪ | - | ૮.૩૩ | - | ૪૧.૮૭ | ૫૮.૧૩ |
| | | ૯<br>૧૮.૦૦ | | ૨૦<br>૪૦.૭૮ | | ૧૮<br>૩૯.૧૧ | | ૧૧<br>૨૬.૬૭ | | ૧૩<br>૩૩.૭૭ | | ૧૨<br>૩૩.૩૪ | | ૩<br>૮.૩૩ | | ૮૬<br>૧૦૦.૦૦ | |

અભ્યાસમાં પસંદ કરેલ સ્થળાંતરિતોના બાળકોએ અધવચ્ચે અભ્યાસ છોડી દેવાની વિગત અંગે જોતાં ૮૬ બાળકોએ અભ્યાસ છોડ્યો હોવાનું જણાવ્યું હતું. જેમાં સૌથી વધુ ૫૦ (૫૮.૧૩ ટકા) કન્યાઓએ પ્રાથમિક કક્ષાનું શિક્ષણ મેળવતા અધવચ્ચે અભ્યાસ છોડ્યો હોવાનું જણાયું હતું. જયારે ૩૬ (૪૧.૮૭ ટકા) કુમારોએ પ્રાથમિક કક્ષાનું શિક્ષણ મેળવવાનું અધવચ્ચે છોડયું હોવાનું જણાય છે. સ્થળાંતરિત થયેલ આદિવાસી કુટુંબોના બાળકોમાં અધવચ્ચે અભ્યાસ છોડવાનું પ્રમાણ કુમારો કરતાં કન્યાઓમાં વધુ જોવા મળ્યું છે. આદિવાસી કન્યાઓ માટે એક સમસ્યારૂપ છે.

આદિવાસી સ્થળાંતરિત કુટુંબો તેમની સાથે તેમનાં ભણતા બાળકોને પણ સાથે લઈ જતા હોય છે. આવા સમયે બાળકોનાં શિક્ષણનો પ્રશ્ન થાય છે. બાળકોને ભણવાનાં સમયગાળા દરમ્યાન કેટલા ધોરણ સુધી શિક્ષણ મેળવ્યું છે અને ચાલુ અભ્યાસે અધવચ્ચેથી અભ્યાસ છોડી દીધો છે તે અંગેની માહિતી મેળવવાનો પ્રયત્ન કરતાં અભ્યાસ હેઠળનાં કુટુંબોનાં કુલ ૮૬ બાળકોએ અભ્યાસ છોડી દીધો હોય તેમ જાણવા મળ્યું છે. જેમાં સૌથી વધુ ૨૦ (૪૦.૭૮ ટકા) બાળકોએ ધોરણ-૨ થી અભ્યાસ છોડી દીધો હોય તેમ જણાયું હતું તેમજ ૧૮ (૩૯.૧૧ ટકા) બાળકો ધોરણ-૩થી, ૧૩ (૩૩.૭૭ ટકા) ધોરણ-૫થી, ૧૨ (૩૩.૩૪ ટકા) બાળકોએ ધોરણ-૬થી, ૯ (૧૮.૦૦ ટકા) કન્યાઓએ ધોરણ ૧ થી જ અભ્યાસ છોડી દીધો હતો. ૩ (૮.૩૩ ટકા) કુમારો એ ધોરણ-૭ સુધીનો અભ્યાસ કરી ભણવાનું છોડી દીધું હતું.

આમ કહી શકાય કે સ્થળાંતરિત કટુંબોના બાળકોનું શિક્ષણ પ્રમાણ ઘણું જ ઓછું છે. જેમાં કુમારો કરતાં કન્યાઓનું પ્રમાણ સવિશેષ જોવા મળ્યું છે.

ઉપરોક્ત કોઠામાં દર્શાવ્યા મુજબ અધવચ્ચે અભ્યાસ છોડી દીધેલ બાળકોમાં કુમાર અને કન્યાઓની સંખ્યા જોતાં કુલ ૩૬ (૪૧.૪૭ ટકા) કુમારો પૈકી ૧૨ (૩૩.૩૪ ટકા) કુમારોએ ધોરણ-૬થી, ૧૦(૨૭.૭૭ ટકા) કુમારોએ ધોરણ-૫થી, ૬ (૧૬.૬૭ ટકા) કુમારોએ ધોરણ-૪, ૪ (૧૧.૧૧ ટકા) કુમારોએ ધોરણ-૩થી અભ્યાસ છોડ્યો હતો. જયારે માત્ર ૧ (૨.૭૮ ટકા) કુમારે ધોરણ-૨થી અભ્યાસ છોડ્યો હતો.

કન્યાઓમાં તેનું પ્રમાણ જોઈએ તો કુલ ૫૦ (૫૮.૧૩ ટકા) કન્યાઓ પૈકી સૌથી વધુ ૧૯ (૩૮.૦૦ ટકા) ધોરણ-૨ થી, ૧૪ (૨૮.૦૦ ટકા) ધોરણ-૨થી, ૯ (૧૮.૦૦ ટકા) કન્યાઓએ તો ધોરણ-૧થી, ૫ (૧૦.૦૦ ટકા) કન્યાઓએ ધોરણ-૪થી અભ્યાસ છોડ્યો હતો. જયારે ૩ (૬.૦૦ ટકા) ધોરણ-૫થી ચાલુ અભ્યાસ છોડ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

સરકારશ્રીની શિક્ષણ માટેની વિવિધ યોજનાઓ હોવા છતાં સ્થળાંતરિત આદિવાસી કુટુંબોના બાળકોમાં શિક્ષણ પ્રમાણ ઓછું જોવા મળે છે.

**દીકરીને ભણાવવા માંગો છો ? :**

## કોઠા નં. ૪.૧૭
## તમારી દીકરીને ભણાવવા માંગો છો ?

| ક્રમ | શહેર | ઉત્તર-દાતા | હા | ના | ધોરણ ૧-૪ સુધી | ધો.૭ | ધો-૧૦ | ધો-૧૧ | કોલેજ | કુલ | કારણ | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | લખી વાંચી શકે | હિસાબ કરી શકે | દીકરીની ઈચ્છા છે | પોતાના બાળકને શિક્ષણ આપી શકે | આર્થિક પગભર થાય | કુલ |
| ૧. | અમદાવાદ | ૩૫ | ૨૦ | ૧૫ | ૧૬ | ૪ | - | - | - | ૨૦ | ૧૫ | ૪ | ૧ | - | - | ૨૦ |
| ૨. | વડોદરા | ૩૫ | ૧૫ | ૨૦ | ૧૩ | ૨ | - | - | - | ૧૫ | ૧૪ | ૧ | - | - | - | ૧૫ |
| ૩. | સુરત | ૩૫ | ૬ | ૨૯ | ૬ | - | - | - | - | ૬ | ૬ | - | - | - | - | ૬ |
| ૪. | કુલ | ૧૦૫ | ૪૧ | ૬૪ | ૩૫ | ૬ | - | - | - | ૪૧ | ૩૫ | ૫ | ૧ | - | - | ૪૧ |
| | ટકા | | ૩૯.૦૪ | ૬૦.૯૬ | ૮૫.૩૬ | ૧૪.૬૪ | - | - | - | ૧૦૦ | ૮૫.૩૮ | ૧૨.૧૯ | ૨.૪૩ | - | - | ૧૦૦ |

આદિવાસી મહિલા શિક્ષણ પર થતી સ્થળાંતરની અસર માટેનો જ્યારે અભ્યાસ કરીએ છીએ ત્યારે ખૂબ જ સ્વાભાવિક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે સ્થળાંતરિત મજૂરી કરતા કુટુંબો તેમની દીકરીઓને ભણાવવા ઈચ્છે છે કે કેમ ? તેઓ તેમની દીકરીઓને શિક્ષણ પ્રાપ્ત કરાવવાનું મહત્વ જાણે છે કે કેમ ? અભ્યાસ દરમ્યાન તે અંગે માહિતી મેળવવાનો પ્રયત્ન કરતાં કુલ ૧૦૫ ઉત્તરદાતાઓમાંથી મોટાભાગનાં ૬૪ (૬૦.૦૪ ટકા) દીકરીઓને ભણાવવા માંગતા ન હતાં, જયારે ૪૧ (૩૯.૦૪ ટકા) દીકરીઓને ભણાવવા માંગતા હતાં. તેમાંના ૩૫ (૮૫.૩૬ ટકા) ધોરણ-૧ થી ૪ સુધી ભણાવવાની ઈચ્છા ધરાવતા હતાં. જયારે માત્ર ૬(૧૪.૬૪ ટકા) ધોરણ-૭ સુધી ભણાવવાની ઈચ્છા ધરાવતા જોવા મળ્યા હતા. જેનાં કારણરૂપે જાણવાનો પ્રયત્ન કરતાં સૌથી વધુ ૩૫ (૮૫.૩૮ ટકા) દીકરી માત્ર લખી વાંચી શકે એટલે ઘણું તેમ જણાવતા હતા. ૫ (૧૨.૧૯ ટકા) હિસાબ-કિતાબ કરી શકે અને છેતરાય નહી તે માટે દીકરીને ભણાવવા માંગતા હતા. જયારે માત્ર ૧ (૨.૪૩ ટકા) દીકરીની પોતાની ભણવાની ઈચ્છા હોવાનું જણાવતા હતાં.

આમ કહી શકાય કે સ્થળાંતરિત કુટુંબો તેમનું જીવનધોરણ ચલાવવા પોતાનું વતન છોડી શહેરમાં સ્થળાંતર સ્થળે મજૂરીએ આવવાનું જરૂરી બનતાં તેની અસર તેમની સાથે આવેલ દીકરીઓનાં શિક્ષણ પર પડતી હોવાનું જોઈ શકાય છે.

**કોઠા નં.૪.૧૮**

**દીકરીને નહિ ભણાવવાનાં કારણો**

| ક્રમ | શહેર | દીકરીને ભણાવતા નથી | ગૃહકાર્ય | બાળકોનો ઉછેર | મજૂરી કામમાં મદદ | ભણવામાં રસ નથી | શાળા દૂર હોવાથી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧૫ | ૫ | ૩ | ૨ | ૩ | ૨ | ૧૫ |
| ૨. | વડોદરા | ૨૦ | ૭ | ૪ | ૪ | ૨ | ૩ | ૨૦ |
| ૩. | સુરત | ૨૯ | ૧૦ | ૫ | ૫ | ૪ | ૫ | ૨૯ |
| | કુલ | ૬૪ | ૨૨ | ૧૨ | ૧૧ | ૯ | ૧૦ | ૬૪ |
| | ટકા | | ૩૪.૩૭ | ૧૮.૭૬ | ૧૭.૧૮ | ૧૪.૦૬ | ૧૫.૬૩ | ૧૦૦.૦૦ |

પોતાનાં વતનમાંથી સ્થળાંતરિત થઈને આવેલા કુલ ૧૦૫ કુટુંબો પૈકી ૬૪ કુટુંબો એવા હતાં કે જેઓ પોતાની દીકરીઓને ભણાવતા ન હતાં. જેના કારણરૂપે જોતાં મોટાભાગનાં ૨૨ (૩૪.૩૭ ટકા) દીકરીઓને ઘરકામ માટે રોકતા હતાં. ૧૨ (૧૮.૭૬ ટકા) તેમનાં નાના બાળકોને સાચવવા માટે, ૧૧ (૧૭.૧૮ ટકા) પોતાની સાથે મજૂરીએ લઈ જતાં, ૧૦ (૧૫.૬૩ ટકા) રહેઠાણ સ્થળેથી શાળા દૂર હોવાથી ભણવા જતાં ન હતાં, જયારે ૯ (૧૪.૦૬ ટકા) દીકરીઓને પોતાને જ ભણવામાં રસ નથી. આમ જુદા જુદા કારણોસર સ્થળાંતરિત કુટુંબો પોતાની દીકરીને ભણાવતા ન હતાં. ખાસ કરીને પોતાનું મૂળ વતન છોડીને આવતા કુટુંબોની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી હોવાને કારણે મજૂરી માટે સ્થળાંતર કરે છે અને તેઓની સાથે તેમનાં બાળકો પણ આવતા હોય છે. જેથી આ સમય દરમ્યાન તેમનો અભ્યાસ સ્થગિત થઈ જતો હોય છે અને તેમનો શૈક્ષણિક વિકાસ અટકી જાય છે.

**શિક્ષણ આપવા અંગે કન્યાઓની ઉપેક્ષા :**

આજની પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થાનો પ્રભાવ આદિવાસી લોકોમાં પણ જોવા મળે છે. આદિવાસી લોકો કન્યાઓને વધારે શિક્ષણ આપવામાં રસ દાખવતા નથી. શાળામાં મોકલવામાં પણ આનાકાની કરે છે. પોતાની ગામની શાળામાં જયાં સુધી શિક્ષણ મળે ત્યાં સુધીનું શિક્ષણ અપાવે છે. બીજા ગામની શાળામાં ભણવા મોકલવાની તેમની માનસિક તૈયારી હોતી નથી. પરિણામે આજે આદિવાસી કન્યાઓનું શિક્ષણ ઓછું જોવા મળે છે. આદિવાસી લોકો તેમની કન્યાઓને લગભગ દસ થી બાર વર્ષની ઉંમર થયા પછી પોતાનાં ઘરના કામોમાં રોકે છે. જેમાં ખાસ કરીને તેનાથી નાના બાળકોની દેખભાળ રાખવી, માતા-પિતાની સાથે નાના બાળકોની દેખભાળ રાખવા મોટી દીકરીઓએ જવુ પડે છે. આ ઉપરાંત ઘરે પાણી ભરવા, રસોઈ કરવા વગેરે કામોની સંપૂર્ણ જવાબદારી નાની વયની છોકરીઓ ઉપર લાદવામાં આવે છે. પરિણામે કન્યાઓ વધારે શિક્ષણ લઈ શકતી નથી. કેટલાંક મા-બાપ તો કનયાઓને શાળામાં મોકલતા જ નથી. આ બાબત આપણા અભ્યાસ દ્વારા જોઈ શકાશે. આમ આદિવાસી લોકોમાં જાગૃતિનાં અભાવને કારણે કન્યાઓની શિક્ષણ પ્રાપ્ત કરવા બાબતે ઉપેક્ષા સેવે છે. જેથી કરીને કન્યાઓનો શૈક્ષણિક વિકાસ અટકે છે.

**વતન નજીક આશ્રમશાળા છે કે નહીં તેની જાણકારી :**

**કોઠા નં.૪.૧૯**

**વતન નજીક આશ્રમશાળા છે કે નહી તેની જાણકારી ધરાવો છો.**

| ક્રમ | શહેર | | | | | આશ્રમશાળામાં અભ્યાસ કરે છે. | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | અનુત્તર | કુલ | હા | ના | કુલ |
| ૧. | અમદાવાદ | - | ૩ | ૩૨ | ૩૫ | - | ૩૫ | ૩૫ |
| ૨. | વડોદરા | ૨ | ૨ | ૩૧ | ૩૫ | - | ૩૫ | ૩૫ |
| ૩. | સુરત | ૧ | ૫ | ૨૯ | ૩૫ | - | ૩૫ | ૩૫ |
| ૪. | કુલ | ૩ | ૧૦ | ૯૨ | ૧૦૫ | - | ૧૦૫ | ૧૦૫ |
| | ટકા | ૨.૮૫ | ૯.૫૩ | ૮૭.૬૨ | | | | |

અભ્યાસ હેઠળનાં સ્થળાંતરિત કુટુંબોને તેમનાં વતન નજીક આશ્રમશાળા છે કે કેમ તેની જાણકારી અંગે પૂછતા સૌથી મોટાભાગના ૯૨ (૮૭.૬૨ ટકા) સ્થળાંતરિતો આ બાબતે કાંઈ જણાવતા ન હતાં. ૧૦ (૯.૫૩ ટકા) તેની કાંઈ જાણકારી ન હતી. જયારે માત્ર ૩ (૨.૮૫ ટકા) તેમના વતનમાં આશ્રમશાળા હોવાની જાણકારી હોવાનું જણાવતા હતા.

આમ એકંદરે સ્થળાંતરિતોનું લક્ષ્ય ફક્ત તેમનાં કુટુંબનું ભરણ-પોષણ કરવા માટે શહેરોમાં મજૂરી કયાં મળે છે ? તે હતું. જયારે પોતાના વતનમાં કે વતન નજીક આશ્રમશાળા છે કે કેમ ? તે જાણવાની તેમને કયારેય ઈચ્છા દર્શાવી નહીં હોય તેમ લાગે છે. જેને કારણે તેમનાં બાળકો આશ્રમશાળાનો લાભ લઈ શકતા નહી હોય.

**સ્થળાંતર સ્થળે કામની વિગત:**

**કોઠા નં.૪.૨૦**

**સ્થળાંતર સ્થળે કામની વિગત**

| ક્રમ | શહેર | છૂટકમજૂરી★ | ચણતર મજૂરી | ઈંટો આપવાનું કામ | સ્લેબનું કામ | મેટલ પાથરવા | અન્ય★ | ડામરકામ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૯ | ૨૮ | ૩ | ૨ | ૧ | ૩ | ૧ | ૪૭ |
| ૨. | વડોદરા | ૧૦ | ૩૨ | ૨ | ૩ | ૨ | ૨ | ૧ | ૫૨ |
| ૩. | સુરત | ૭ | ૨૦ | ૨ | ૧ | ૨ | ૪ | ૨ | ૩૮ |
| ૪. | કુલ | ૨૬ | ૮૦ | ૭ | ૬ | ૫ | ૯ | ૪ | ૧૩૭ |
| | ટકા | ૧૮.૯૮ | ૫૮.૩૯ | ૫.૧૧ | ૪.૩૮ | ૩.૬૫ | ૬.૫૭ | ૨.૯૨ | ૧૦૦ |

★ માટીકામ/ ખોદકામ ★ (૧) સળીયા છોડવાનું (૨) પ્લમ્બરને મદદ કરવાનું (૩) ઘરકામ

**નોંધ :** એક કરતાં વધુ જવાબો જોવા મળે છે.

સ્થળાંતરિત મજૂરો રોજી-રોટી અર્થે પોતાનું વતન છોડી શહેરમાં આવ્યા બાદ કામની શોધમાં જ હોય છે અને જે કામ મળે તે કરવાનાં પ્રયત્નમાં હોય છે. અભ્યાસ ક્ષેત્રના શહેરી વિસ્તારોમાં બાંધકામ પ્રવૃત્તિઓ જેવી કે મકાન બાંધકામ,સરકારી કચેરીઓ,કમ્પાઉન્ડવોલ (મોટા ગ્રાઉન્ડમાં) કમ્પાઉન્ડવોલ, રોડકામ, (શહેરનાં અમુક વિસ્તારોને આવરી લઈને પીવાનું પાણી પૂરું પાડી શકાય તેવી) મોટી પાણીની ટાંકીનું બાંધકામ, જાહેર રસ્તાઓની બાજુમાં ટેલીફોન તથા ઈન્ટરનેટ કેબલ નાખવાનાં કામો તેમજ અન્ય કેટલાક કન્સ્ટ્રકશન કામોની પ્રવૃત્તિઓ એટલી બધી વધી ગઈ છે કે આવા સખત કામોમાં મજૂરોની સંખ્યા પણ વિશાળ જોઈએ. શહેરોમાં કામ માટેનાં ઠેર ઠેર ચોક્કસ નાકા ભરાય છે. મોટેભાગે દરેક પ્રકારનાં કારીગર વર્ગ, મજૂરી વર્ગ, કામ કરાવનારા દલાલો, બાંધકામ વ્યવસાયનાં કોન્ટ્રાકટરનાં માણસો વગેરે નાકાઓ પર દરરોજ સવારે લગભગ આઠ વાગ્યાથી દશ વાગ્યા સુધી ભેગા થાય છે. ત્યાંથી જે તે વ્યક્તિઓને લઈ પોતાના કામ પર દરેક વ્યક્તિ જાય છે. જેઓને કામ ન મળે તેઓ પોતપોતાની રીતે આરામ કરે છે. પરંતુ તે આરામ પોતાની રોજીરોટીના ભોગે આર્થિક નુકશાન વેઠીને કરે છે. મોટે ભાગે તો કામનાં આયોજન પ્રમાણે દરેક પોતપોતાનાં જયાં કામ ચાલતા હોય ત્યાં કામ ગોઠવી લેતા હોય છે. તેઓનું મુખ્ય ધ્યેય વધારે દિવસો અને વધુ રોજ મળે તેવા પ્રકારનાં કામો તરફ તેમનું લક્ષ્ય હોય છે.

અભ્યાસમાં પસંદ કરેલ સ્થળાંતરિતો બાંધકામ ક્ષેત્રે અનેક પ્રકારનાં કામો કરતા હોઈ,એક કરતાં વધુ જવાબો આપ્યા છે.

અભ્યાસ હેઠળનાં કુલ ૧૦૫ સ્થળાંતરિતોનાં કામની વિગત અંગે કુલ ૧૩૭ જવાબો જોવા મળ્યા હતા. કે તેઓ સ્થળાંતર સ્થળે કેવા પ્રકારના કામો કરે છે. આમાં કેટલાંક ઉત્તરદાતાઓ એક કરતાં વધારે કામ કરતાં



ધાબુ ભરતાં આદિવાસી મજૂરો

હોઈ તેઓએ વધારે જવાબો પણ આપ્યા છે. કુલ જવાબનાં ૫૮.૩૯ ટકા જવાબ એવા છે કે તેઓ બાંધકામ ક્ષેત્રે ચણતર મજૂરી કરે છે, ૧૮.૯૮ ટકા જવાબમાં માટીકામ તથા ખોદકામ જેવી છૂટક મજૂરી કરે છે. ૬.૫૭ ટકા સળીયા છોડવાનું કામ, પ્લમ્બરને મદદ કરવાનું કામ તેમજ ઘરકામ કરે છે. ૫.૧૧ ટકા ઈંટો આપવાનું કામ, ૪.૩૮ ટકા સ્લેબ ભરવાનું કામ તેમજ ૨.૯૨ ટકા રોડ પર ડામર કામ કરે છે.

આમ ઉપરોક્ત કોઠા પરથી સ્પષ્ટ થાય છે કે સ્થળાંતરિતો વતન છોડી શહેર તરફ કમાણી અર્થે બાંધકામક્ષેત્રે જે મજૂરી મળે તે કામ કરતાં હોય છે.

**કામના સ્થળે થતી હેરાનગતી :**

**કોઠા નં.૪.૨૧**

**સ્થળાંતર સ્થળે તેમજ કામના સ્થળે થતી હેરાનગતી**

| ક્રમ | શહેર | હેરાનગતી થાય છે | | કોના દ્વારા | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | હા | ના | સ્થાનિક લોકો | પોલીસ દ્વારા | અસામાજિક તત્વો | કારીગર દ્વારા | કોન્ટ્રાકટર દ્વારા | કુલ |
| ૧. | અમદાવાદ ૩૫ | ૩૩ | ૨ | ૧૨ | ૩ | ૩ | ૫ | ૧૦ | ૩૩ |
| ૨. | વડોદરા ૩૫ | ૩૨ | ૩ | ૧૫ | ૨ | ૩ | ૭ | ૫ | ૩૨ |
| ૩. | સુરત ૩૫ | ૩૨ | ૩ | ૧૦ | ૫ | ૩ | ૮ | ૬ | |
| ૪. | કુલ ૧૦૫ | ૯૭ | ૮ | ૩૭ | ૧૦ | ૯ | ૨૦ | ૨૧ | ૯૭ |
| | ટકા | ૯૨.૩૮ | ૭.૬૨ | ૩૮.૧૪ | ૧૦.૩૦ | ૯.૨૭ | ૨૦.૬૩ | ૨૧.૬૩ | ૧૦૦ |

શહેરમાં મજૂરીએ આવનારા શ્રમિકો માટે અજાણ્યા શહેરમાં આવીને કયાં રહેવું તે એક વિકટ સમસ્યા છે. અભ્યાસમાં પસંદ કરેલ સ્થળાંતરિતોને સ્થળાંતર સ્થળે તેમજ કામના સ્થળે થતી હેરાનગતિ અંગે વિગતે જોતાં કુલ ૧૦૫ ઉત્તરદાતાઓ પૈકી ૯૭ (૯૨.૩૮ ટકા) હેરાનગતિનો ભોગ બન્યા હોવાનું જાણવા મળ્યું છે. જયારે માત્ર ૮ (૭.૬૨ ટકા) ઉત્તરદાતાઓને ખાસ કોઈ હેરાનગતિ થતી ન હતી.

જેઓ સ્થળાંતરિત તેમજ કામના સ્થળે હેરાનગતિનો ભોગ બન્યા હોય તેવા ૩૭ (૩૮.૧૪ ટકા) સ્થળાંતરિતોને સ્થાનિક લોકો (આજુબાજુનાં સોસાયટી - બંગલાનાં રહેવાસીઓ) હેરાન કરતાં હતાં. ૨૧ (૨૧.૬૬ ટકા) કોન્ટ્રાકટર દ્વારા, ૨૦ (૨૦.૬૩ ટકા) કારીગર દ્વારા, ૧૦ (૧૦.૩૦ ટકા) પોલીસ દ્વારા તેમજ ૯ (૯.૨૭ ટકા) અસામાજિક તત્વો કે જેઓ બળજબરીપૂર્વક રહેવા માટેના હપ્તાઓ ઉઘરાવી જતા હોવાનું જાણવા મળ્યું હતું.

આમ સ્થળાંતરિત મજૂરો શહેરમાં આવી રહેઠાણ તેમજ કામના સ્થળે થતી હેરાનગતિ મજબૂરીથી (પોતાની રોજીરોટી કમાવવા અર્થે) સહન કરે છે.



માટી ખોદકામ કરતી આદિવાસી મહિલાઓ

**કામના સ્થળે કેવીરીતે હેરાન થાય છે ? :**

**કોઠા નં.૪.૨૨**

**કામના સ્થળે કેવી રીતે હેરાન કરે છે.**

| ક્રમ | શહેર | ઓછુ વેતન | માનસિક ત્રાસ આપવો | વધુકામ કરાવવું | બહેનોને છેડછાડ/ જાતિય શોષણ | કામના વધુ કલાકો અન્ય રીતે | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ ૩૫ | ૩ | ૧૨ | ૫ | ૨ | ૧૧ | ૩૩ |
| ૨. | વડોદરા ૩૫ | ૧૧ | ૧૫ | ૨ | ૨ | ૨ | ૩૨ |
| ૩. | સુરત ૩૫ | ૨ | ૧૦ | ૩ | ૧૧ | ૬ | ૩૨ |
| ૪. | **કુલ ૧૦૫** | **૧૬** | **૩૭** | **૧૦** | **૧૫** | **૧૯** | **૯૭** |
| | **ટકા** | **૧૬.૫૦** | **૩૮.૧૪** | **૧૦.૩૦** | **૧૫.૪૬** | **૧૯.૬૦** | **૧૦૦** |

★ કામના દિવસે ઓછા ભરે, જોખમી કામ કરાવે, હિસાબમાં ગોટાળા કરે.

અભ્યાસમાં પસંદ કરેલ સ્થળાંતરિતો જે સ્થળે કામ કરે છે તે સ્થળે કેવી હેરાનગતિ થાય છે તે અંગે જાણવા પ્રયત્ન કરતાં કુલ ૯૭ પૈકી ૩૭ (૩૮.૧૪ ટકા) કામ કરતી વખતે માનસિક ત્રાસ આપે છે. ૧૯ (૧૯.૬૦ ટકા) નિશ્ચિત સમય કરતાં વધુ સમય કામ કરાવે, તેમજ અન્ય હેરાનગતિમાં કામના દિવસો ઓછા ભર, જોખમી કામ કરાવે, હિસાબમાં ગોટાળા કરે, ૧૬ (૧૬.૫૦ ટકા) ને ઓછું વેતન મળે છે, ૧૫ (૧૫.૪૬ ટકા) બહેનોને છેડછાડ તેમજ જાતીય શોષણની હેરાનગતિ તેમજ ૧૦ (૧૦.૩૦ ટકા) વધુ કામ કરાવી હેરાન કરતા હોવાનું જણાવતા હતાં.

આમ સ્થળાંતરિતોને જીવન જીવવા માટે અત્યંત પ્રતિકુળ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. કામ પરથી પરત થતાં કયારેક કોઈપણ પ્રકારની આગોતરી જાણ કે મૌખિક કે લેખિત નોટીસ આપ્યા વીના વૈકલ્પિક રહેઠાણની વ્યવસ્થા પૂરી પાડ્યા વગર બળજબરીપૂર્વક ખસેડવાનો ભોગ તેઓને વારંવાર બને છે. આ રીતે તેઓ સતત ઉચાટ અને ભયનાં ઓથાર નીચે જીવે છે.

**રોજગારીનાં દિવસો :**

**કોઠા નં.૪.૨૩**

**રોજગારીનાં દિવસો**

| ક્રમ | શહેર | ૧૦ દિવસ કે તેથી ઓછા દિવસ | ૧૧ થી ૧૫ દિવસ | ૧૬ થી ૨૦ દિવસ | ૨૧ થી ૨૫ દિવસ | ૨૬ થી ૩૦ દિવસ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | - | ૩ | ૨૯ | ૩ | - | ૩૫ |
| ૨. | વડોદરા | - | ૨ | ૩૧ | ૨ | - | ૩૫ |
| ૩. | સુરત | ૩ | ૩ | ૨૫ | ૪ | - | ૩૫ |
| ૪. | કુલ | ૩ | ૮ | ૮૫ | ૯ | - | ૧૦૫ |
| | ટકા | ૨.૮૫ | ૭.૬૨ | ૮૦.૯૫ | ૮.૫૮ | | ૧૦૦.૦૦ |

અગાઉ દર્શાવ્યા મુજબ તેઓ જે કામ કરે છે તે કામ દરરોજ અથવા નિયમિત મળવું મુશ્કેલ છે. તેઓને માસમાં કેટલા દિવસ કામ મળે છે તે જોવું જરૂરી છે. અભ્યાસમાં નમૂનાનાં કુલ ૧૦૫ સ્થળાંતરિતોમાંથી મોટાભાગે ૮૫ (૮૦.૯૫ ટકા) ને ૧૬ થી ૨૦ દિવસ કામ મળે છે. ૯ (૮.૫૮ ટકા) મજૂરોને માસમાં ૨૧ થી ૨૫ દિવસ કામ મળે છે. ૮ (૭.૬૨ ટકા) મજૂરોને માસમાં ૧૧ થી ૧૫ દિવસ કામ મળે છે. જ્યારે માત્ર ૩ (૨.૮૫ ટકા) મજૂરોને માસમાં ૧૦ દિવસ કે તેથી ઓછા દિવસ કામ મળે છે. ટૂંકમાં આખો માસ બધા જ દિવસ કામ મળવું શક્ય નથી. જેને કારણે જેટલા દિવસ કામ મળે છે તેટલા દિવસ કામ કરી પોતાની રોજી-રોટી મેળવે છે.

**સ્થળાંતરિત આદિવાસીશ્રમિકોનો દૈનિક રોજ :**

**કોઠા નં.૪.૨૪**

**દૈનિક રોજની વિગત**

| ક્રમ | શહેર | રૂા.૧૦૦ ઓછી | રૂા.૧૦૦થી રૂા.૧૫૦ | રૂા.૧૫૦થી રૂા.૨૦૦ | રૂા.૨૦૦થી વધુ | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૧૨ | ૪ | ૧૫ | ૪ | ૩૫ |
| ૨. | વડોદરા | ૬ | ૧૮ | ૩ | ૮ | ૩૫ |
| ૩. | સુરત | - | ૧૦ | ૧૦ | ૧૫ | ૩૫ |
| ૪. | કુલ | ૧૮ | ૩૨ | ૨૮ | ૨૭ | ૧૦૫ |
| | ટકા | ૧૭.૧૪ | ૩૦.૪૭ | ૨૬.૬૭ | ૨૫.૭૨ | ૧૦૦.૦૦ |

સ્થળાંતરિત શ્રમિક કુટુંબોની આવક ઘણી ઓછી જોવા મળે છે. જેનું કારણ એ છે કે તેઓને ઉપરોક્ત

દર્શાવ્યા મુજબ આખો માસ બધા જ દિવસો કામ મળવું અશક્ય હોય છે. તેઓની દૈનિક આવકને જાણવાનો પ્રયત્ન કરતાં સૌથી વધુ ૩૨ (૩૦.૪૭ ટકા) શ્રમિકોને રૂા.૧૦૦ થી રૂા.૧૫૦ સુધીની આવક જોવા મળી હતી. ૨૮ (૨૬.૬૭ ટકા) શ્રમિકો રૂા.૧૫૦થી રૂા.૨૦૦ સુધીની આવક મળતી હોવાનું જણાવતાં હતાં. ૨૭ (૨૫.૭૨ ટકા) રૂા.૨૦૦ કે તેથી વધુ આવક મેળવતા હતા. જયારે ૧૮ (૧૭.૧૪ ટકા)ને રૂા.૧૦૦થી ઓછી આવક મળતી હોવાનું જણાય છે.

જાહેરક્ષેત્રમાં કામ કરતાં, સાઈટ ઉપર રહેતા કામદારોને રૂા.૫૦ થી ૮૦ સુધીનું વેતન ચૂકવાય છે. જયારે ખાનગી ક્ષેત્રમાં મકાનો, ફલેટોનાં બાંધકામ સાઈટ ઉપર રહીને કામ કરનારને રૂા.૭૦ થી ૮૦ સુધી ચૂકવાય છે. કડીયાનાકા દ્વારા કામ મેળવતા આદિવાસી શ્રમજીવીઓ રૂા.૯૦ થી ૧૦૦ સુધીનું વેતન મેળવે છે.

મકાન અને અન્ય બાંધકામ ઉદ્યોગોમાં કામ કરતાં શ્રમજીવીઓને લઘુત્તમ વેતન ધારો-૧૯૪૮ અન્વયે ગુજરાત સરકારે ૧-૪-૦૫ થી ૩૦સપ્ટેમ્બરસમય ગાળા માટે બાંધકામ ક્ષેત્રમાં રૂા.૯૧.૨૦ પૈસા લઘુત્તમ વેતન જાહેર કરાયું છે. પરંતુ તેનો અમલ થતો નથી. (બાંધકામ મજૂર સંગઠન)

સ્થળાંતરિત આદિવાસીઓની દૈનિક આવક જોતાં અમદાવાદમાં રૂા.૭૦-૦૦ થી રૂા.૯૦-૦૦ વડોદરામાં રૂા.૬૦-૦૦ થી ૮૦-૦૦ અને સુરત શહેરમાં રૂા.૮૦-૦૦ થી રૂા.૧૦૦-૦૦ સુધીની દૈનિક રોજ જોવા મળે છે. ટૂંકમાં મજૂરીની આ બધી આવકનો આધાર તેમનાં કામનાં પ્રકાર પર અને કામ મળવાનાં દિવસની સંખ્યા પર હોય છે. તેમાં ઋતુ-સમય, વાર-તહેવાર વગેરેનો સમાવેશ થતો હોય છે.

મજૂરીની રકમ સામાન્ય રીતે રોજરોજ સાંજે મળી જતી હોય છે. પરંતુ ઘણી વખત, ઘણી જગ્યાએ સતત કામ ચાલુ જ હોય ત્યારે અઠવાડીએ કે કામ પૂરુ થાય ત્યારે પૂરો હિસાબ મળતો હોય છે. વચ્ચે વચ્ચે ઘરખર્ચ પૂરતો ઉચ્ચક ઉપાડ તરીકે થોડી થોડી રકમ લઈને મજૂરી કરવાનું ચાલુ રાખે છે. જેને કારણે કેટલીકવાર આખરી હિસાબના પૈસામાં ગેરરીતી થવાની સંભાવના રહેતી હોવાનું અમુક કિસ્સાઓમાં જોવા મળ્યું હતું. કેટલાક કિસ્સાઓમાં કોન્ટ્રાકટર અથવા તો તેના વચેટીયાઓ પૈસા માટે ધક્કા ખવડાવે છે. મોટેભાગે તો જયારે તેઓ વતનમાં પૈસા મોકલવાના હોય ત્યારે આવું કરતા હોય છે.

શરૂઆતમાં જોયું તેમ શ્રમિકને પોતાનાં મૂળવતનમાં પોતાનું ઘર હોય છે અને પોતે ઘરનાં મજૂરી કરી શકે તેવા સભ્યો સાથે સ્થળાંતર થઈને શહેરમાં મજૂરી કરવા આવ્યા હોય છે. શહેરમાં મજૂરી કરીને ઘરખર્ચ કાઢીને સમયાંતરે બચાવેલી મજૂરીની રકમ પોતાના વતનમાં રહેતા કુટુંબનાં નિર્વાહ માટે મોકલવામાં આવે છે. આ નાણા પોતે જાતે અથવા સગાંસંબંધી દ્વારા કે ગામની કોઈ પણ જવાબદાર વ્યક્તિ જતી હોય તો તેના દ્વારા પહોંચતા કરવામાં આવે છે.



અઠવાડીક મળતા વેતનનો હિસાબ કરતા આદિવાસી યુવકો

**આવકનો ઉપયોગ :**

**કોઠા નં.૪.૨૫**

**તમારી આવકનો ઉપયોગ**

| ક્રમ | શહેર | ખર્ચ અને સામાજિક ખર્ચ | સમયાંતરે પૈસા ઘેર મોકલવા | બચત ખાતે | દેવુ ભરપાઈ કરવા | લાંબી માંદગી | મુસાફરી અને વ્યસન | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૨૫ | ૫ | - | ૪ | - | ૧ | ૩૫ |
| ૨. | વડોદરા | ૨૦ | ૮ | - | ૩ | ૨ | ૨ | ૩૫ |
| ૩. | સુરત | ૫ | ૧૦ | - | ૩ | ૩ | ૪ | ૩૫ |
| ૪. | કુલ | ૬૦ | ૨૩ | - | ૧૦ | ૫ | ૭ | ૧૦૫ |
| | ટકા | ૫૭.૧૪ | ૨૧.૯૦ | - | ૯.૫૩ | ૪.૭૬ | ૬.૬૭ | ૧૦૦ |

સ્થળાંતરિત શ્રમિકોને મળતીઆવકનાં ઉપયોગ અંગે જાણવાનો પ્રયત્ન કરતાં કુલ ૧૦૫ ઉત્તરદાતામાંથી મોટાભાગનાં ૬૦ (૫૭.૧૪ ટકા) ઘરખર્ચ તેમજ સામાજિક પ્રસંગમાં વાપરે છે. જયારે ૨૩ (૨૧.૯૦ ટકા) સમયાંતરે પોતાના વતનમાં રહેતા વૃધ્ધ મા-બાપને મોકલાવે છે, ૧૦ (૯.૫૩ ટકા) દેવુ કર્યુ હોય તે ભરપાઈ કરવામાં, ૭ (૬.૬૭ ટકા) મુસાફરી ખર્ચ અને વ્યસન માટે ખર્ચે છે, જયારે ૫ (૪.૭૬ ટકા) લાંબી બિમારી વખતે સારવાર કરવા માટે આવકનો ઉપયોગ કરે છે.

**બાળકોને સાથે લાવતા કુટુંબો :**

**કોઠા નં.૪.૨૬**

**બાળકોને સાથે લાવતા કુટુંબો**

| ક્રમ | શહેર | સાથે એકપણ બાળક નથી લાવ્યા | એક | બે | ત્રણ | ચાર | પાંચ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૩ | ૭ | ૧૪ | ૫ | ૪ | ૨ | ૩૫ |
| ૨. | વડોદરા | ૧ | ૬ | ૧૦ | ૯ | ૫ | ૪ | ૩૫ |
| ૩. | સુરત | ૧ | ૪ | ૮ | ૧૦ | ૭ | ૫ | ૩૫ |
| ૪. | કુલ | ૫ | ૧૭ | ૩૨ | ૨૪ | ૧૬ | ૧૧ | ૧૦૫ |
| | ટકા | ૪.૭૫ | ૧૬.૧૯ | ૩૦.૪૮ | ૨૨.૮૬ | ૧૫.૨૪ | ૧૦.૪૮ | ૧૦૦ |

અભ્યાસમાં આવરેલ શહેરમાં મજૂરીએ આવનારા સ્થળાંતરિતો તેમનાં બાળકોને સાથે લાવે છે. તે અંગે વિગતે જોતાં કુલ ૧૦૫ સ્થળાંતરિતોમાંથી માત્ર ૫(૪.૭૫ ટકા) શ્રમિકો તેમની સાથે બાળકોને લાવ્યા નથી. બાકીનાં મહદ્અંશે ૯૫.૨૫ ટકા સ્થળાંતરિતો તેમનાં બાળકો સાથે લાવ્યા છે. તેમની સાથે બે બાળકો



બાળકો સાથે સ્થળાંતરિત કુટુંબ

લાવનાર ૩૨ (૩૦.૪૮ ટકા) જોવા મળ્યા છે, ત્રણ બાળકો લાવનાર ૨૪ (૨૨.૦૬ ટકા), એક બાળક લાવનાર ૧૭ (૧૬.૧૯ ટકા), ચાર બાળકોને લાવનાર ૧૬ (૧૫.૨૪ ટકા) તેમજ પાંચ બાળકોને લાવનાર ૧૧ (૧૦.૪૮ ટકા) જોવા મળે છે.

શ્રમિકો પોતાની સાથે લાવનાર બાળકોમાં ૭ થી ૮ વર્ષનાં બાળકોને તેમનાં નાના ભાઈ-બહેનોની સંભાળ લેવા, ઘર સાચવવા તેમજ મજૂરીએ મદદ માટે લાવતા હોવાનું જણાયું હતું. આ બાળકો શિક્ષણથી જ વંચિત રહી જવા ઉપરાંત સાથે સાથે નાની વયથી જ મજૂરી કરવાને કારણે સ્વાસ્થ્યને હાનિકારક એવા પર્યાવરણનો ભોગ પણ બને છે.

કેટલાંક સ્થળાંતરિતો તેમની સાથે તેમની નહિવત સંખ્યામાં ભણતી દીકરીઓને સાથે લઈને આવ્યા હતાં. તેમનાં અભ્યાસ માટેની વ્યવસ્થા તેઓ જયાં મજૂરી કરે છે, તે સ્થળે નજીકની શાળામાં (અભ્યાસ કરવા) મોકલતા હતાં. જયારે કેટલાકે ઘરકામનાં ભારણને લીધે ભણવાનું છોડાવી દીધુ હતું.

અભ્યાસ હેઠળનાં કેટલાંક સ્થળાંતરિતો શહેરમાં મજૂરી માટે આવ્યા ત્યારે વતનમાં તેમનાં અભ્યાસ કરતાં બાળકોને તેમજ ભાઈ-બહેનોને મૂકીને પણ આવવું પડતું હોય છે. કે જેઓ તેમનાં વયોવૃધ્ધ માતા-પિતાની દેખરેખ, પશુપાલન, ઘરકામ તેમજ મજૂરી અર્થે વતનમાં રાખતા હોવાનું જણાવતા હતાં.

આમ નિર્દેશ થઈ શકે કે પોતાનાં મૂળવતનમાં આર્થિક પરિસ્થિતિ એટલી બધી ખરાબ છે કે ઘરખર્ચ કે અન્ય સામાજિક ખર્ચ કરવા માટે આવકનું કોઈ સાધન નહીં હોવાને કારણે તેઓ કુટુંબનાં સભ્યો તેમજ ભણતા દીકરા-દીકરીઓને પણ સ્થળાંતર કરી મજૂરી કરવા જવું પડે છે.

**સ્થળાંતર સમય દરમ્યાન બાળકોનાં શિક્ષણ માટે શું વ્યવસ્થા કરવામાં આવે છે ? :**

**કોઠા નં.૪.૨૭**

**સ્થળાંતર વખતે બાળકોનાં શિક્ષણની શું વ્યવસ્થા કરો છો ?**

| ક્રમ | શહેર | આશ્રમશાળામાં મૂકીને જવુ | પોતાની પાસે રાખે | ગામની પ્રા. શાળામાં ઘેર રહેનાર પાસે મૂકીને | તેટલો સમય શાળાએ જતા નથી | અસ્પષ્ટ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | - | ૭ | ૫ | ૮ | ૪ | ૨૪ |
| ૨. | વડોદરા | - | ૨ | ૩ | ૨ | ૧ | ૮ |
| ૩. | સુરત | - | ૧૧ | ૩ | ૨ | ૧ | ૧૭ |
| ૪. | કુલ | - | ૨૦ | ૧૧ | ૧૨ | ૬ | ૪૯ |
| | ટકા | - | ૪૦.૮૨ | ૨૨.૪૫ | ૨૪.૪૯ | ૧૨.૨૪ | ૧૦૦ |

સ્થળાંતરિતો વતનમાં તેમનાં ઘરથી શાળા દૂર હોવાના કારણે બાળકોને નિશાળે નિયમિત મોકલતા નથી. અથવા બાળકો જતાં નથી અને જયારે સ્થળાંતર થઈને શહેરમાં આવે છે ત્યારે બાળકોનાં શિક્ષણ માટેની

વ્યવસ્થાને જાણવાનો પ્રયત્ન કરતાં કુલ ૪૯ ઉત્તરદાતાઓનાં બાળકો શિક્ષણ પ્રાપ્ત કરતાં હતાં. જેમાંથી મોટાભાગનાં ૨૦ (૪૦.૮૨ ટકા) પોતાની પાસે રાખે છે. ૧૨ (૨૪.૪૯ ટકા) સ્થળાંતરિત સમય દરમ્યાન એટલે કે તેટલો સમય શાળાએ મોકલતા નથી. ૧૧ (૨૨.૪૫ ટકા) ગામમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં હોઈ વતનમાં રહેનાર કુટુંબના સભ્યો પાસે મૂકીને આવતા હોવાનું જણાવે છે. જયારે માત્ર ૬ (૧૨.૨૪ ટકા) બાળકોનાં શિક્ષણની વ્યવસ્થા માટે અસ્પષ્ટ હોવાનું જોવા મળ્યું હતું.

સરકારશ્રી દ્વારા શિક્ષણમાં પ્રચાર અને પ્રસાર થવાને કારણે સ્ત્રીઓ શિક્ષણાભિમુખ બની છે. પરંતુ સ્થળાંતરિત આદિવાસી સ્ત્રીઓ શરૂઆતથી જ શ્રમની અનેક પ્રવૃત્તિઓમાં રોકાયેલી હોઈ, તેમજ અન્ય કેટલાક કારણોસર આજે પણ પૂરતું શિક્ષણ મેળવી શકી નથી. જેના માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ સામાજિક કાર્યકરો તેમની વાસ્તવિક પરિસ્થિતિને સમજીને તેમનાં શૈક્ષણિક વિકાસ માટે શું કરી શકાય તે માટે પ્રયત્નશીલ રહેશે.

## પ્રકરણ-૫

# સ્થળાંતરિત આદિવાસી મહિલાઓ : શિક્ષણનાં પ્રશ્નો, નિષ્કર્ષ અને સૂઝાવો

ગુજરાતનાં આદિવાસીઓની અર્થવ્યવસ્થા અગાઉ જણાવ્યા મુજબ ખેતી આધારિત છે. પરંતુ કેટલાંક વિસ્તારમાં  ખેતી બિન-ઉપજાઉ છે. આ માટે અનેક કારણો જવાબદાર છે. માત્ર ખેતી ઉપર નભવું મુશ્કેલ હોવાથી તેમને અન્ય ગૌણ વ્યવસાયો અપનાવવાની ફરજ પડે છે. તેઓ ગૌણવ્યવસાયોમાં જંગલ અને ખેતમજૂરી ઉપરાંત અનેક પ્રવૃત્તિઓ કરે છે. ગૌણવ્યવસાય કરવા છતાં તેમનાં કુટુંબનું ભરણ-પોષણ થઈ શકતુ નથી. આથી તેઓ તેમનાં વિસ્તારમાંથી સ્થળાંતર કરી સારી આવક મેળવી શકાય તેવા વ્યવસાયોમાં જોડાય છે.

કેટલાંક વિસ્તારોનાં આદિવાસી કુટુંબો પોતાની ખેતીનું કામ પતાવી પોતાનું વતન છોડી બહારનાં શહેરોમાં કે જયાં બાંધકામોની પ્રવૃત્તિ ચાલતી હોય ત્યાં, બાંધકામ મજૂરી કરવા ચાલ્યા જાય છે. ઘરની નબળી આર્થિક પરિસ્થિતિને કારણે તેમની સાથે તેમનાં બાળકોને લઈ જાય છે. આ બાળકો પોતાનો અભ્યાસ છોડી મજૂરીનાં કામમાં જોડાય છે. પરંપરાગત છોકરા-છોકરી વચ્ચેનાં ભેદભાવને કારણે અને ખોટા ખ્યાલોથી દોરવાઈ જઈ છોકરીઓને ભણાવતા નથી. છોકરીઓની પાછળ શિક્ષણ ખર્ચ ઓછું કરે છે. જેથી સ્ત્રી શિક્ષણની પ્રગતિ અવરોધાય છે.

મોટાભાગનાં આદિવાસી રોજીરોટી અર્થે પરિવાર સહિત સ્થળાંતર કરતાં હોઈ, છોકીરીઓને ભાગે ઘર અને નાના બાળકોને સાચવવાનું આવતું હોઈ તેનો અભ્યાસ પૂરો કરી શકતી નથી. અભ્યાસ કરવા માટે આદિવાસી સ્ત્રીઓને ઘરમાંથી પૂરતી સવલત મળતી નથી. પરિણામે શિક્ષણ મેળવવા માટે તેમને રૂચિ  (ઈચ્છા) થતી નથી. બીજા અનય કારણોમાં સમાજની રૂઢિચુસ્તતા, પરંપરા અને સંકુચિત માનસ વગેરે બાબતોથી શિક્ષણ તરફ ઉદાસીનતા સેવે છે.

સ્થળાંતરિત મહિલાઓએ અનેક કારણોસર અભ્યાસ અધવચ્ચેથી છોડી દેવો પડે છે. તેઓ તેમની સાથે તેમની ભણતી દીકરીઓને સાથે લઈ જતા હોઈ, શાળાનાં રજીસ્ટરમાં તેમનાં નામ હોવા છતાં વતન છોડવાને કારણે તેમનામાં અધવચ્ચે શિક્ષણ છોડી દેવાનું પ્રમાણ જોવા મળે છે. આ ઉપરાંત શૈક્ષણિક સુવિધાઓનાં અભાવને કારણે પણ શિક્ષણથી વંચિત રહેવા પામે છે. મહિલાઓમાં શિક્ષણ ઓછુ હોવાનાં અન્ય કેટલાંક કારણો નીચે મુજબ છે.

**સ્થળાંતરિત મહિલાઓની બેવડી ભૂમિકા :**

આદિવાસી મહિલાઓને બાળઉછેરથી માંડીને ઘરના તમામ પ્રકારનાં કામ કરવા પડતાં હોય છે. તેની સાથે સાથે મજૂરી અને ખેતીનું કામ પણ કરવું પડતું હોય છે. દુર્ગમ અને ઉંડાણનાં વિસ્તારમાં બહેનોને બળતણ અને પાણી ભરવા ૪ થી ૫ કિ.મી. દૂર જવું પડે છે. તેથી દિવસનો મોટાભાગનો સમય આવા કામમાં જતો હોય છે. તેને પરિણામે ઉપાર્જનની પ્રવૃત્તિઓ કરી શકતા નથી. ક્યારેક તો રોજગારથી પણ વંચિત રહેવું પડે છે તેમનો શારિરીક વિકાસ પણ રુંધાઈ જાય છે. તેમનામાં લોહતત્વની ઉણપ જોવા મળે છે.

આદિવાસી મહિલાઓને તનતોડ મહેનત કરીને પણ ભરપેટ ખાવાનું મળતુ નથી. સગર્ભાવસ્થા

દરમ્યાન પણ છેલ્લા દિવસો સુધી શારીરિક શ્રમ કરતી હોય છે. શ્રમનાં પ્રમાણમાં પૂરતો ખોરાક ન મળવાને લીધે તેમનાં બાળકો નબળી કક્ષાનાં શારીરિક અને માનસિક ઉણપવાળા જોવા મળતા હોય છે. કેટલીક મહિલાઓ નાની વયે લગ્ન કરીને જલ્દી માતા બની જાય છે. પરિણામે કુટુંબની અને બાળકોની જવાબદારીનો ભાર ઉપાડી શકતી નથી. આમ કુપોષણને કારણે બાળકો અને સ્ત્રીઓ અનેક રોગનો ભોગ બનતી હોય છે.

**બાળકોનું ભાવિ :**

મોટેભાગે આદિવાસીઓનું જીવન નિમ્ન કક્ષાનું અને તનાવભર્યુ હોય છે. આદિવાસી મહિલાઓ કામમાં વ્યસ્ત હોવાને કારણે બાળકોની સંભાળ બરાબર રાખી શકતી નથી. નાના બાળકોને મોટા બાળકો સંભાળે છે અને પોતે મજૂરી અર્થે જાય છે. મોટા બાળકો નાના બાળકોને સમયસર ખોરાક આપીશકતા નથી. બાળક જયારે ૮-૧૦ વર્ષનું થાય એટલે તેને મા-બાપ પોતાની સાથે કામમાં મદદ માટે સાથે લઈ જાય છે. અને તેની કમાણીનો ઉપયોગ ઘરમાં કરે છે. નબળી આર્થિક સ્થિતિને કારણે હજારો બાળકો નિશાળનાં પગથીયા ચઢતા નથી. અભ્યાસ કરવાનાં દિવસોમાં બાળકો ભણવાનું એક બાજુએ રાખી મજુરીનાં કામે લાગી જાય છે.

બાળમજૂરો રાખવા પર પ્રતિબંધ હોવા છતાં હજારો આદિવાસી બાળકોને મજૂરીનું કામ કરવું પડતું હોય છે. આ કામમાં પણ તેઓને અનેક વેઠો, ત્રાસ, યાતનાઓ સહન કરવી પડતી હોય છે.

**આરોગ્ય પર અસર :**

વ્યવસાયી તેમજ મજૂરીકામ સાથે જોડાયેલી મહિલાઓને ઘરનું તથા બહારનું બંને કામ કરવાનાં હોય છે. તેથી તેઓ માનસિક રીતે સતત તનાવયુક્ત હોય છે. ફેકટરી કે કારખાનામાં કામ કરતી આદિવાસી મહિલાઓ પ્રદૂષિત વાતાવરણમાં કામ કરતી હોય છે. જેની વિપરીત અસર એમનાં સ્વાસ્થ્ય પર પડતી હોય છે. શ્રમનાં પ્રમાણમાં આ સ્ત્રીઓ જોઈએ તેટલો પૌષ્ટિક ખોરાક મેળવી શકતી નથી. તેઓનાં ખોરાકમાં તો સૂકો રોટલો અને લસણ-મરચાંની ચટણી જ હોય છે. તે પણ અપૂરતા પ્રમાણમાં આને લીધે અનેક રોગનો ભોગ આ મહિલાઓ બને છે. જેવા કે ખાસ કરીને શારીરિક નબળાઈ, પાંડુરોગ, દમ, શ્વાસ અને ચામડીનાં દર્દોથી પીડાતી હોય છે. તે ઉપરાંત અજ્ઞાનતા, ખોટી માન્યતાઓ અને અંધશ્રધ્ધાને કારણે બિમારીમાં દવા કરાવવાને બદલે ભગતભૂવાનો આશ્રય લે છે. જેની પ્રતિકુળ અસર શરીર ઉપર જણાય છે. આમ કેટલીકવાર સમયસર સારવાર ન મળવાને કારણે સ્ત્રીઓ મૃત્યુ પણ પામે છે.

**શ્રમ શોષણ :**

ઘણી આદિવાસી મહિલાઓ બીજાનાં ખેતરમાં ખેતમજૂરીનું કામ કરે છે. જયારે કેટલીક મહિલાઓ અન્ય સ્થળે છૂટકમજૂરીનાં કામો કરે છે. મજૂરી કરતી મહિલાઓનાં કામનાં કલાકો નિશ્ચિત હોતા નથી. સામાન્ય નિયમ મુજબ એક દિવસનાં આઠ કલાક કામ કરવાનું હોય છે. જયારે આ સ્ત્રીઓ તો તેનાં કરતાં વધુ કામ કરતી હોય છે. એટલે કે ૧૦-૧૨ કલાક કામ કરતી હોય છે.

આદિવાસી મહિલાઓ પાસે ઓવરટાઈમ, વળતર કે રજા સિવાય સળંગ ૧૦-૧૧ કલાક કામ લેવામાં આવે છે. જો લાભોની માંગણી કરે અથવા વધારે વેતનની માંગણી કરે તો તેના પર માનસિક ત્રાસ ગુજારવામાં



ખોદકામમાં જોતરાયેલી આદિવાસી મહિલાઓ

આવે છે. ''કાલથી કામ પર ન આવશો'' તેવી ધમકીઓ જમીનદારો, સુપરવાઈઝરો તરફથી મળે છે. આમ અસંગઠિત ક્ષેત્રમાં કાર્ય કરતી આદિવાસી મહિલાઓ શોષણનો શિકાર બને છે.

**કામની અચોકકસતા :**

કામનાં સ્થળે જવા માટે સ્ત્રીઓ પગે ચાલીને પહોંચતી હોય છે. એક યા બીજા કારણોસર ઘણી વખત કામનાં સ્થળે પહોંચવામાં મોડુ થઈ જાય તો સુપરવાઈઝરો અને ઠેકેદારો તેઓને 'આજે મોડુ થયુ છે એટલે તમારુ કામ નથી. 'કાલે આવજો' અથવા 'જરૂર પડશે ત્યારે બોલાવીશું' એવુ કહી દેતા હોય છે. જેને કારણે તેમને ઘેર પાછા ફરવુ પડતું હોય છે. આ મહિલાઓને નિયમિત પણે કોઈ ચોક્કસ કામ મળી જશે એવી કોઈ ખાત્રી નથી હોતી.

**અકુશળ કામ :**

મહદ્અંશે આદિવાસી મહિલાઓ એકધારા, ઓછા વેતનવાળા કામો કરતી હોય છે. જેમાં આગળ આવવાની કોઈ તક જ ન હોય. બાંધકામનાં કામોમાં મજૂરી કરતી બહેનો વર્ષો સુધી મજૂર તરીકે જ કામ કરતી હોય છે.

**હંગામી ધોરણે કામગીરી :**

ઘણી આદિવાસી મહિલાઓ તદ્દન હંગામી ધોરણે કામ કરતી હોય છે. તેમને અન્ય મળવાપાત્ર લાભો મળતા નથી. ફેકટરી કે કારખાના તેમજ સંસ્થામાં કામ અર્થે જતી મહિલાઓ માટે તાલીમની કોઈ વ્યવસ્થા હોતી નથી. આવી સ્ત્રીઓને જો કામ કરતાં અકસ્માત કે ઈજા થાય તો તેનું કોઈ વળતર મળતું નથી. દવા કરાવવા માટે પૈસા પણ માલિકો આપતા નથી અને જો કદાચ આપે તો તેની મજૂરીમાંથી તે પૈસા વસુલ કરવામાં આવતા હોય છે.

શહેરમાં બાંધકામ કે રોડ મજૂરી કરતી આ મહિલાઓને કામનાં સ્થળે સમયસર પહોંચવા માટે ૪-૫ કિ.મી. ચાલવુ પડતુ હોય છે. વાહનવ્યવહારની પૂરતી સવલતો ઉપલબ્ધ હોતી નથી. જેથી કરીને કોઈ કારણસર કામ પર મોડી પડે તો તેમનાં મજૂરી કે વેતનમાં કાપ મૂકી દેવામાં આવે છે. જો કોઈને ફરિયાદ કરે તો, રોજગારી ગુમાવવાનો ભય સતાવે છે. આને કારણે તેઓ મૂગે મોંએ આવા માનસિક ત્રાસો અને યાતનાઓ સહન કરે છે.

**જાતીય શોષણ :**

વ્યવસાય કે મજૂરી કરતી સ્થળાંતરિત આદિવાસી મહિલાઓનો લાભ અન્ય કર્મચારીઓ, ઠેકેદારો, સુપરવાઈઝરો, વ્યવસ્થાપકો ઉઠાવતા હોય છે. તેને પરિણામે આ સ્ત્રીઓ અત્યાચાર, હિંસક હુમલા, બળાત્કાર તથા જોહુકમીનો ભોગ બનતી હોય છે. મોટાભાગના કિસ્સા રોજી રળવાના સ્થળે કે ત્યાંથી આવતા-જતા આવા બનાવો વધારે બને છે. આ મહિલાઓ અભણ અને અજ્ઞાન હોવાને કારણે તથા મજબૂર હોવાને લીધે જાતીય શોષણનો ત્રાસ સહન કરી લે છે. જો આ બાબતે ફરિયાદ કરવા જાય તો રોજી ગુમાવવાનો વખત આવે.

**અન્ય સવલતોનો અભાવ :**

ગામથી દૂર બહારગામ કામે જતી આ મહિલાઓને મોઘવારી ભથ્થુ, બસભાડુ, ઓવરટાઈમ, બોનસ, સારું કામ કરવા બદલ પુરસ્કાર, ચા-નાસ્તા વગેરેની સુવિધાઓ મળતીનથી. રજાનાં પણ લાભો મળતા નથી. માંદગી વખતે પૈસાની સહાય મળતી નથી. વળી આ મહિલાઓ રોજમદાર તરીકે કાર્ય કરતી હોય છે. તેથી બીજી અન્ય કમાણી થતી નથી.

અન્ય કારણો :

મહિલાઓને ઘર તથા બાળકોને સાચવવાના હોઈ, ઘરની નજીકમાં જો કોઈ કામ મળે તો તેને પ્રથમ પસંદગી આપે છે. તેમજ મોડે સુધી રોકાઈને તેમની કામ કરવાની તૈયારી હોતી નથી. આવાં અનેક કારણોને લીધે સ્ત્રીઓને રોજગારી ઓછી મળે છે. અદ્યતન ખેતીનો વિકાસ અને યંત્રીકરણ થતાં સ્ત્રીઓની મજૂરી છીનવાઈ ગઈ છે. તેમજ સ્ત્રી કામદારોની બાદબાકી થતી ગઈ છે.

**સ્થળાંતરથી થતી વિવિધ અસરો :**

(૧) **બાળકોનાં શિક્ષણ અંગે :**

મોટાભાગનાં આદિવાસી મજૂરો પોતાનાં બાળકોને લઈને મજૂરી માટે સ્થળાંતર કરે છે. જેને કારણે તેઓ શિક્ષણથી વંચિત રહે છે. ૧૨-૧૫ વર્ષનાં બાળકો તેમનાં બીજા નાના બાળકોને સાચવે છે. ઘરનાં કામમાં, બજારમાંથી ચીજ-વસ્તુઓ લાવવાનાં કામમાં તેમજ ઘર સાચવવામાં રોકાયેલા હોય છે. તે ઉપરાંત તેમની સાથે મજૂરીએ પણ લઈ જતાં હોય છે. જેથી નિશાળે મોકલતા નથી.

(૨) **નવી જગા પર રહેઠાણ અને પાણીની મુશ્કેલી :**

સ્થળાંતર સ્થળે મોટાભાગનાં કુટુંબો જાહેર જગાએ કે સરકારી ખુલ્લી જમીનમાં જ વૃક્ષ નીચે રહેતા હોય છે. ત્યાં તેમને અન્ય પાયાની સુવિધાઓ જેવી કે પીવાનું પાણી, વીજળી, હવાઉજાસ, ન્હાવા માટે બાથરૂમ, શૌચાલય, ગટર વ્યવસ્થા વગેરે ઉપલબ્ધ હોતી નથી. ખાનગી જમીનમાં કે સ્થાનિક વસ્તી વચ્ચે કોઈ રહેવા દેતુ નથી. આથી રોડની બન્ને સાઈડે, બસસ્ટેશનની બાજુમાં ખુલ્લી જમીનમાં, રેલ્વેની ખુલ્લી જમીનમાં તથા જયાં કામ ચાલતુ હોય તેની નજીક ખુલ્લામાં રહેતા હોય છે. પીવાનું પાણી પણ કોઈ જાહેર નળ કે આજુબાજુએથી ખાનગી નળથી લાવવાનું હોય છે. તેમાં પણ કોઈ ભરવાદે અને ન પણ ભરવાદે. છૂટક મજૂરી કરતાં મજૂરોને પીવાના પાણીની પણ અંગવડ પડે છે.

(૩) મજૂરી શોધવામાં દિવસો પસાર થતાં કુટુંબને ભરણપોષણ માટેની સમસ્યાઓ ઉભી થાય છે. મજૂરોનાં નાકા ઠેર ઠેર ભરાય છે. ત્યાં જઈ ઉભા રહે કામ મળે તો જાય અને ન મળે તો પાછા આવે. તે દિવસની રોજી ગુમાવવી પડે.

(૪) શહેરમાં બાળવાનાં લાકડા મળતા નથી. વળી વેચાતા લઈ બાળી શકે તેવી સ્થિતિ ન હોવાથી રસોઈ માટે બાળવાનાં લાકડાની મુશ્કેલી પડે છે.

(૫) મોંઘવારીમાં અત્યારે જે દૈનિક રોજ મળે છે તેમાંથી જીવન-નિર્વાહ મળવો મુશ્કેલ છે. લગભગ દેક વસ્તુ

વેચાતી ખરીદવી પડે છે. મજુરીની આવકમાંથી બચત થતી નથી. અને કામ પણ નિયમીત મળતુ નથી. તેથી બેકારીના દિવસો વધુ ગાળવા પડે.

(૬) ખોરાક સુસંગતનો અભાવ વર્તાય છે. જેમકે મૂળવતનમાં મકાઈ મુખ્ય ખોરાક છે. શહેરમાં બાજરી કે ઘઉં ખરીદવા પડે છે.

(૭) જયાં કામ કરતાં હોય ત્યાં માલિકો દ્વારા હિસાબમાં ગેરરીતી થાય છે. વાર્ષિક હિસાબ વખતે ઉપાડની રકમ વસુલ કરી લે છે. ઘરે જાય ત્યારે કાંઈ બચતુ નથી.

(૮) આરોગ્ય અંગે મુશ્કેલીમાં પ્રાઈવેટ દવાખાને જઈ શકતા નથી. સરકારી દવાખાનાવાળા દવા કરતા નથી. આવી સ્થિતિમાં બીમારને મૂળવતને જ પાછા જવું પડે.

(૯) દૈનિક જીવન અનિયમિત બની જાય છે. સવારે વહેલા ઉઠી રોટલા-શાક બનાવી લેવા પડે. વહેલી સવારે અંધારામાં જાજરૂ જવું પડે, દિવસે કયાંય જવાય નહિ જેથી કબજિયાત થાય, તેને કારણે કેટલાક રોગ થાય.

**સ્થળાંતરિત આદિવાસી મહિલાઓનાં પ્રશ્નો :**

(૧) સ્થળાંતરને કારણે મા-બાપ છોકરીઓને ઘરકામ તેમજ તેમનાં નાના ભાઈ-બહેનોનેસાચવવા ભણવા મોકલતા નથી. અને તેઓ છોકરીઓનાં શિક્ષણનું મહત્વ પણ સમજી શકતા નથી. છોકરીઓનાં શિક્ષણ તરફ નિરક્ષર માતા-પિતા ઉપેક્ષાવૃત્તિ સેવે છે અને કન્યા શિક્ષણની જરૂરિયાતનો અસ્વીકાર કરે છે.

(૨) વતનમાં રોજગારીનાં અભાવને કારણે સ્થળાંતર કરતા આદિવાસી શ્રમજીવીઓ તેમના બાળકોને ઘરકામ તેમજ મજૂરીના કામમાં મદદ માટે સાથે લાવતા હોઈ તે બાળકો શિક્ષણથી વંચિત રહે છે. આ એક તેમની સૌથી મોટી શિક્ષણ સમસ્યા છે. કે જેની તેમનાં સમગ્ર જીવનધોરણ પર માઠી અસર પડે છે.

(૩) સ્થળાંતર સ્થળે અભ્યાસ કરવાની ઉંમરમાં પોતાના નાના ભાઈ-બહેનોને સાચવવા મા-બાપ સાથે કામ ઉપર આવે અને તેથી તેનો અભ્યાસ સ્થગિત બને અને કાયમ માટે અભણ રહી જાય છે. જેથી તેમનું શિક્ષણ સ્તર નીચું છે.

(૪) સ્થળાંતરિત આદિવાસી સ્ત્રી-કામદારોને વિશિષ્ટ શિક્ષણ માટે તાલીમની જોગવાઈ ઉપલબ્ધ નથી. તેથી અર્ધકુશળ કે બિનકુશળ કામદારો વધુ જોવા મળે છે.

(૫) તેમનાં બાળકોનાં તેમાંય ખાસ કરીને દીકરીઓનાં સંભાળનાં શિક્ષણનાં તેમજ સામાજિકરણનાં પ્રશ્નો ઉપસ્થિત જાય છે.

(૬) કામના સ્થળે માનવીય પ્રાથમીક સુવિધાઓ જેવી કે રહેવાની વ્યવસ્થા, પીવાનું શુધ્ધ પાણી, શૌચાલય, ન્હાવા-ધોવાની સગવડ, ઘોડીયા ઘર, પ્રાથમિક સારવારની પેટી (First Aid Box) વગેરેનો અભાવ જોવા મળે છે.

(૭) પીવાના કે વાપરવાનાં પાણીની પણ કોઈ પ્રકારની સવલત પુરી પાડવામાં આવતી નથી. બળતણ માટે ખર્ચ કરવો પડે છે. બળતણ ન મળે તો કયારેક ભૂખ્યા સૂઈ રહેવું પડે છે.

(૮) સ્થળાંતર કરી અજાણ્યા શહેરમાં કયાં રહેવું તે એક વિકટ સમસ્યા છે. માથે પોટલા કાંખમાં છોકરા લઈ રહેવાની જગ્યા શોધવા ભારે રઝળપાટ કરવી પડે છે.

(૯) રહેવા માટે ખુલ્લા મેદાનોમાં કંતાન કે તાડપત્રીથી બાંધેલ ખોલકીમાં રહેવુ પડે છે. ઉપરાંત પાણી અને બળતણની પણ વ્યવસ્થા હોતી નથી. આજુબાજુનાં રહીશો કે અસામાજિક તત્વોની હેરાનગતી થતી હોય છે.

(૧૦) રહેઠાણની જગ્યા મેળવવા માટે સતત રઝળપાટ કરતાં રહેતા આદિવાસી મજૂરો અત્યંત કફોડી સ્થિતિમાં મુકાય છે.

(૧૧) રહેઠાણની જગ્યા પર અનેકવિધ તત્વો તરફથી હેરાનગતિ થાય છે. જેમકે કેટલીક વખત જયારે કામ પરથી રહેઠાણ સ્થળે પરત ફરે છે. ત્યારે તેમની નાની સરખી ખોલકી તોડી નાંખે, માટલા ફોડી નાખે, ગોદડીઓ અને જે થોડી ઘણી ઘરવખરીનો સામાન દબાણવાળા ઉપાડી ગયા હોય ત્યારે તે બિલકુલ અનાધાર બની જાય છે. આમ સતત ઉચાટભરી માનસિક સ્થિતિમાં જીવે છે.

(૧૨) વ્યવસાય સ્થળે આવા-જવાની પ્રતિકુળતા અને સતત મજૂરીને લીધે તેઓનાં શારીરિક-માનસિક આરોગ્ય પર વિપરીત અસરો પડે છે.

(૧૩) સ્થળાંતરિત આદિવાસીઓ માટે સખત મહેનતની સામે પોષણક્ષમ આહારનો અભાવ, વ્યસન, બિન આરોગ્યપ્રદ રહેઠાણ, જોખમી કામની સ્થિતિ, યોગ્ય અને સમયસર સારવારનો અભાવ વગેરેને કારણે તેઓનું આરોગ્ય જોખમાય છે. સિલીકોસીસ જેવા વ્યવસાયિક રોગનો ભોગ બને છે. તેઓને પીવાનું શુધ્ધ પાણી મળતું નહી હોવાને કારણે પાણીજન્ય રોગો થતા હોય છે.

(૧૪) સ્ત્રીઓ પોતાનાં કુટુંબની આર્થિક જવાબદારીઓને પહોંચી વળવા સ્થળાંતરિત વ્યવસાયોમાં જોડાતી હોય છે.

(૧૫) સ્થળાંતરિત આદિવાસી કામદારોને કામના કલાકોનાં પ્રમાણમાં, તેમની મહેનતના પ્રમાણમાં અત્યંત નીચું વેતન ચૂકવવામાં આવે છે. કામદારોને વેતન સ્લિપ પણ મળતી નથી. તેમજ ઓરવટાઈમનો લાભ મળતો નથી.

(૧૬) સ્થળાંતરિત આદિવાસી મજૂરોએ બાંધકામ ક્ષેત્રમાં અત્યંત જોખમીભર્યુ કામ કરવાનું હોવા છતાં પણ સલામતીનાં સાધનો આપવામાં આવતા નથી. અકસ્માત અટકાવવા સલામતીનાં પગલાંઓ લેવાતા નથી.

(૧૭) અકસ્માતમાં મૃત્યુ પામતા કામદારનાં વારસાદર કાયદાકીય જાણકારી તેમજ જરૂરી પુરાવાઓને અભાવે મળવાપાત્ર વળતરથી વંચિત રહી જાય છે. અકસ્માત સમયે તાત્કાલીક સારવાર કે રાહત મળતી નથી.

(૧૮) નાના બાળકોવાળી મહિલાઓને જલ્દી કામ મળે નહી અને નવ જવાન મહીલાઓની છેડતી થાય અથવા જાતિય શોષણ થાય.

(૧૯) રોકડીકામ કરે ત્યારે રાત્રે ઢોરની જેમ ખુલ્લા મેદાનમાં પડી રહેવું પડે. દબાણવાળા ગમે ત્યારે આવે અને દમદાટી મારી તે સ્થળેથી હટાવે.



બાંધકામ સ્થળે રહેતા સ્થાળાંતરિતો

(૨૦) કડીયાનાકા ઉપર પોલીસનાં ડંડા ખાવા પડે કયારેક મોડી રાત્રે કામ પરથી પાછા ફરે ત્યારે ચોરીનો આક્ષેપ કરી માર ખાવો પડે છે.

(૨૧) નાના બાળકોવાળી કામ કરતી માતા માટે ખાસ કોઈ સુવિધા પૂરી પાડવામાં આવતી નથી.

(૨૨) વ્યવસાય સ્થળે તેઓનું આર્થિક, માનસિક તેમજ શારીરિક શોષણ થતું હોય છે.

(૨૩) સ્થળાંતરિત આદિવાસી મહિલાઓને વ્યવસાયી મહિલાઓ તરીકે બેવડી ભૂમિકામાંથી ઉભો થતો સંઘર્ષ માનસિક તાણ સર્જે છે.

(૨૪) સ્થળાંતરિત મહિલાઓને પરંપરાગત અને સમાજ સ્વીકૃત ભૂમિકા ઉપરાંત બેવડી ભૂમિકા જેમાં (૧) ગૃહકાર્ય ઉપરાંત પુરુષનાં કામોમાં સાથ આપવો (૨) પુરુષની સાથે ઉપાર્જનનાં કામમાં (૩) પરંપરાગત રીતે બહારનાં કામ કરીને સ્ત્રી વેતન મેળવે. ઉપરોક્ત કામોમાં વ્યવસાયિક કુટુંબજીવન ઉપરાંતનો કાર્યભાર વધે છે, અને બંને ભૂમિકા સંતોષવામાં મુશ્કેલી પડે છે.

(૨૫) સ્થળાંતરિત મહિલાઓ કૌટુંબિક અને સગાસંબંધીઓમાં વિવિધ પ્રસંગોપાત સમય ન ફાળવી શકવાને લીધે તે સંબંધો તૂટે છે.

(૨૬) વ્યવસાય સ્થળે અનૈતિક સંબંધો બંધાય તો કુટુંબીજનો તેને શંકાશીલ નજરે જુએ તેમજ અનઅપેક્ષિ વર્તન કરે તે તેને માટે અસહ્ય બને છે.

**શહેરોમાં છૂટક મજૂરી કરતાં આદિવાસીનાં પ્રશ્નો :**

(૧) મોટેભાગે આ મજૂરો છૂટક કામ કરતા હોઈ કામ ન મળે ત્યાં સુધી બેકાર બેસવુ પડે.

(૨) રહેઠાણનો પ્રશ્ન હોય છે. જેમાં શહેરોમાં ફૂટપાથ, રોડસાઈડ, કે જયાં ખુલ્લી જગા મળે ત્યા ખુલ્લામાં.

(૩) પીવાના તેમજ વાપરવાનાં પાણીની કોઈ સુવિધા ઉપલબ્ધ હોતી નથી.

(૪) સેનેટરી સુવિધા ઉપલબ્ધ નહી હોવાથી ઘણે દુર કે જયાં ખુલ્લી જમીન હોય, ગંદકીના ઢગ ખડકાતા હોય, ખુલ્લા પ્લોટનો વિસ્તાર, સામાન્ય ઝાડી જેવા વિસ્તારોની આજુબાજુ રહેતા હોય.

(૫) આરોગ્યની સુવિધા વગરનો વિસ્તાર, મચ્છર અને ગંદકીથી ઉભરાતા વિસ્તારોને કારણે આરોગ્ય ઉપર માઠી અસર.

(૬) વસ્તુ સાચવવાનો મોટો પ્રશ્ન - સામાન્ય રીતે ઓછો સામાન હોય છે. છતાં પણ સાચવવાની વ્યવસ્થા હોતી નથી. દા.ત. માટીની નળી, માટીના પાણીનાં માટલા, એકાદ ડબ્બામાં ચીજવસ્તુઓ, ચાદર, એક-બે જોડી કપડાં વગેરે સાચવવા મુશ્કેલ.

(૭) સાઈટ પર રહેવા - પાણીની સુવિધા હોવા છતાં પણ બધાને કાયમી કામ નથી મળતું.

(૮) કોન્ટ્રાકટર પધ્ધતિમાં દર અઠવાડીયે ખર્ચી અપાય છે. હિસાબ આપતા નથી તેને કારણે મજૂર કામ છોડી જઈ શકતો નથી. લાંબેગાળે શોષણનો ભય રહે છે. હાજરીમાં ગરબડ થવાની શકયતા.

(૯) નુકશાની આવે તો કામ બગડવાની ફરિયાદ કરી શ્રમ વધારે કરવાની ફરજ પડાય, ક્યારે નુકશાની કપાતનો ભય રહે છે.

(૧૦) ઉચ્ચક કામગીરીમાં કેટલાંક કારીગરો કામ કરે તેમાં પણ મજૂરી ભાવમાં શોષણ થતું હોય છે.

આ ઉપરાંત પણ કેટલીક મુશ્કેલીનો સામનો કરે છે. બળતણનો પ્રશ્ન, આરામનો પ્રશ્ન, રંજાડનો પ્રશ્ન, કામ ન મળે તો આરામ મળે પરંતુ તેનીસામે આગળ કરેલી કમાણી ખર્ચવી પડે.

પોતાના વિસ્તારમાં, કોઈપણ પ્રકારનો કામધંધો ન મળવાથી ફરજિયાત પણે બહાર જવું પડે તેવી સ્થિતિમાં સ્ત્રીઓ અને તેમનાં બાળકોને પણ આવી કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

આદિવાસી વિસ્તારોમાંથી થતું સ્થળાંતર એ રાજયની સમસ્યા છે. સ્થળાંતર કરીને આવેલા શ્રમિકો શહેરની વસ્તીની ગીચતામાં વધારો કરે છે. જેથી વસવાટના પ્રશ્નો ઉભા થાય છે. જીવન જીવવા માટે પ્રાથમિક સગવડોની અછત ઉભી થાય છે. દબાણનાં પ્રશ્નો વધે છે. સમગ્રતઃ જોતાં આદિવાસી શ્રમિકોનાં સમગ્ર જીવન-ધોરણ પર પણ આની વિપરીત અસરો જોવા મળે છે. ખાસ મહત્વનો પ્રશ્ન એમનાં બાળકો કે જેમની ઉંમર ભણવાની છે. તેઓનો અભ્યાસ સ્થગિત થાય છે. એમની દીકરીઓ પણ સ્થળાંતરને કારણે ઉપરોકત ઘણા કારણોસર અભ્યાસ પૂરો કરી શકતી નથી. અધવચ્ચે અભ્યાસ છોડી દેતી હોય છે. આમ આવા અનેક પરિબળો સ્ત્રી શિક્ષણની પ્રગતિમાં અવરોધરૂપ નીવડે છે.

**નિષ્કર્ષ :**

સ્વાતંત્ર્યની પ્રાપ્તિ બાદ નિરક્ષરતા નાબૂદીએ ભારત સરકારનો એક મહામંત્ર બની ગયો છે. ભારત સરકારે પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવ્યું હોવા છતાં નબળી પરિસ્થિતિ ધરાવતા મોટાભાગનાં બાળકો શાળાએ જતાં નથી અને પુરું શિક્ષણ પ્રાપ્ત કરી શકતા નથી.

કોઈપણ દેશનાં વિકાસ માટે પુરુષની સાથે મહિલાઓનો વિકાસ એટલો જ અનિવાર્ય છે. મહિલાઓમાં જાગૃતિ આવે તે માટે મહિલાઓ શિક્ષણ લે તે હવે જરૂરી બની ગયું છે. પ્રત્યેક માતાની જવાબદારી છે કે માતૃત્વનાં કર્તવ્યનું પાલન કરે. બાળકનાં વ્યક્તિત્વનું નિર્માણ કરવાનું કાર્ય ભણેલી ગણેલી માતા જ સારી રીતે નિભાવી શકે.

પ્રસ્તુત અભ્યાસ 'આદિવાસી મહિલા શિક્ષણ પર સ્થળાંતરની અસર' વિષયક હોઈ તે માટે ગુજરાતનાં આદિવાસીઓની અર્થવ્યવસ્થા ખેતી તેમજ અન્ય ગૌણ વ્યવસાયો પર આધારિત છે. છતાં પણ તેમના કુટુંબનું ભરણ-પોષણ થઈ શકતુ નથી તેથી તેમનાં વતનમાંથી સ્થળાંતર કરી સારી આવક મળી શકે તે માટે પોતાના વતન છોડી બહારના શહેરોમાં કે જયાં બાંધકામો ચાલતા હોય ત્યાં બાંધકામ મજૂરી કરવા ચાલ્યા જાય છે. સાથે સાથે તેમનાં બાળકો, બાલીકાઓ કે જે ૧૪ વર્ષ કે તેથી નાની વય ધરાવતા હોય તેઓને પણ તેમનો અભ્યાસ છોડાવી મજૂરીમાં મદદ માટે સ્થળાંતર સ્થળે સાથે લઈ જાય છે. આવા સમયે સંશોધકો અને વિચારકોમાં અને પ્રશ્નો ઉભા થાય છે. જેવા કે તેઓને મજૂરી કરવા બહાર કેમ જવું પડતું હશે ? કેવી સ્થિતિમાં સ્થળાંતર કરવું પડે છે ? કેવી સ્થિતિમાં રહેતા હશે ? તેમનાં અભ્યાસ માટે શું વ્યવસ્થા હશે ? તેમજ સ્થળાંતર સ્થળે તેમની ખરેખર સમસ્યાઓ શું શું હોઈ શકે ? વગેરે બાબતો જાણીને તેમની દિકરીઓનાં ભાવિ શિક્ષણ અંગે દિશાસૂઝ આપવા અહીં પ્રયત્ન કર્યો છે.

(૧) ગુજરાતના શહેરોમાંથી અમદાવાદ, વડોદરા અને સુરત શહેરોમાં આવેલા સ્થળાંતરિત આદિવાસીઓને આ અભ્યાસ માટે પસંદ કર્યા હતાં. અમદાવાદ શહેરમાંથી કુલ ૩૫ આદિવાસીઓમાંથી ૧૬ પુરુષ અને ૧૯ સ્ત્રીઓને અભ્યાસ માટે પસંદ કરી હતી. તેજ પ્રમાણે વડોદરામાં ૨૫ પુરુષ અને ૧૦ સ્ત્રીઓ અને સુરતમાં ૨૨ પુરુષ અને ૧૩ સ્ત્રીઓને મળી કુલ ૧૦૫ સ્થળાંતરિત આદિવાસીઓનો અહીં અભ્યાસ કર્યો છે.

(૨) અભ્યાસમાં સૌથી વધારે દાહોદ, ઝાલોદ તેમજ લીમખેડા તાલુકાઓમાંથી સ્થળાંતર કરીને આવ્યા છે. જેમાં સૌથી વધુ ૯૪.૨૯ ટકા ભીલ તેમજ નહિવત ૫.૭૧ ટકા પટેલીયા જાતિનાં આદિવાસીઓનો સમાવેશ થાય છે.

(૩) સ્થળાંતરિત આદિવાસીઓ વતન છોડવાનાં કારણોમાં પોતાના વતનમાં કે આજુબાજુના ગામોમાં કુટુંબનું ભરણ-પોષણ થઈ શકે તેટલી મજૂરી મળતી ન હોવાને કારણે વતન છોડી રોજી-રોટી અર્થે શહેરમાં આવ્યા છે. એટલે કે વતનમાં બેકારીને કારણે વતન છોડ્યું છે. મોટેભાગે તેઓ પોતાના વૃધ્ધ મા-બાપ તેમજ અભ્યાસ કરતાં બાળકોને ઘર સાચવવા તેમજ વૃધ્ધ મા-બાપની દેખરેખ રાખવા વતનમાં મુકીને આવે છે.

(૪) પસંદ થયેલ કુલ ૧૦૫ આદિવાસીઓમાંથી ૬૫.૭૨ ટકા અભણ હતાં. ૩૦.૪૭ ટકાએ પ્રાથમિક કક્ષાનું શિક્ષણ તેમજ માત્ર ૩.૮૧ ટકા સ્થળાંતરિત આદિવાસીઓએ માધ્યમિક કક્ષાનું શિક્ષણ મેળવ્યું હતું.

(૫) અભ્યાસ હેઠળનાં ૮૦.૦૦ ટકા આદિવાસીઓને પોતાનાં વતનમાં ખેતી પર નિર્ભર હતાં. બાકીનાં ૨૦ ટકા ખેતમજૂરી કરતા હતાં અને આ સાથે અન્ય પૂરક વ્યવસાયમાં છૂટક મજૂરી, કડીયાકામની મજૂરી કરતા હતા.

(૬) પસંદ કરેલ આદિવાસીઓમાં ૭૨.૩૮ ટકા પાસે બિનપિયત જમીન હતી, જેમાં વર્ષભર ચાલે તેટલું અનાજ ઉત્પન્ન થતુ ન હતું. આમ ખેતી ઉપર નભવુ મુશ્કેલ હોઈ આજુબાજુનાં ગામમાં ગૌણવ્યવસાયમાં છૂટક મજૂરી, કડીયાકામ વગેરે કામો અપનાવતા હતા.

(૭) સ્થળાંતરિત આદિવાસીઓએ વતન છોડવાનાં કારણો જોતાં કુટુંબના ભરણ-પોષણ માટે મજૂરી અર્થે વતન છોડયું છે. તેમાં ૪૪ (૪૧.૯૨ ટકા) બેકારીને કારણે વતન છોડયું છે.

(૮) સ્થળાંતરિત શ્રમિકો પોતાની રીતે મુકાદમ/ઠેકેદાર તેમજ કોઈ એજન્ટ દ્વારા આવે છે.

(૯) મજૂરી આવનાર સ્થળાંતરિત શ્રમિકો અજાણ્યા શહેરમાં તેઓને કોઈ કનડગત ન કરે તેવી જગ્યા પસંદ કરે છે. ખાસ કરીને ખુલ્લા મેદાન, સરકારી કે મ્યુનિસિપાલીટીની જગ્યા, મેદાનનાં કોટની બહાર રસ્તાની આજુબાજુ તેમજ કોન્ટ્રાકટરનાં ખુલ્લા પ્લોટોમાં રહે છે. કેટલાંક શ્રમિકો કોમર્શીયલ સેન્ટરનાં પાળી વગરનાં ધાબા ઉપર અને રેલ્વે લાઈનની આસપાસ જયાં વધારે ખુલ્લી જગ્યા હોય ત્યાં રહે છે. જેથી અન્ય જનજીવન તેઓને પરેશાન ન કરે.



કોન્ટ્રાક્ટરનાં સુવિધા વગરના પ્લોટમાં રહેતું કુટુંબ

(૧૦) તેઓની પાસે જીવન જરૂરિયાતની વસ્તુઓ વધારે હોતી નથી. જેથી કરીને સહેલાઈથી ગમે ત્યારે જગ્યા બદલવી હોય તો બદલી શકે છે. અથવા તો એક સ્થળે મજૂરી ન મળે તો બીજે સ્થળે જયાં મજૂરી મળે ત્યાં જગ્યા પસંદ કરી રહેઠાણ બદલી શકે.

(૧૧) રહેઠાણની મોટી મુશ્કેલી સાથે સાથે પીવાના તેમજ વાપરવા પાણીની મુશ્કેલી પણ સહન કરવી પડે છે. તે રીતે જોતાં વસવાટની આજુબાજમાં જાહેર નળેથી અથવા નજીકનાં બંગલા કે સોસાયટીઓમાંથી પીવાનું પાણી ભરેછે અને તેમાં પણ કરગરવું પડે છે. સંડાસ જવા માટે પણ વહેલી સવારે ખુલ્લામાં જવું પડે છે. જયાં રહેતા હોય ત્યાં જ ખુલ્લી જગ્યામાં ન્હાતા હોય છે.

(૧૨) સ્થળાંતરિત શ્રમિકો શહેરોમાં ચાલતી બાંધકામ પ્રવૃત્તિમાં કામનાં આયોજન મુજબ ચણતરકામ, ધાબુ ભરાવવાનાં કામમાં, ઈંટો આપવાનું કામ, પાણી છાંટવાનું કામ, માટીકામ, ખોદકામ, માલ બનાવવાનું કામ, ડામરકામ, પ્લમ્બરને મદદ કરવાનું કામ તેમજ અન્ય મજૂરી કામમાં કામ કરે છે.

(૧૩) સ્થળાંતરિતોને માસમાં બધાજ દિવસો કામ મળવું શક્ય નથી. તેઓને ખાસ કરીને વરસાદનાં દિવસો, તહેવારનાંદિવસોમાં ઓછા દિવસો કામ મળેછે. વર્ષમાં હોળીનાં તહેવારમાં પોતાના વતનમાં ચાલ્યા જાય છે.

(૧૪) સ્થળાંતરિત આદિવાસીઓની આવક જોતાં અમદાવાદનાં મોટાભાગનાં શ્રમિકોની લગભગ સરેરાશ માસિક આવક ૧૦૦૦ થી ૧૫૦૦ રૂપિયાની વચ્ચે જોવા મળે છે. વડોદરાનાં શ્રમિકોની લગભગ સરેરાશ માસિક આવક રૂા.૧૦૦૦ થી ૧૨૦૦ રૂપિયા અને સુરત શહેરમાં મોટાભાગે ૧૧૦૦ થી ૧૫૦૦ સુધીની જોવા મળે છે. ટૂંકમાં આ બધી મજૂરીની આવકનો આધાર કામનાં પ્રકાર અને કામનાં દિવસોની સંખ્યા પર છે.

(૧૫) શ્રમિકો મજૂરી દરમ્યાન મળતી રકમનો વચ્ચે વચ્ચે ઘરખર્ચ પૂરતો ઉચ્ચક ઉપાડ મળે છે. કેટલીક વાર આ પરિસ્થિતિમાં આખરી હિસાબમાં ગેરરીતી થવાની શક્યતા રહે છે.

(૧૬) સ્થળાંતરિત શ્રમિકો પોતાના કુટુંબનું ગુજરાન ચલાવવા રોજીરોટી અર્થે શહેરમાં આવ્યા છે. તેથી સમયાંતરે પોતાની મળતી આવકમાંથી થોડીઘણી રકમ વતનમાં રહેલ સભ્યોનાં ઘરખર્ચ માટે, દેવું કર્યુ હોય તો ભરપાઈ કરવા, પશુપાલન અર્થે મોકલતા હોય છે.

(૧૭) વતનમાં આર્થિક પરિસ્થિતિ એટલી બધી નબળી હોય છે કે ઘરખર્ચ કરવા આવકનું સાધન અપ્રાપ્ય હોવાને કારણે કુટુંબનાં સભ્યો સાથે અભ્યાસ કરતાં બાળકોને સ્થળાંતર સ્થળે મજૂરીમાં સાથે લઈ જાય છે.

(૧૮) સ્થળાંતરિત શ્રમિકોનાં શાળાએ અભ્યાસ કરતાં કુલ ૪૯, ૫ બાળકો બાલવાડી તેમજ ૨ બાળકો આંગણવાડીમાં પૂર્વપ્રાથમિક શિક્ષણ મેળવે છે. જયારે પ્રાથમિક કક્ષાનું (ધોરણ ૧ થી ધોરણ ૪ સુધીમાં) શિક્ષણ મેળવતા ૪૨ બાળકો જોવા મળે છે.

(૧૯) સ્થળાંતરિત શ્રમિકો પોતાની દીકરીઓ અને માત્ર પ્રાથમિક કક્ષા (ધોરણ ૧ થી ૪ સુધી) સુધી જ શિક્ષણ આપવા માંગે છે. તેનાથી આગળ ભણવાની ઈચ્છા દર્શાવતા નથી.

(૨૦) શ્રમિકો પોતાનીસાથેતેમની અભ્યાસ કરવાની ઉંમરની દીકરીઓને તેમની સાથે ઘરકામ, નાના બાળકોની સંભાળ, બજારની ખરીદી તેમજ મજૂરી કામમાં મદદરૂપ થાય તે માટે (સ્થળાંતર વિસ્તારમાં) લાવે છે. જેથી તેનો અભ્યાસ સ્થગિત થઈ જાય છે.

(૨૧) દીકરીઓને શિક્ષણ ન અપાવવાનાં કારણોમાં આર્થિક પરિસ્થિતિ નબળી, નાના બાળકોનાં ઉછેરમાં મદદ, ઘરકામમાં મદદ, શાળા દૂર હોવાથી, સ્થળાંતરને કારણે શાળા બદલવાથી તેમજ તેમનાં સમાજમાં પરંપરાગત દીકરીઓને શિક્ષણ આપતા નથી વગેરે કારણોસર દીકરીઓને ભણાવતા નથી.

(૨૨) દીકરીઓને ભણાવવા તેમની અગાઉ દર્શાવેલ વાસ્તવિક પરિસ્થિતિને કારણે સરકાર તરફથી મળતી યોજનાઓની જાણકારી મળવાપાત્ર શૈક્ષણિક સુવિધાઓ તેમજ તેનો લાભ મેળવવા અંગેની તેઓ કોઈ કાળજી રાખતા નથી. તેમજ દીકરીનાં શિક્ષણ અંગે ગંભીરપણે જવાબદારી સ્વીકારતા નથી.

(૨૩) સ્થળાંતરિત મહિલાઓનું કામનાં સ્થળે કોન્ટ્રાકટર તેમજ અસામાજિક તત્વો તરફથી કોઈને કોઈ પ્રકારે તેમનું આર્થિક જાતિય શોષણ કરેછે. પરંતુ તેમની આર્થિન નબળી પરિસ્થિતિ તેમજ મજબૂરીને કારણે તેઓ અસહ્ય હોવા છતાં એ બધુ સહન કરે છે.

**આદિવાસી સ્થળાંતરિત શ્રમિકો માટે સૂચનો :**

ગુજરાતમાં આદિવાસી વિસ્તારોમાંથી શ્રમ સ્થળાંતર એ રાજયની સમસ્યા છે. શ્રમ સ્થળાંતર એ મૂડીવાદી અર્થવ્યવસ્થા હેઠળ ઘડાયેલી વિકાસ નીતિનું અત્યંત વરવું પરિણામ છે. એમાં શ્રમિકોની પ્રગતિનો ખાસ અવકાશ રહેતો નથી. સ્થળાંતરને કારણે શહેરી વસ્તીની ગીચતામાં પણ વધારો થાય છે. વસવાટનાં તેમજ તેમનાં શિક્ષણનાં પ્રશ્નો ઉભા થાય છે. જીવન જીવવા માટે પ્રાથમિક સગવડોની અછત ઉભી થાય છે. દબાણનાં પ્રશ્નો વધે છે. આથી પુરા ફેકટર દ્વારા થતા સ્થળાંતર અટકાવવાનાં ધનિષ્ઠ પ્રયત્નો હાથ ધરવા જોઈએ. જેથી શ્રમિકો શોષણમાંથી મુક્ત થાય અને તેમને મળવાપાત્ર માનવીય અધિકારોનું રક્ષણ મળે અને જયાં પણ સ્થળાંતર થાય ત્યાં તેઓ માનવિય સુવિધાઓ પ્રાપ્ત કરે તેવી વ્યવસ્થા ઉભી થવી જોઈએ. તેમજ તેઓને વધુને વધુ આર્થિક લાભ પ્રાપ્ત થાય અને ખર્ચ ન્યુનતમ થાય તેમજ તેમનાં જીવનધોરણનો વિકાસ થાય તે માટે નીચે દર્શાવેલ સૂચનો અનિવાર્ય છે.

**(અ) વસવાટના સ્થળે (બ) સ્થળાંતર સ્થળે :**

**(અ) વસવાટના સ્થળે :**

(૧) પંચાયત સ્તરે નોંધણી કરવી : સ્થળાંતર કયા વિસ્તારમાંથી થાય છે, કેટલી સંખ્યામાં, કેટલા સમય માટે થાય છે અને કયાં જાય છે તેની નોંધણી દરેક ગ્રામપંચાયતમાં ફરજીયાતપણે થવી જોઈએ. નોંધણી પ્રથા દાખલ કરવાથી શ્રમિકોને અનેક પ્રકારની રાહતો મળી શકશે.

(૨) આદિવાસી વિસ્તારોમાં તળાવો-ડેમ બાંધ્યા છે તેનું પાણી કંઈ પણ રીતે તેમને પહોંચાડી સિંચાઈની સગવડતા પૂરી પાડવી.

(૩) આદિજાતિનાં આંતરિયાળ વિસ્તારોમાં સાત ધોરણ સુધીની શાળા તમામ ગામમાં નથી. તેથી આ

વિસ્તારમાં માધ્યમિક શાળા સ્થાપવી જોઈએ. તે સાથે છાત્રાલયો પણ ઉભા કરવા જોઈએ. તેમજ ટેકનિકલ શિક્ષણ આપતી સંસ્થાને ઉત્તેજન આપવું જોઈએ.

(૪) જે વિસ્તારમાં શાળા ન હોય, ત્યાં માનવ સંશોધન વિકાસ મંત્રાલયે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનાં નામે વૈકલ્પિક શિક્ષણ વિદ્યાલય શરૂ કરવાની પહેલ કરી. જેથી ત્યાં શાળામાંથી અભ્યાસ છોડી દેનાર બાળક પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે.

(૫) આદિવાસી મહિલાઓનાં કૌશલ્યમાં વધારો થાય તે માટે ખાસ કાર્યક્રમો યોજવા જોઈએ. તેમજ સરકારની મહિલા કલ્યાણ અંગેની વિવિધ યોજનાઓની માહિતી આપવી. જેથી તેમની દીકરીઓને શિક્ષણ માટે પ્રોત્સાહન તેમજ માર્ગદર્શન આપવુ.

(૬) સરળ શિક્ષણની સુવિધા ઉભી કરવા માટે બહેનોને તેમનાં બાળકોની સારસંભાળ માટે 'બાળસખી' જેવી બહેનની વ્યવસ્થા કરવી. જેથી બહેનો લખતા-વાંચતા શીખવા માટે સમય ફાળવી શકે.

(૭) બાળ સખીઓ દ્વારા પાંચ વર્ષ નીચેના બાળકોનેમુખ્ય સંભાળ પૂરી પાડવા ઉપરાંત, તેમને પ્રારંભિક શિક્ષણ આપે. તેમજ સ્વચ્છતા, તંદુરસ્તી અને પોષણયુક્ત આહાર માટે પ્રોત્સાહન આપતાં કાર્યક્રમો યોજવા. (મહિલા સામખ્ય, ગુજરાત-૨૦૦૪-૦૫)

(૮) સ્થળાંતરિત મહિલાઓએ તેમની દીકરીઓને આગળ ભણવાની તક મળે તે મફત અને ફરજીયાત કેળવણી યુક્ત શિક્ષણ મળે તેવી વ્યવસ્થા કરવી.

(બ) **સ્થળાંતર સ્થળે :**

(૧) સ્થળાંતરિત શ્રમિકો માટે સહાય કેન્દ્ર શરુ કરવા જોઈએ. આ કેન્દ્રમાં તેમની નોંધણી થાય, જેમાં તેમને પરિચયપત્ર, રેશનકાર્ડ, બાળકોને રસીકરણ કરાવવા અંગે કાર્ડ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. તે ઉપરાંત વિવિધ શહેરોમાં રોજગારીની સ્થિતિ અંગેની માહિતી, શારિરીક-આર્થિક શોષણનાં કિસ્સામાં મદદ મળી રહે તે માટે સંદેશાવ્યવહાર તેમજ પ્રાથમિક જરૂરિયાતોની સુવિધા ઉપલબ્ધ કરવી જોઈએ.

(૨) શહેરોમાં સ્થળાંતરિત શ્રમિકો માટે રેનબસેરા શહેરમાં રોજી-રોટી અર્થે કામચલાઉ કે ઋતુગત સ્થળાંતર કરનારા શ્રમિકોને રહેઠાણનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તો શ્રમિકો માટે આર્થિક રીતે પોષય તેવા દરે અને જયાં સુધી કામ કરે ત્યાં સુધી વ્યવસ્થિત રહી શકે તેવા પ્રકારની રેનબસેરાની વ્યવસ્થા કરવી જોઈએ.

(૩) સ્થળાંતરિત શ્રમિકો ખુલ્લા મેદાનો કે ફુટપાથ ઉપર પડાવ નાખીને રહેતા હોય છે. તેમને પીવા તેમજ વાપરવા માટે પાણી મળતુ નથી. તો મ્યુનિસિપલ કોર્પોરેશનની મદદથી સિન્ટેક્ષ ટાંકીઓ મૂકીને પાણીની વ્યવસ્થા પૂરી પાડવી જોઈએ.

(૪) સ્થળાંતરિત આદિવાસીઓ માટે શૌચાલયની વ્યવસ્થા નથી. શહેરમાં ગીચતા વધતી જતી હોવાથી આ સમસ્યા વધુ તિવ્ર બનતી જાય છે. તો તે માટે શહેરોમાં ફરતા શૌચાલયની વ્યવસ્થા થવી જોઈએ. તેમાં ટોકન કિંમત પરવડે તેવી હોવી જોઈએ. મ્યુનિસિપલ કોર્પોરેશન આ પ્રકારની સુવિધા પુરી પાડવી.

(૫) અસ્થાઈ આવાસ વ્યવસ્થા પણ ઉભી કરવી. જેમકે પતરાનાં શેડવાળા દસથી બાર ફૂટની જગા મળી રહે. જાહેર નળથી પાણીની વ્યવસ્થા, મુવેબલ સંડાસ તથા લાઈટની અસ્થાઈ વ્યવસ્થા.

(૬) મજૂરો પોતાનો સામાન તથા રાત્રિ રોકાણ કરી શકે તેવી નાના કેબીનવાળી વાન, જ્યાં પાણીની સગવડ હોય, ખુલ્લી જમીન હોય તો બહાર પોતાની રસોઈ બનાવી શકે.

(૭) મહિલાઓ માટે અલગ શૌચાલયોની સગવડ ઉભી કરવી જોઈએ.

(૮) સ્થળાંતરિતો માટે સ્થળાંતર શહેરોમાં જવા-આવવા માટે વાહન-વ્યવહારની પૂરતી સગવડ ઊભી કરવી જરૂરી છે.

(૯) આદિવાસી મજૂરો જ્યાં સ્થળાંતર થઈને કામ કરે છે ત્યાં પૂરતુ વેતન, પીવાનું પાણી, આરોગ્ય અને રહેઠાણ મળી રહે તેવી વ્યવસ્થા કરવી.

(૧૦) જ્યાં પણ તે કામ પર જાય ત્યાં કામે રાખનાર વ્યક્તિ સંસ્થા, કોન્ટ્રાકટર, સરકાર વગેરે મજુરોની પ્રાથમિક જરૂરિયાત સંતોષાય તેટલી સગવડ આપવાનું ફરજિયાત બનાવવું જોઈએ.

(૧૧) જે વિસ્તારમાં કામ ચાલે ત્યાં સસ્તા અનાજની દુકાનેથી જીવન જરૂરી ચીજવસ્તુઓ રાહતદરે મળે તે વ્યવસ્થા, રેશનકાર્ડને માન્ય રાખી ચીજવસ્તુઓ,

(૧૨) સરકારી દરેક હોસ્પિટલમાં સ્થળાંતર મજૂરોને આરોગ્ય સુવિધા ઉપલબ્ધ બનાવવી.

(૧૩) ચોક્કસ વિસ્તારમાં રહેતા સ્થળાંતરિત આદિવાસીઓને સતત રોજગારી મળતી રહે તે માટે બાંધકામ પ્રવૃત્તિને સાતત્યપૂર્ણ બનાવવી જોઈએ.

(૧૪) બાંધકામની પ્રવૃત્તિ વિસ્તારતાં અને ટેકનોલોજીમાં જરૂરી ફેરફારો થતાં કામદારોની આર્થિક સ્થિતિમાં સુધારો કરવો જોઈએ. તેમજ કામનાં દિવસો અને વેતન વધારવું જોઈએ.

(૧૫) સંચાલકો દ્વારા કામદારોને વ્યવસાયિક આનુષંગિક તાલીમ આપવાની જોગવાઈ કરવી જોઈએ.

(૧૬) અમદાવાદ શહેર ઔદ્યોગિક રીતે સુવિકસિત હોઈ મકાન બાંધકામની ઝડપ વધારવા સારી પધ્ધતિઓ માલસામાન અને ઉત્પાદન માટે વધુ સારી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ. તેમજ ટેકનોલોજીનાં ક્ષેત્ર પરિવર્તન લાવવા જોઈએ.

(૧૭) સ્થળાંતરિત મહિલાઓને જે જોખમી કામો તેમજ શારીરિક સ્વાસ્થ્યને હાનિ પહોંચે તેવા કાર્યો પર પ્રતિબંધ મૂકવો જરૂરી છે. (દા.ત. ૧૯૫૨નાં ખાણ અંગેના કાનૂનમાં એ બાબતે પ્રતિબંધ મૂક્યો છે.)

(૧૮) ૩૦/૫૦ થી વધુ મહિલાઓ કામ કરતી હોય તો તેઓનાં બાળકોને સચવવા માટે ઘોડિયા ઘરની સગવડ ઉભી કરવી જોઈએ. (૧૯૪૮નો ફેકટરી એકટ મુજબ)

(૧૯) પ્રસૂતા સ્ત્રીને શારીરિક શ્રમ પહોંચે તેવું કાર્ય કરાવવું નહિ. તેમજ તેને ૧૨ અઠવાડિયાની રજા આપવી. (૧૯૬૧માં આ કાનૂન અસ્તિત્વમાં આવ્યો)

(૨૦) કુટુંબો સાથે આવતા બાળકો ઉપર સ્થળાંતરની સૌથી ખરાબ અસર જોવા મળે છે. તેમની ભણવાની ઉંમરમાં સ્થળાંતરને કારણે શિક્ષણથી વંચિત રહી જવા પામે છે. આદિવાસી વિસ્તારમાં બાળકોનાં

શિક્ષણની અનેક યોજનાઓ અમલમાં હોવા છતાં અનેક કારણોસર બાળકો તેનો લાભ નથી લઈ શકતા. તો શહેરમાં સાથે આવતા બાળકો નિરક્ષર ન રહે તે માટે બાળ સંભાળ કેન્દ્રો, આંગણવાડી, બાલવાડી દ્વારા તેઓને શિક્ષણ સાથે જોડી શકાય. ઉપરાંત જે બાળકોએ શાળા છોડી છે. તેઓને બ્રિજકાર્ડ આપી જયાં જયાં સ્થળાંતર કરે છે ત્યાં નજીકની શાળામાં પ્રવેશ મેળવી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

(૨૧) સ્થળાંતરિત આદિવાસીઓ સાથે આવતા બાળકો માટે સરકારી પ્રાથમિક શાળા, વર્ગશાળા, બાલવાડીમાં મૂકી શકે તેવી વ્યવસ્થા પાછુ વતનમાં જાય ત્યારે તેને દાખલો મળવો જોઈએ.

(૨૨) સ્થળાંતરિત કરતાં આદિવાસીઓ સાથે શહેરમાં આવતાં બાળકો નિરક્ષર ન રહે તે માટે શહેરમાં બાળ સંભાળ કેન્દ્રો, આંગણવાડી, બાલવાડી દ્વારા બાળકોને પૂર્વ પ્રાથમિક શિક્ષણ સાથે જોડી શકાય. ઉપરાંત જે બાળકોએ શાળા છોડી છે. તેઓને 'બ્રિજકાર્ડ' આપીને જયાં જયાં સ્થળાંતર કરે ત્યાં ત્યાં નજીકની શાળામાં પ્રવેશ મેળવી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

(૨૩) આદિવાસી સમૂદાયમાં સ્થળાંતરનું પ્રમાણ વધુ હોવાથી તેમને કાયદાઓ હેઠળ રેનબસેરા, શિક્ષણ, આરોગ્ય વગેરેની સુવિધા મળે તેની ખાસ યોજના જાહેર કરી અમલી બનાવવી જોઈએ.

ઉપરોક્ત અભ્યાસમાં સ્થળાંતરિત શ્રમિકોનાં વસવાટનાં સ્થળે અને સ્થળાંતરિ સ્થળે દર્શાવેલ સૂચનોમાં સ્થળાંતરિત આદિવાસી કામદારોનાં અધિકારો માટેનાં ઉકેલો નીચે મુજબ દર્શાવેલ છે. (વિપુલ પંડ્યા 'બાંધકામ મઝદૂર સંગઠન' અમદાવાદ)

**સામાજિક સુરક્ષા તેમજ શોષણ અટકાવવાનાં સૂચનો :**

સ્થળાંતરિત આદિવાસીઓનું કામ દરમ્યાન કોઈપણ પ્રકારનું શોષણ ન થાય તે માટેનો ખાસ પ્રયત્નો કરવા જોઈએ અને તેઓને મજુર કાયદાઓનું રક્ષણ મળવું જોઈએ.

- ન્યુનતમ વેતન વધારો - ૧૯૪૮
- સામાન વેતન વધારો - ૧૯૩૬
- કોન્ટ્રાકટ લેબર એકટ -૧૯૩૦
- ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ-૧૯૯૬
- ધી ઈન્ટર સ્ટેટ માયગ્રન્ટ લેબર એકટ-૧૯૩૯

(૧) ઉપરોક્ત કાયદાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તો આદિવાસી શ્રમિકોનું શોષણ બંધ થઈ શકે છે. લઘુત્તમ વેતનધારાનાં ઉલ્લધંનનાં કિસ્સાઓમાં જયુડીસિયલ સત્તા આપીને મદદનીશ શ્રમ આયુક્તને કેસ ચલાવવાની ન્યાયીક ઉકેલ લાવવાની સત્તા મળવી જોઈએ.

(૨) ધી બિલ્ડીંગ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ-૧૯૯૬ અન્વયે એકત્રીત થયેલ કલ્યાણ ભંડોળનો મહત્તમ ઉપયોગ કરી સ્થળાંતરિત આદિવાસીઓની સામાજિક સુરક્ષા અને કલ્યાણ માટે કરવામાં આવે.

(૩) ઈન્ટરસ્ટેટ માયગ્રન્ટ વર્કસ એકટનો લાભ ઠેકેદાર કામદારોને બીજા રાજયમાંથી લાવ્યો હોય તોજ આ

કાયદો લાગુ પડે. કામદાર પોતે જાતે રોજગારી માટે સ્થળાંતર થાય તો આ કાયદાનો લાભ મળતો નથી. તો તે માટે હકારાત્મક રીતે વિચારવું જોઈએ.

(૪) કોન્ટ્રા લેબર એકટ ૧૯૩૦ અને ધી બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ ૧૯૯૬માં કામાદરોને કામનાં સ્થળે રહેઠાણ, પીવાનું પાણી, ન્હાવા-ધોવાની સગવડ, શૌચાલય, કેન્ટિન, ઘોડીયાઘરની સુવિધા આપવાની જોગવાઈ હોઈ ફરજિયાત પણે અમલ કરવા માટેનાં પગલાં લેવા જોઈએ.

(૫) એટ્રોસિટી એક્ટ સ્થળાંતરિત આદિવાસી શ્રમિકો ઉપર થતાં અત્યાચાર અને શોષણ અટકાવવા માટેનો અત્યંત અસરકારક કાયદો છે. જેનાં દ્વારા મળતા રક્ષણની જાણકારી શ્રમિકોને મળવી જોઈએ.

(૬) સ્થળાંતરિત આદિવાસીઓ પોલીસની કનડગતનો વારંવાર ભોગ બને છે. શહેરમાં ઘરફોડ ચોરી થાય ત્યારે પોલીસ અધિકારી તેમને અટકાયતમાં લે છે. તો તે માટે તેમને મળતો વ્યક્તિ સ્વાતંત્ર્યનો હક્ક છિનવાતો અટકાવવો જોઈએ.

(૭) બાંધકામ સિવાય અન્ય અસંગઠીત ક્ષેત્રોમાં કામ કરતાં શ્રમિકોની કામની સ્થિતિ સુધારવા, રોજગારીનું નિયમન કરવા તેમજ સામાજિક સુરક્ષા અંગે કાયદો બનાવવો જોઈએ.

**સ્થળાંતરિત બાંધકામ મજૂરોને મળવાપાત્ર લાભ :**

(૧) જયાં કામ ચાલતુ હશે ત્યાં ફરજિયાત નોંધણી થવી જોઈએ.

(૨) ઓછામાં ઓછા ૯૦ દિવસ કામ કરેલું હશે તો તેવા તમામને બિલ્ડંગ કે કામની સાઈટ પર ફરજિયાત ચોક્કસ સુવિધા આપવી પડશે.

(૩) અકસ્માતનાં કિસ્સામાં વળતર તેમજ મળવાપાત્ર સહાય પૂરી પાડવી પડશે.

(૪) દિવસનાં ૯ કલાકથી વધુ કામ લઈ શકાશે નહી. જો કલાકથી વધુ કામ લીધુ હશે તો તેમને બમણા દરે ઓવરટાઈમ ચૂકવવો પડશે.

(૫) સાઈટ પર મફત કામ ચલાઉ રહેઠાણ અને સલામતીનાં તમામ સાધનોનો લાભ આપવો પડશે. (ભાસ્કર ન્યૂઝ, ગાંધીનગર - ૯-૫-૦૮)

સરકારશ્રીની સહાય દ્વારા કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓએ સ્થળાંતરિતોનાં મૂળ વતનમાં સિઝનલ (ઋતુગત) છાત્રાલયોની વ્યવસ્થા ઉભી કરી છે. જેથી કરીને વાલીઓ જયારે વતનમાંથી સ્થળાંતર કરી અન્ય સ્થળે કમાણી અર્થે ગયા હોય ત્યારે તેમનાં બાળકો પોતાના ગામની શાળામાં રહી શકે અને ભણી શકે.

સ્થળાંતરિતો જયારે પોતાનું વતન છોડી જે સ્થળે જાય છે. ત્યાં પણ સહાય (સપોટ) શાળાઓ ઉભી કરવામાં આવી છે. સરકારશ્રી દ્વારા સ્થળાંતરિત જગ્યાએ 'માઈગ્રેશન કાર્ડ' ના આધારે બાળકને દાખલ કરવામાં આવે છે. જેથી કરીને બાળકનો ચાલુ અભ્યાસ સ્થગિત ન થાય. જે માટે કુલ ૨૯ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા એકંદરે ૮૧ સિઝનલ હોસ્ટેલ અને ૫૯ સહાય (સપોટ) શાળાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. (ધી ટાઈમ્સ ઓફ ઈન્ડીયા, ૩૦-૪-૨૦૦૮)

- જે વિસ્તારમાંથી આદિવાસી કુટુંબો સ્થળાંતર કરી મજૂરી માટે બહાર જાય છે તે કુટુંબોનાં બાળકોની યાદી

જે તે વિસ્તારની નજીકની આશ્રમશાળાઓ બનાવે અને અભ્યાસ કરવા લાયક તમામ બાળકોને તેમાં દાખલ કરી ભણાવે. આવા બાળકોનો બધોજ ખર્ચ જિલ્લા પ્રાથમિક શિક્ષણ કાર્યક્રમ (ડી.પી.ઈ.પી.યોજના) હેઠળ જો આવરી લેવામાં આવશે તો તેનું ચોક્કસ પરિણામ મળશે.

- સ્થળાંતરિત કુટુંબનાં બાળકો માટે જે તે વિસ્તારની નજીકની મ્યુનિસિપલ શાળાઓમાં ગમે તે વર્ષથી પ્રવેશ આપી ભણાવી શકાય. બાળકોને રહેવાની સવલત માટે શહેરમાં ચાલતા આદિવાસી છાત્રાલયોમાં વધારાની જગ્યાઓ ઊભી કરીને તેઓને છાત્રાલયનો લાભ આપી શકાય.
- આદિવાસી મહિલાઓને વ્યવસાયિક તાલીમ જેવી કે પેચવર્ક, શિવણકામ, ભરત-ગૂંથણકામ, રમકડાં બનાવવા, બ્યુટી પાર્લરના કોર્સ વગેરે શિક્ષણ સાથે તેમને ગમતા વ્યવસાયની તાલીમ આપવાનું આયોજન કરવું જોઈએ.

આજે સરકારશ્રી તરફથી મહિલાઓના કલ્યાણ અર્થે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. આ તમામ યોજનાઓનો લાભ જો આદિવાસી મહિલાઓને આપવામાં આવે તો તેમની આર્થિક પરિસ્થિતિ સાથે સાથે શૈક્ષણિક પરિસ્થિતિમાં સુધારો થઈ શકે.

કેટલાંક આદિવાસી વિસ્તારોમાં બિનસરકારી, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ સામાજિક કાર્યકરો આદિવાસી વિસ્તારમાં જઈને આદિવાસી મહિલાઓને તેમનાં જીવન વિકાસ અંગે માર્ગદર્શન પુરું પાડે તો મહિલાઓની ઘણી સમસ્યાઓનું નિરાકરણ લાવી શકાય.

વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા અંતર્ગત બેક ટુ સ્કુલ યોજના અને બ્રીજ કોર્ષ યોજનાની કાયમી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.

**બેક ટુ સ્કુલ યોજના :**

શાળા બહાર રહેતા ૬ થી ૧૪ વર્ષના બાળકોને શાળામાં લઈ આવવાની યોજના જેમાં,

(૧) શાળામાં કદી આવ્યાનથી તેવા બાળકો, (તદ્દન નિરક્ષર બાળકો)

(૨) શાળામાં આવ્યા પછી અધવચ્ચે શાળા છોડી જનાર બાળકો.

વર્ષ દરમ્યાન શાળામાંથી જે બાળકો શિક્ષણ અધૂરું છોડી ગયા છે તેમનાં નામો શાળામાંથી રદ કર્યા છે. તે બાળકોને આમાં સાંકળી વેકેશન સમય દરમ્યાન ૯૦ દિવસનું શિક્ષણ આપી, પરીક્ષા લઈ સફળ થતાં બાળકને પુનઃ પ્રવેશ આપવામાં આવે છે.

**બ્રીજકોર્ષ યોજના :**

આ યોજના દ્વારા બાળકો શાળામાં ડ્રોપઆઉટ થતા અટકશે અને સ્થાયીકરણ જાળવી શકાશે.

શાળામાં નોંધાયેલ બાળકોને શાળામાં જાળવી રાખવા માટે,

(અ) ગામમાં જ પણ શાળા બહાર શિક્ષણ

- વેકેશન કોર્ષ
- પ્રમોશન કોર્ષ
- મીડટર્મ કોર્ષ
- નાઈટ ક્લાસ

(બ) ગામની જ શાળામાં શિક્ષણ

- આશ્રમશાળામાં વધારાની સીટ
- કોમ્યુનિટી હોસ્ટેલ

ગામ બહાર તેમજ શાળા બહાર શિક્ષણ

- ફાર્મ સ્કૂલ
- ટેન્ટ સ્કૂલ
- અગરિયા શાળા
- મોબાઈલ સ્કૂલ

ગામ બહાર અન્ય શાળામાં શિક્ષણ

- આઈડેન્ટીટી કાર્ડ

આ યોજનાનાં ઉપરોક્ત કોઈપણ મોડેલ દ્વારા સ્થગિતતા નિવારી શકાય.

# સંદર્ભ સૂચિ


| | | |
|---|---|---|
| (૧) | પટેલ અર્જુન, દેસાઈ કિરણ | ગ્રામીણ ગુજરાતમાં શ્રમ સ્થળાંતર, સેન્ટર ફોર સોશિયલ સ્ટડિઝ, સુરત, ૧૯૯૨ |
| (૨) | પંડ્યા વિપુલ | સ્થળાંતરિત આદિવાસી કામદારો 'બાંધકામ' મજદૂર સંગઠન, ૨૦૦૬-૨૦૦૭ |
| (૩) | પટેલ ભીખાભાઈ | સ્થળાંતરિત આદિદાસીઓનાં પ્રશ્નો (એક સમાજશાસ્ત્રીય તપાસ), આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૧૯૯૧ |
| (૪) | પટેલ અરૂણભાઈ | શહેરી વિસ્તારમાં કામ કરતાં આદિવાસી બાળકો અને તેમનાં વિસ્તારમાં કામ સાથે શિક્ષણ મેળવી શકે તેનાં ઉપાયો સૂચવતો અભ્યાસ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ૨૦૦૦-૨૦૦૧ |
| (૫) | ડૉ. ચંદ્રકાંતભાઈ ઉપાધ્યાય | આદિવાસી સ્ત્રીઓ : યથાંસ્થિતિ (આર્ટીકલ) સમાજશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, ૨૦૦૭ |
| (૬) | પટેલ ભીખાભાઈ | આદિવાસીઓ : એક દ્રષ્ટિક્ષેપ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ૨૦૦૧ |
| (૭) | Shah Rajiv | Seasonal Migration Means hard work for end dept., The Times of India, 30-4-2008 |